

# અહાદીસ



### મરેલાઓને નેકીથી યાદ કરો

ઈસ્લામ હુકમ આપે છે કે મરેલાઓને નેકીની સાથે યાદ કરો અને તેમના માટે દુઆ કરો જેથી ખુદા તઆલા તેમને બક્ષી દે.

**'એક દિવસ રસૂલે અકરમ(સ.) એક જનાઝાની સાથે ચાલી રહ્યા હતા. આપે સાંભળ્યું કે કેટલાક લોકો એ મરેલા માણસની પ્રશંસા કરી રહ્યા છે અને કહી રહ્યા છે કે તે સારો માણસ હતો. આં હઝરત(સ.)એ ફરમાવ્યું : રબ્બે કાઅબાની કસમ! આ વ્યક્તિ પર જન્નત વાજિબ થઈ ગઈ કેમકે મોમિનોએ તેના સારાપણાની ગવાહી આપી છે અને ખુદા તઆલા તેમની ગવાહીને રદ કરતો નથી.'**

મુસ્લિમ મૃતદેહના સન્માનની રક્ષા થાય એટલા માટે ઈસ્લામ ધર્મ એવો હુકમ આપે છે કે ગુસલ આપનાર જો કદાચ તેના શરીરમાં કોઈ એબ અથવા ઊણપ જુએ તો તેણે કોઈને પણ તેની વાત ન કરવી જોઈએ.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જે મુસલમાન પોતાના ભાઈને ગુસલ આપે અને તેને મેલું ન છોડે અને તેના શરીરના ગુપ્ત અંગો તરફ દૃષ્ટિ ન ફેંકે અને તેના એબને જાહેર ન કરે અને ત્યાર બાદ તેના જનાઝામાં જાય અને તેના પર નમાઝ પઢે અને ત્યાર પછી બેસી જાય ત્યાં સુધી કે તેને કબરમાં દફન કરવામાં આવે તો તે પોતાના ગુનાહોથી પાક થઈ જાય છે.'**

છેવટે ઈસ્લામ ધર્મ એવી દરેક બાબતની મનાઈ ફરમાવે છે કે જે મડદાંના સન્માનની વિરૂધ્ધ હોય.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જો હું ગરમ રેતી પર અથવા સળગતી આગ પર ચાલુ અથવા તલવારની ધાર પર મારો પગ મૂકું તો આ બધી બાબતોને હું એનાથી વધારે પસંદ કરું છું કે કોઈ મુસલમાનની કબર ઉપરથી હું પસાર થાઉં.'**

વળી આપ ફરમાવે છે :

**'ખુદા તઆલાએ કેટલીક બાબતો મારી ઉમ્મત માટે અપ્રિય ગણી છે તેમાંથી એક એ છે કે તે કબ્રસ્તાનમાં અથવા કબરોની વચ્ચે (જઈને) હસે.'**

તેથી તો ઈસ્લામ ધર્મ એવો હુકમ આપે છે કે મુસલમાન કોઈ કોઈ વાર કબરો પાસે જાય અને મરેલાઓને યાદ કરે અને તેમની મગ્ફેરતનો તલબગાર બને.

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'એક મુસલમાનના બીજા મુસલમાન પર જે અધિકારો છે તેમાંથી એક એ છે કે તેની કબરની ઝિયારત કરે.'** *


**રાજન સ્ટીલ**

**પ્રિપ્રિન્ટેડ કલર કોટીંગ પતરાં**
**દરેક સાઈઝ મુજબ કટીંગ**
**આપવામાં આવશે.**

**૯૮૨૫૫ ૬૦૬૨૩**
**૯૮૨૫૯ ૭૬૭૮૪**
**અસગરભાઈ (કેસીમ્પાવાળા)**

**જયંત એસ્ટેટ, એકતા હોટલ સામે,**
**સરખેજ, અમદાવાદ.**

# આરોગ્યની સાચવણી

**'Prevention is better than cure.'**

## ગર્ભાવસ્થા

(ગતાંકનું ચાલુ)

આ ઉપરાંત આવા સમયે તથા રોજિંદી જિંદગીમાં પણ ચા, કોફી, ઠંડાં પીણાં, ચોકલેટની વધુ પડતી માત્રા ટાળવી જોઈએ અથવા આવાં પીણાં કે વસ્તુ ઓછી લેવાની આદત પાડવી જોઈએ કારણ કે ઉપરોક્ત વસ્તુઓમાં કેફીન અને તેના જેવું જ રેનીજ ઍસિડ રહેલું હોય છે જે પાચનક્રિયાને બગાડતું હોય છે. કેફીનથી પેશાબ વધુ પ્રમાણમાં થાય છે જેથી શરીરના ક્ષાર, વિટામીન, લોહતત્વ અને કેલ્શિયમના ઘટાડાનું કારણ બને છે. તેથી ચિંતા, પેટમાં બળતરા અને ઊંઘ ન આવવાનું કારણ બની શકે. એમાં પણ આ ચા/કોફી વધુ ઉકાળવામાં આવે તો વધુ નુકસાન કરતી હોય છે.

હવે ગર્ભાવસ્થા દરમિયાન વજન કેટલું હોય તે વિષે વિચારી લઈએ. ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીએ કેટલું વજન વધારવું જોઈએ અથવા તો વધે તો ચાલે કે ન ચાલે અથવા વજન ઓછું હોય તો શું થાય? આ બાબતે સંશોધનો વિવાદાસ્પદ અથવા તો હાસ્યાસ્પદ રહેલાં છે. આ બાબતે મેડીકલ સાયન્સનાં તારણો બદલાતાં રહેતાં હોય છે, જેમકે અગાઉ ૯ થી ૧૦ કિ.ગ્રા. વજન વધે તો વાંધો ન આવે તેમ કહેવાતું હતું પરંતુ છેલ્લા સંશોધન મુજબ ૧૨.૫ થી ૧૩ કિ.ગ્રા. વજન વધારો યોગ્ય ગણાય તેવું રિસર્ચમાં જણાઈ આવ્યું છે. આ બાબતે ખાસ જાણવું રહ્યું કે અમુક સ્ત્રીઓના બાંધા જ એવા હોય છે કે અચાનક જ વજન વધારો પામી શકે. એટલે આવા બાંધાવાળી સ્ત્રીઓએ ખાસ ધ્યાન રાખવું કે વજન ધીમે ધીમે વધે. પરંતુ ગર્ભાવસ્થા દરમિયાન ડાય્એટિંગ કરવું એ યોગ્ય બાબત નથી કારણ કે તેનાથી આવનાર બાળકને નુકસાન થઈ શકે છે. જો આવા સમયે અમુક વજન વધે તો ખાસ વાંધો નથી કેમકે ઉદરમાં વિકસી રહેલ બાળકના વિકાસ માટે જરૂરી છે. વધેલો બધો જ વજન સ્ત્રીના ભાગે આવવાનો નથી પરંતુ બાળકના પોષણ માટે પણ વપરાવો જ રહ્યો અને બાળકના જન્મ પછી ધાવણ માટે કોષોમાં રહેલી ચરબી ઓગળવાની છે.

ગર્ભાવસ્થામાં ગર્ભ અને નાળનું વજન અંદાજીત ૫ કિ.ગ્રા., પાણી ૧ થી ૫૦૦ ગ્રામ, ગર્ભાશય ૫૦૦ ગ્રામ થી ૧ કિ.ગ્રા., સ્તનનું વજન ૧ કિ.ગ્રા. તથા ચરબી ૪ થી ૫ કિ.ગ્રા. જેટલી એટલે કે ૧૩ થી ૧૩.૫ કિગ્રા. વજન વધારો સામાન્ય પણે થતો હોય છે.

ઉપરોક્ત વજન વધારો સામાન્ય રીતે પ્રથમ ૩ મહિનામાં ખાસ થતો નથી પરંતુ ૩ થી ૫ મહિનામાં ૨૫% , ૫ થી ૭ મહિનામાં ૫૦% અને ૭ થી ૯ મહિનામાં ૨૫% વજન વધતું હોય છે.

ગર્ભાવસ્થા દરમિયાન માતા તથા બાળક બન્ને માટે કસરત ખૂબ જ જરૂરી હોય છે. આપણા સમાજને અનુલક્ષીને વાત કરીએ તો ખેતીનો વ્યવસાય ન કરતી અથવા ખેતી કામ છોડી દીધેલ હોય તેવી સ્ત્રીઓ કસરત બાબતે ખૂબ જ આળસુ અથવા તો અજ્ઞાત છે. આવા સમયે કસરત બાબતે પણ ડૉક્ટરોના અભિપ્રાયોમાં વિભન્નતા જોવા મળે છે. પરંતુ એક સામાન્ય મત એવો જણાઈ આવે છે કે હળવી કસરત, ખુલ્લા વાતાવરણમાં ફરવું, ચાલવું, પગની તકલીફ ન હોય તો સીડી ચડવી, આવી કસરતો ખૂબ જ ફાયદાકારક છે.

આજના જમાનામાં બી.પી., સોજા આવવા વગેરે ફરિયાદો સામાન્ય થઈ ગયેલ છે. આવી તકલીફવાળી સ્ત્રીઓએ ડૉક્ટરની સલાહ વગર અથવા પોતાની શારીરિક બાબતોને સમજ્યા વગર ભારે કસરતો કરવી ન જોઈએ. (ક્રમશઃ)

(મોમિન મેડીકલ સહાય યોજનાના નિષ્ણાત ડૉક્ટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે)
સંપર્ક માટે : મો.શબ્બીરભાઈ નેદરીયા મો.૯૮૨૫૪૧૫૩૨૯

# અલ્લાહની શાન

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન
જાફરી બાવા સાહેબ(મદ્દે.)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

**'અલ્લાહની આ શાન નથી (શોભતું નથી) કે કોઈ કોમને હિદાયત કર્યા પછી તેને ગુમરાહ કરે જ્યાં સુધી કે તેમના પર (આ) ખુલ્લું કરી ન નાખે કે તેમણે કઈ કઈ વસ્તુથી બચવું જોઈએ, બેશક અલ્લાહ દરેક વસ્તુથી સારી પેઠે વાકેફ છે.'**

(પારા-૧૧, સૂરા-૯, આયત-૧૧૫)

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહની એ શાન છે કે કોઈ કોમને હિદાયત કર્યા પછી ગુમરાહ કરતો નથી, પરંતુ અલ્લાહ પોતે જ પારા-૭, સૂરા-૬, આયત-૧૦૪માં ફરમાવે છે કે માણસોની દૃષ્ટિ મર્યાદા તેના સુધી પહોંચી શકતી નથી જ્યારે કે તે (પ્રત્યેક) દૃષ્ટિને નિહાળે છે. તે અત્યંત સુક્ષ્મદર્શી અને ખબરદાર છે.

આના ઉપરથી જાણવા મળ્યું કે કોઈ પણ કોમ કે જે હિદાયત મેળવે કે ગુમરાહ થાય તે અલ્લાહને જોઈ શકવાની નથી. તો પછી ખબર કેવી રીતે પડે કે મને હિદાયત કરનાર અલ્લાહ છે ? સાબિત થયું કે અલ્લાહ એવા માધ્યમથી હિદાયત કરશે કે જેને જોઈ પણ શકાય, સાંભળી પણ શકાય. એ માધ્યમ છે નબીઓ અને ઈમામો.

અલ્લાહ તઆલા ફરમાવે છે :

**'તેણે તમારા માટે એ જ ધર્મ નક્કી કર્યો છે કે જેની તેણે નૂહને આજ્ઞા કરી હતી અને જે અમોએ તારી તરફ વહી દ્વારા મોકલ્યો છે અને જેની અમોએ ઈબ્રાહીમ તથા મૂસા તથા ઈસાને પણ (પાળવાની) આજ્ઞા કરી હતી કે દીનને કાયમ રાખો અને તેના સંબંધમાં મતભેદમાં ન વહેંચાઈ જાઓ જે ધર્મ તરફ તું મુશરિકોને બોલાવે છે તે તેમના માટે અત્યંત ભારે થઈ પડ્યો છે અલ્લાહ જેને ચાહે છે તેને પોતાના માટે ચૂંટી કાઢે છે અને જે તેની તરફ વારંવાર રજૂ થાય છે તેને પોતાના તરફનો સન્માર્ગ દેખાડે છે.'**

(પારા-૨૫, સૂરા-૪૨, આયત-૧૩)

આ આયત પ્રમાણે તો દરેક નબીને એક જ ધર્મની આજ્ઞા આપીને મોકલ્યા હતા. જુદા જુદા જમાનામાં એક જ ધર્મને પહોંચાડવામાં આવ્યો છે.

**'અને અમોએ કોઈ(કોમમાં કોઈ) રસૂલ નથી મોકલ્યો પણ તેની કોમની ભાષામાં વાતો કરનાર મોકલ્યો છે જેથી તે તેમને ભાવાર્થ સ્પષ્ટ કરીને સમજાવી શકે. પછી અલ્લાહ જેને ચાહે છે ગુમરાહ રહેવા દે છે અને જેને ચાહે છે હિદાયત કરે છે અને જબરદસ્ત હિકમતવાળો છે.'**

(પારા-૧૩, સૂરા-૧૪, આયત-૪)

આ આયતથી જાણવા મળ્યું કે દરેક નબીએ જુદા જુદા જમાનામાં લોકોની ભાષાઓમાં અલ્લાહના દીનને સમજાવ્યો છે. ભાષાઓ જુદી જુદી પરંતુ ધર્મ તો એક જ હતો.

અલ્લાહ તઆલા ફરમાવે છે :

**'અને ખરે જ અમોએ તારી પૂર્વે ઘણા ય રસૂલો મોકલ્યા હતા તેઓ માંહેના કેટલાકોના કિસ્સા અમોએ તને વર્ણવી દીધા છે અને તેઓ માંહેના કેટલાકોના કિસ્સા અમોએ (હજુ) વર્ણવ્યા નથી અને કોઈ રસૂલની મજાલ નથી કે તે**

**અલ્લાહના હુકમ સિવાય કોઈ મોઅજિઝો લાવી દેખાડે માટે જ્યારે અલ્લાહનો હુકમ આવી જશે ત્યારે યોગ્ય નિર્ણય કરી દેવામાં આવશે અને તે વેળા (સત્ય ધર્મને) અસત્ય માનનારા નુકસાનમાં જ રહેશે.'** (પારા-૨૫, સૂરા-૪૦, આયત-૭૮)

આ આયતથી જાણવા મળ્યું કે જ્યારે જરૂર પડે છે ત્યારે અલ્લાહના હુકમથી પયગમ્બર મોઅજિઝો દેખાડે છે. પયગમ્બરને મોઅજિઝો એટલા માટે આપવામાં આવે છે કે અલ્લાહ બતાવવા માગે છે કે આ વ્યક્તિ મારા તરફથી છે. જે સંદેશો પહોંચાડે છે તે મારા તરફથી પહોંચાડે છે. કેમકે પારા-૧૫, સૂરા-૧૭, આયત-૯૪ પ્રમાણે લોકોને જ્યારે તેમની પાસે હિદાયત આવી ચૂકી (છતાં) ઈમાન લાવતાં કોઈ વસ્તુએ રોક્યા નથી સિવાય કે તેમણે કહી દીધું કે શું અલ્લાહે એક મનુષ્યને અમારા રસૂલ તરીકે મોકલ્યા છે ?

આવી રીતે લોકોને ઈન્કાર કરવાનો મોકો ન મળે એટલા માટે તેમને મોઅજિઝા આપવામાં આવે છે કે આ નબી તમારા જેવો નથી, તમારામાં અને નબીમાં ફરક છે.

પારા-૧૪, સૂરા-૧૫, આયત-૨૮ થી ૨૯ની આયત પ્રમાણે અલ્લાહે બધા ફરિશ્તાઓને કહ્યું કે નિઃસંશય હું એક મનુષ્ય ખણખણતા કાળા સડેલા કીચડમાંથી પેદા કરનાર છું. પછી જ્યારે હું તેને પૂરેપૂરો બનાવી ચૂકું અને મારા તરફથી તેમાં રૂહ ફૂંકી દઉં તો તમે તેની સામે સિજદામાં પડી જજો.

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહે પોતાના નબીને સડેલી માટીમાંથી બનાવ્યા અને તેમની તા'ઝીમ ખાતર ફરિશ્તાઓને તેમને સિજદો કરવાનો હુકમ આપ્યો. અલ્લાહનો નબી ફરિશ્તાઓમાં પણ આદરણીય હોય છે.

પારા-૩, સૂરા-૩, આયત-૮૦-૮૧માં અલ્લાહ ફરમાવે છે :

**'અને તે સમયને યાદ કરો કે જ્યારે અલ્લાહે પયગમ્બરોની પાસેથી વચન લીધું કે હું તમને કિતાબ તથા હિકમત જરૂર આપીશ પછી એક રસૂલ તમારી પાસેથી વસ્તુઓનું સમર્થન આપતો આવે તો તમે જરૂર જરૂર તેના પર ઈમાન લાવજો અને જરૂર જરૂર મદદ કરજો.'**

આ આયતમાં દરેક નબી પાસેથી વચન લેવામાં આવ્યું કે હઝરત મોહંમદ(સ.અ.વ.) પર ઈમાન લાવજો. તેમની જરૂર જરૂર મદદ કરજો. આથી સાબિત થયું કે દુનિયામાં આવ્યા પછી તેઓ નબી નથી બન્યા પરંતુ જન્મ પહેલાં જ બધા નબી હતા.

પારા-૧૧, સૂરા-૯, આયત-૧૨૮

**'હે લોકો ! ખચીત જ તમારી પાસે તમારામાંથી જ એક રસૂલ આવ્યો છે, તમારું કષ્ટ તેને ભારે (આઘાત પહોંચાડનારું) થઈ પડે છે. તમારા કલ્યાણ માટે ઘણો જ આતુર રહે છે અને મોમિનો માટે ઘણો નરમદિલ અને દયાળુ છે.'**

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

૧૬

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبِّ اغْفِرْ لِيْ وَلِاَخِيْ وَاَدْخِلْنَا فِيْ رَحْمَتِكَ ۖ وَاَنْتَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ﴿١٥١﴾

**રબ્બિગ્ફિરલી વલે અખી વ અદખિલ્ના ફી રહમતેક વ અન્ત અરહમુર રાહેમીન.**

(પારો-૯, સૂરએ અઅરાફ, આયત-૧૫૧)

અર્થ : અય અમારા પરવરદિગાર ! તું મને અને મારા ભાઈને માફ કરી દે અને અમને બન્નેને તારી રહેમતમાં દાખલ કરી દે અને તું જ ઉત્તમ રહેમત કરનારો છે. *

રસૂલ(સ.અ.વ.) પોતાની ઉમ્મતનું દુઃખ જોઈ શકતા ન હતા તેમની ભલાઈ માટે હંમેશાં આતુર રહેતા. આપ નરમ દિલ અને દયાળુ હતા.

**'હે રસૂલ ! તું પણ એવી જ ધીરજ ધર જેવી કે રસૂલોમાંથી ઉલીલ અઝમ (મહા હિંમતવાળા) રસૂલોએ ધરી હતી અને તેમના માટે (અઝાબની) ઉતાવળ ન કર.'**

(પારા-૨૬, સૂરા-૪૬, આયત-૩૫)

બધા જ પયગમ્બરો સાબિર હતા. પોતાની કોમ તરફથી જે તકલીફો પડતી હતી તે સહન કરતા હતા. આ આયતોથી જાણવા મળ્યું કે અલ્લાહ તરફના પયગમ્બરો જુદા જુદા જમાનામાં એક જ ધર્મના પ્રચાર માટે આવ્યા. દરેક નબી પોતાની કોમની ભાષામાં ધર્મને સ્પષ્ટ રીતે સમજાવતા લોકો તરફથી જે તકલીફ પડતી તે સહન કરીને પણ પ્રચાર કરતા જેમકે નૂહ(અ.)ને લોકો એટલા બધા પથ્થરો મારતા કે તેઓ પથ્થર નીચે દટાઈ જતા હતા. તેમ છતાં તેમણે પોતાના ધર્મ પ્રચારને રોક્યો નહીં. લોકો સુધી પહોંચાડ્યો. દરેક પયગમ્બર અલ્લાહ તરફ રૂજૂઅ કરનાર (ધ્યાન આપનાર) હતા, દયાળુ હતા, જાલિમ નહોતા, અલ્લાહના હુકમથી મોઅજિઝા બતાવનાર હતા. ખણખણ બોલતી માટીમાંથી બનેલા હતા. ફરિશ્તા તેમની તા'ઝીમ કરતા હતા. દરેક પયગમ્બર પોત પોતાના જમાનાના લોકોને રસૂલ(સ.અ.વ.)ની બશારત આપતા અને તેમના પર ઈમાન લાવવાનું કહેતા કેમકે દરેક નબી પાસેથી રોઝે મિસાકમાં વચન લેવામાં આવ્યું હતું.

હવે ઈમામ વિષે જોઈએ :

પારા-૧, સૂરા-૨, આયત-૧૨૪

**'અને તે સમયને યાદ કરો કે જયારે ઈબ્રાહીમની તેના પરવરદિગારે કેટલીક વાતોમાં પરીક્ષા લીધી અને ઈબ્રાહીમ તેમાં પૂરો ઊતર્યો. અલ્લાહે ફરમાવ્યું કે નિઃસંશય હું તને મનુષ્ય માત્રનો ઈમામ બનાવનાર છું. ઈબ્રાહીમે અરજ કરી, અને મારી ઓલાદમાંથી પણ ? અલ્લાહે ફરમાવ્યું, જે જાલિમ હશે તે મારા આ વચનમાં શામેલ નથી.'**

આ આયત ઉપરથી જાણવા મળ્યું કે ઈબ્રાહીમ(અ.) જેવા પયગમ્બરની પણ પરીક્ષા લીધી અને તેઓ તેમાં પૂરા ઊતર્યા તો અલ્લાહે ઈમામ બનાવ્યા. ઈમામનો દરજ્જો નબી કરતાં પણ મહાન છે. વળી એ જાલિમને મળતો નથી ભલેને એ ઈબ્રાહીમ(અ.)ની ઓલાદમાં પણ કેમ ન હોય. તો જાણવા મળ્યું કે જે ઈમામ છે તે જાલિમ નથી, સાબિર છે, માસૂમ છે.

હવે આપણે રસૂલ(સ.)ની ખલ્કત કેવી રીતે થઈ તે હદીસ દ્વારા જાણીએ :

સનદુલ મવર્રખીન અલ્લામા મસઉદીએ તારીખુલ મરૂવજ ઝરબ વ મઆવુલ જવાહિરમાં હઝરત અલી(અ.)થી રિવાયત કરી છે કે હક તઆલાએ આસમાન જમીનના સર્જન પહેલાં પોતાના નૂરથી એક નૂરને જુદું કર્યું અને તેનાથી મોહંમદ(સ.)નું સર્જન કર્યું અને તેમને ફરમાવ્યું, તું મારો મુખ્તાર, પસંદ થયેલો અને મારા નૂર અને હિદાયતના ખજાનાનો અમીન છે. તારા જ કારણે જમીનને પાથરી, પાણીને વહાવ્યું, આકાશને ઊંચાઈ આપી અને સવાબ અઝાબ અને જન્નત અને આગને નક્કી કરીશ. અને તારી એહલેબયતને હિદાયતના માટે કાયમ કરીશ. તેમને એવું જ્ઞાન આપીશ કે તેમના પર ઝીણામાં ઝીણી વસ્તુ પણ શંકાશીલ નહીં રહે અને કોઈ છૂપું કાર્ય તેમને લાચાર નહીં કરે અને હું તેમને મારી મખ્લૂકાત પર હુજ્જત બનાવીશ અને તેઓ મારી કુદરત અને

વહેદાનિયતથી લોકોને જાણ કરનાર હશે.

હઝરત અલી વિષે રસૂલિલ્લાહ(સ.) ફરમાવે છે કે **અના વ અલી મિન નૂરે વાહિદ.** હું અને અલી એક જ નૂરમાંથી છીએ. ઈમામ હુસૈન(અ.) વિષે હઝરત રસૂલ(સ.) ફરમાવે છે **હુસૈનુમ મિન્ની વ અના મિનલ હુસૈન.** હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. દરેક ઈમામ વિષે રસૂલ(સ.) ફરમાવે છે : **અવ્વલના મોહંમદ, અવસતના મોહંમદ, આખેરોના વ કુલ્લોના મોહંમદ.** મારો પહેલો પણ મોહંમદ છે, વચલો પણ મોહંમદ છે અને બધા જ મોહંમદ છે. એટલે કે મોહંમદ વ આલે મોહંમદ નૂરાની ખલ્કત છે. તેમનું નૂરથી સર્જન થયું છે.

તો હવે આપણે વિચારીએ કે આપણે ખણખણ બોલતી સડેલી માટી કે જેનો શેતાને તિરસ્કાર કર્યો હતો તેવી માટીમાંથી બનેલા પયગમ્બરની બરાબરી ન તો અખ્લાકમાં કરી શકીએ કે ન ઈલ્મમાં કરી શકીએ કે ન સબરમાં કરી શકીએ કે ન શક્તિમાં કરી શકીએ કે ન દૃષ્ટિમાં કરી શકીએ. તો પછી જે બંદાઓને અલ્લાહે પોતાના નૂરથી સર્જ્યા હોય તેમને આપણા જેવા કેવી રીતે ગણી શકીએ ? માટીમાંથી બનેલા પયગમ્બરની આગળ તો ફરિશ્તા પણ સિજદામાં પડી જાય છે, અલ્લાહના હુકમથી. તો જે નૂરાની મોહંમદ વ આલે મોહંમદ હોય તેમને આપણે આપણા જેવા તુચ્છ સમજીને અપમાન કરીએ તો અલ્લાહ આપણા પર શયતાન કરતાં વધારે લાઅનત કરશે અને નારાજ થશે.

રસૂલ(સ.) તો એક રાતમાં મેઅરાજ કરીને આવ્યા અને જ્યાં જિબ્રઈલ ન પહોંચી શક્યા તેનાથી ય આગળ આપ નીકળી ગયા. આપના અખ્લાકને **લઅલા ખુલ્કે અઝીમ** કહ્યા. અલ્લાહ ખુદ જેને મહાન અખ્લાકવાળા કહેતો હોય. હઝરત અલી(અ.) માટે આસમાનથી તલવાર આવી જેમના માટે કહેવામાં આવતું હોય કે **લાફતા ઈલ્લા અલી લા સૈફ ઈલ્લા ઝુલ્ફિકાર.** અલી જેવો કોઈ શૂરવીર નથી અને ઝુલ્ફિકાર જેવી કોઈ તલવાર નથી. તેમની સરખામણીમાં આપણી શક્તિ, ઈલ્મ, બહાદુરી ક્યાંથી આવી શકે ?

આવા મહાન રસૂલ(સ.) એ એમના પહેલાંના નબીઓથી જે દીન તેમને પહોંચાડ્યો તે આપણા સુધી તકલીફો ઉપાડીને પહોંચાડ્યો અને પોતાની કુરબાની આપીને એ દીનને સાચવ્યો. કરબલાનામેદાનમાં યઝીદીઓ ઈચ્છી રહ્યા હતા કે ઈમામ હુસૈનની નસલ બાકી ન રહે પરંતુ આ અલ્લાહની શાન હતી કે તેણે યઝીદીઓના જુલ્મથી ઈમામ હુસૈનના વંશને બચાવ્યો અને બારમા ઈમામ સુધી દરેક ઈમામની તેમના દુશ્મનોથી હિફાઝત કરી.

હવે આપણે માનવ સ્વભાવ વિષે આયતો જોઈએ:

પારા-૧૧, સૂરા-૧૦, આયત-૧૨

**'અને માણસ માત્ર પર જ્યારે કોઈ મુસીબત પડશે ત્યારે અમને પડ્યા પડ્યા અથવા બેઠા બેઠા અથવા ઊભા ઊભા પોકારવા લાગે છે પછી જ્યારે અમે તેમની મુસીબત ટાળી દઈએ છીએ ત્યારે તે પાછી પોતાની પહેલાંની જ ચાલ ચાલવા માંડે છે જાણે કે તેણે પોતાના પર પડેલી મુસીબત ટાળવા માટે અમારી પાસે યાચના કરી જ ન હતી.'**

પારા-૧૨, સૂરા-૧૧, આયત-૯ થી ૧૧

**'અને અગર અમે ઈન્સાનને અમારા તરફની રહેમતની મજા ચખાડીએ છીએ અને પછી તેનાથી ખૂંચવી લઈએ છીએ ત્યારે નિઃસંશય તે ઘણો હતાશ અને કૃતઘ્ન બની જાય છે અને અગર તેના પર (કોઈ) આપત્તિ વીતી ચૂકી હોય તે બાદ (સારી સારી) નેઅમતોની મજા ચખાડીએ ત્યારે ખચીત જ કહી ઊઠશે કે હવે મારી (સઘળી) મુસીબતો**

**ટળી ગઈ કારણ કે તે (ઈન્સાન) નિઃસંશય ઘણો જ (જલ્દી) ખુશ થઈ જનાર અને શેખીખોર છે, સિવાય તે લોકો કે જે ધીરજવંત રહે છે અને સત્કાર્યો કરે છે તેમના જ માટે ગુનાહોની માફી છે અને ઘણો મોટો બદલો પણ.'**

પારા-૧૫, સૂરા-૧૭, આયત-૧૧

**'અને ઈન્સાન બૂરી વસ્તુઓ માટે પણ એવી દુઆ માગે છે જેવી કે સારી વસ્તુઓ માટે અને ઈન્સાન અતિ ઉતાવળિયો છે.'**

પારા-૧૫, સૂરા-૧૮, આયત-૫૪

**'અને ખરે જ અમોએ મનુષ્ય માત્રના હિત કાજે આ કુરઆનમાં જાત જાતના દાખલા સ્પષ્ટ કરીને વર્ણવ્યા છે અને મનુષ્ય દરેક વસ્તુ કરતાં વધુ ઝઘડાખોર છે.'**

ઉપરની આયતોથી જાણવા મળ્યું કે સામાન્ય રીતે માણસ ઉપકારને ભૂલી જનાર, જલ્દી ખુશ થઈ જનાર શેખીખોર ઉતાવળિયો અને ઝઘડાખોર છે માટે જ પારા-૨૦, સૂરા-૨૮, આયત-૬૮માં ફરમાવે છે કે -

**'તમારો પરવરદિગાર જે ચાહે છે પેદા કરે છે અને જેને ચાહે છે ચૂંટી કાઢે છે અને ચૂંટવાનો અધિકાર લોકોને આપવામાં આવ્યો નથી.'** કારણ કે દીન અલ્લાહનો છે માટે તેના હુકમોને પહોંચાડવાનું કામ પણ પોતાના પસંદ થયેલા બંદાઓથી જ કરશે. આપણે શું સમજી શકીએ કે આ આયતમાં અલ્લાહ શું કહેવા માગે છે. આપણને તો અમુક વાત સમજમાં આવે અને અમુક વાત સમજમાં ન આવે તો ઈન્કાર કરી બેસીએ. માટે અલ્લાહના દીનને અલ્લાહના પસંદ થયેલા બંદાઓ પાસેથી લઈશું તો જ આપણને જેવો અલ્લાહ ઈચ્છે છે તેવો દીન મળશે, નહિતર જો આપણે અલ્લાહના દીનને લોકોએ પસંદ કરેલા લોકો પાસેથી લઈશું તો કદાચ કોઈ ઉતાવળિયો હોય તો તેમાં પોતાના ખોટા અર્થો કરી બેસશે. કોઈ ઝઘડાખોર તેમાંથી ફસાદ પેદા કરશે. કોઈ બેવકૂફ તેમાંથી ખોટો અર્થ તારવશે.

માટે આ અલ્લાહની શાન છે કે તેણે પોતાના પયગમ્બરો અને ઈમામો જેવા પોતાના પસંદ થયેલા બંદાઓ દ્વારા દીનને મોકલ્યો છે કે જે કદી પણ લોકોને ગુમરાહ નહીં કરે પરંતુ હિદાયત જ કરતા રહેશે.

હવે તમારી મોમિન કોમની વાત કરી લઈએ. તમારી હિદાયત અલ્લાહે ન તો પયગમ્બરથી કરી કે ન તો ઈમામથી કરી પરંતુ તમારી હિદાયત અલ્લાહે પીરથી કરી. આ પણ અલ્લાહની શાન છે.

અલ્લાહે પોતાના દીનને મોહંમદ વ આલે મોહંમદ દ્વારા લોકો સુધી પહોંચાડ્યો. દીનને પહોંચાડનાર રસૂલ(સ.) અને દીનને બચાવનાર, સુરક્ષિત રાખનાર એહલેબયત. એનો અર્થ એ થયો કે પીરનો સંબંધ મોહંમદ વ આલે મોહંમદથી હોવો જોઈએ તો જ તેનાથી હિદાયત શક્ય છે. જો મોહંમદ વ આલે મોહંમદ અને પીરનો કોઈ સંબંધ ન હોય, બન્નેમાં પૂર્વ અને પશ્ચિમનો ફેર હોય તો પીરથી હિદાયત ન થઈ શકે પરંતુ ગુમરાહી જ મળે.

જાણવા મળ્યું કે અલ્લાહે પીરનો રૂહાની સંબંધ મોહંમદ વ આલે મોહંમદથી જોડી દીધો છે માટે જ તે પીર થયો છે. આપણે જોઈ ગયા કે મોહંમદ વ આલે મોહંમદના પહેલાંના પયગમ્બરોથી અલ્લાહે મિસાકના દિવસે રસૂલની મદદ કરવાનું વચન લીધું હતું. પછી તેમને દુનિયામાં મોકલ્યા હતા. પયગમ્બરોનો સંબંધ પણ મોહંમદ વ આલે મોહંમદથી જોડાયેલો છે માટે જ તેઓ પયગમ્બર થયા. એવી જ રીતે મોહંમદ વ આલે મોહંમદના પછીના જમાનામાં પણ મોહંમદ વ આલે મોહંમદથી રૂહાની સંબંધથી જોડાયેલા એવા પીરથી જ હિદાયત કરી. તેની સાબિતી જોઈતી હોય તો

પીર કબીરૂદ્દીન બાવા(રહે.)ના ચહેરા તરફ તમે જોઈને કલમો પઢ્યો અને તમારી હિદાયત થઈ. ચહેરો પીરનો જોયો અને **લાઈલાહા ઈલ્લલ્લાહ મોહંમદુર્રસૂલિલ્લાહ અલીયુન વલીઉલ્લાહ વ વસીયો રસૂલિલ્લાહ.** પઢ્યા. પીરનો ચહેરો જોઈને તમારે પીરનો કલમો પઢવો જોઈતો હતો પરંતુ તમે તો અલ્લાહ, મોહંમદ(સ.), અલી(અ.)નો કલમો પઢ્યા. એ જ બતાવી આપે છે કે પીરનો રૂહાની સંબંધ અલ્લાહ, મોહંમદ(સ.) અને અલી(અ.)થી છે. માટે જ પીર હિદાયત કરે છે બધા નબીઓ પોતાના જમાનાના લોકોને મોહંમદ વ આલે મોહંમદની હકીકતથી વાકેફ કરાવતા હતા. **આસારે હૈદરી** અગિયારમા ઈમામની તફસીર દ્વારા જાણવા મળે છે કે તૌરેત, ઈન્જિલ, વગેરે કિતાબોમાં પણ મોહંમદ વ આલે મોહંમદનો ઝિક્ર આવેલો છે.

એવી જ રીતે પીરોએ પણ પોતપોતાના જમાનાના મુરીદોને મોહંમદ વ આલે મોહંમદના ફઝાઈલ અને મસાએબ પહોંચાડ્યા છે. તેનું ઉદાહરણ જાઈતું હોય તો પીર મશાયખ(રહે.) કે જે ઔરંગઝેબ જેવા જાલિમ બાદશાહના જમાનામાં હતા કે જેણે પોતાના બાપને કેદ કર્યો હતો અને ભાઈઓની આંખો ફોડી નાખી હતી, એ જમાનામાં મોહંમદ વ આલે મોહંમદનું નામ લેવું પણ મુશ્કેલ હતું તેવા સમયમાં પોતાના મુરીદો માટે **મકતુલનામા** લખીને એહલેબયતના ફઝાઈલ અને મસાએબ જાહેર કરીને મુરીદોને વાકેફ કર્યા. આજ સુધી મુરીદો દર વર્ષે મોહર્રમમાં તેમાંથી મજલિસો પઢે છે અને એહલેબયતને યાદ કરે છે.

પીર મશાયખ બાવા(રહે.)એ કહ્યું છે તેમ **મહેંદી સુધી આ પંથ સર કરો જી.** બારમા ઈમામ સુધી આ પંથ રહેશે એનો અર્થ બારમા ઈમામના જમાના સુધી પીર દ્વારા તમારી કોમની હિદાયત થતી રહેશે. તેનો અર્થ એ કે આ અલ્લાહની શાન છે કે તમને પીરથી હિદાયત કરીને ગુમરાહ નહીં કરે. *

જાફરી આવાઝ(માસિક)ના F.M. ગ્રાહકોનો મે-૨૦૧૧નો અંક શરતચૂકથી જૂના F.M. ગ્રાહકોને પોસ્ટ થઈ ગયેલ હોવાથી જે ગ્રાહકોને અંક ન મળ્યો હોય તે ક્ષમ્ય કરશો.

**-વ્યવસ્થાપક**

## તબર્રૂક બના કે લા

ઈશ્કે અલીકા જામ હૈ દિલ સે લગા કે લા,
નાદે અલીકા ઝિક્ર જબાં પર સજા કે લા.

મસ્તીમેં ઝૂમ ઝૂમ કે લા મુસ્કુરા કે લા,
લેકીન નુસેરીયોંસે ઝરા છૂપા છૂપા કે લા.

સાકી દુરૂદે તાજ કો ઈસ મયમેં ઘોલ કર,
ઝેહરાસે દમ હદીસે કિસાકા કરા કે લા.

ફિર દેખ કૈસે ખુલતે હૈ વહેદાનિયત કે રાઝ,
કુછ ઈલ્મે શહેરે ઈલ્મકા તડકા લગા કે લા.

આએગા ઈસકે જાયકે મેં ઓર ભી મઝા,
ઝેહરા કે ઘરકા થોડા નમક ભી મિલા કે લા.

કા'બા એ દિલકે બુત ગિરે ટૂટ ટૂટ કર,
કુછ ઐસે ઈન્કિલાબકે ડંકે બજા કે લા.

સાકી મિટેગી પ્યાસ કહાં એક જામ સે,
જા મયકદે કે ચૌદા પિયાલે ઉઠા કે લા.

દિલમેં ગમે હુસૈન કે તૂફાં ઉબલ પડે,
કરબોબલા સે ખાકે શિફા ભી મિલા કે લા.

કર દૂં નમાઝે ઈશ્કે અલી આજ મૈં અદા,
જિબ્રીલ કે પરોં પે મુસલ્લા બિછા કે લા.

બા એહતેરામ શૌક સે પી લેગા ફિર '**વફા**',
અબ્બાસે બાવફા સે તબર્રૂક બના કે લા.

- '**વફા**' મહેરપુરી(મહેરપુરા)

# Maulood-e-Ka'aba

---

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

---

*As an advertising executive I was required to go to Delhi quite often for some or the other official work. During one of such trips to Delhi, one day after I was through with my work, I decided to go sightseeing and have a look at its various prominent places. I requested my Delhi based colleague to be my guide in this little expedition.*

*It was an interesting journey as we saw the places of historical prominence about which I had read in my school days or had seen in films. My friend also took me to a place called Raisina Hills where I saw a* ***beautiful building which was a real architectural masterpiece****. My friend told me that it was* ***<u>Rashtrapati Bhavan and obviously only Head of the State – The President could stay there</u>.*** *When I asked whether there is any way we could go inside, he told me that for that* ***<u>we should be either a close associate or a relative of the President only then we would be allowed to be in.</u>*** *He further added to my knowledge by saying that* ***<u>it took 4 years of planning and 19 years of construction to get this building completed.</u>*** *During the British period it was palace of the Viceroy of India and later it got converted into Rashtrapati Bhavan after independence.*

*What struck me beside the grandeur of the building was that* ***in the most prominent building like Rashtrapati Bhavan*** *only* ***the country's most important people like the President can stay.***

*In order to take the* ***advantage of the goodwill*** *which companies generate after years of hard work and commitment they insist on* ***mentioning the company's name prominently in every communication of new product launch****.*

*Thus if Tata's launch a new product their advertisements would mention without fail as* ***<u>"From the House of Tatas"</u>****. This small caption is good enough to convince their loyal customers that* ***<u>the new product has the same quality and goodness for which the company stands for.</u>***

➔ In the light of the above two examples let us try to understand the prominence of **<u>Ka'aba – The House of Allah</u>** and **<u>Mawla Ali (A.S) – The Imam-ul-Muttaqeen</u>** in our lives through this article.

But before we start let us look at few of ayahs relating to Ibrahim (A.S) as his time was of utmost prominence in the history of establishment of Islam. As the following ayah says:

- *"(Ae Rasool (SAW)) kehdo ke Khuda ne sach farmaya **to ab tum Millat-e-Ibrahim (A.S) ki pairvi karo** jo **baatil se katraake chalte** the **aur mushrikeen se na the**." – (Surah-e-Aale Imran, ayah 95)*

  *"(Say: Allah has spoken the truth, **therefore follow the religion of Ibrahim, the upright one;** and he was **not one of the polytheists**.)"*

In the above ayah Allah (SWT) instructs **the holy Prophet (SAW) to propagate the religion of Ibrahim (A.S) since that was the foundation of Islam**. So **whoever was following this religion prior** to the revelation of Islam was **not a polytheist** and in fact **<u>he was steadfast on the straight path.</u>**

Further Allah (SWT) says in the following ayah:

- *"Aur kaun hai jo **Ibrahim (A.S) ke tariqe se nafrat kare** magar jo **apne ko ahmaq banaye."** – (Surah-e-Baqra, ayah 130)*

  *"(No one **turns away from Abraham's Tradition** except one **who makes a fool of himself**.)"*

And thus it can inferred that Allah (SWT) **liked those who follow the tradition and creed of Ibrahim (A.S)** and He terms **those people as fools who reject the faith and tradition**.

Again let us see the following ayah referring to Ibrahim (A.S) and his descendants:

- *"Beshak Khuda ne Aadam (A.S) aur Nooh (A.S) **<u>aur Aale Ibrahim (A.S)</u>** aur Aale Imran (A.S) **ko saare jahan se barguzida kiya hai ba'az ki aulad ko ba'az se** aur Khuda sab ki sunta aur sab kuch jaanta hai." – (Surah-e-Aale Imran, ayah 33-34)*

  *"(Surely Allah chose Adam and Nuh and **<u>the descendants of Ibrahim</u>** and the descendants of Imran **<u>above the nations)</u>**"*

**<u>The descendants of Ibrahim (A.S)</u> who followed the faith and tradition of Ibrahim (A.S)** prior to Islam where surely on the right path and as per the above **ayah <u>they were amongst the chosen ones by Allah (SWT).</u>**

➔This background is necessary for us to understand few points which I intend to discuss later on. This would help us find out certain answers pertaining to our faith.

It was Ibrahim (A.S) who raised the walls of Ka'aba centuries before Islam was revealed. And for this Allah (SWT) says:

- *"Aur (wo waqt yaad dilao) jab **Ibrahim (A.S) aur Ismail (A.S) Khana-e-Ka'aba ki buniyaadein buland kar rahe the** (aur dua) maangte jaate the ke **Ae hamare Parwardigaar hamari (yeh khidmat) qubool kar** beshak tuhi (dua ka) sunne wala aur (uss ka) jaanne wala hai." – (Surah-e-Baqra, ayah 127)*

  *"(And remember **Abraham and Isma'il raised the foundations of the House** (With this prayer): **"Our Lord! Accept (this service) from us**: For Thou art the All-Hearing, the All-knowing.)"*

The above ayah mentions the commitment and sincere prayers of Ibrahim (A.S) and Ismail (A.S) towards the development of Ka'aba. And Allah (SWT) accepted their efforts, as the below mention ayahs confirm this:

- *"Baaz ahmaq log ye keh baithenge ki Muslamaan jis Qible Baitul Mukkadas ki taraf pehle se sajda karte the usse dusre qible ki taraf mudjaane ka kya baais hua. Ae Rasool (SAW) tum un ke jawab main kaho **<u>purab pachchim sab Khuda ka hai</u>** jise chahta hai sidhe raaste ki taraf hidayat karta hai." – (Surah-e-Baqra, ayah 142)*

  *"(The fools among the people will say: What has turned them from their Qiblah which they had? Say: **The East and the West belong only to Allah**; He guides whom He likes to the right path.)"*

Though East and West belong only to Allah, He still changed the Qiblah from Baitul Muqqadas to Ka'aba; **<u>thus by doing so Allah (SWT) accepted their efforts and listened to their prayers</u>**. Allah (SWT) further instructs the Holy Prophet (SAW) regarding Ka'aba in following words:

- *"Aur (Ae Rasool (SAW)) tum jahan se jao (yahan tak ke Makka se to bhi) **tum namaz main apna mooh Masjid-e-Haram ki taraf kar liya karo aur (Ae Rasool (SAW)) tum jahan kahi hua karo to namaz main apna mooh ussi Ka'aba ki taraf kar liya karo** (baar baar hukm dene ka ek faayda ye hai taaki logon ka ilzaam tum per na aane paaye magar unn main se jo log nahaq hatdharmi karte hai wo to zaroor ilzaam denge) to tum log unn se daro nahin aur sirf Mujh se daro aur (doosra fayda ye hai) **<u>taaki tum per Apni ne'matein poori kar doon."</u>** – (Surah-e-Baqra, ayah 150)*

  *"(And (Mohammed (SAW)) from **whatsoever place you come forth, turn your face towards the Sacred Mosque; and wherever you are turn your faces towards it**, so that people shall have no accusation against you, except such of them as are unjust; so do not fear them, and fear Me, **<u>that I may complete My favour on you</u>** and that you may walk on the right course)"*

The above ayah clearly indicates that only Ka'aba is the Qiblah and during our prayers we need to face the direction **of Ka'aba otherwise our prayers are void**. All the mosques are made as a copy of Ka'ba, and **they should be made in such a manner that they are facing Ka'aba so that prayers could be offered in them**.

Further when we contemplate on the words of Allah (SWT) in the above ayah, He says if we all start facing the Ka'ba during our prayers **He might complete His favours on us**. <u>**It means He starts bestowing His favours when we start facing the Ka'aba in our prayers.**</u>

Let us now see one more ayah pertaining to Ka'ba:

- *"**Logon (ki ibadat) ke waaste jo ghar sab se pehle banaya gaya** woh to yaqeenan **yahi (Ka'ba) hai jo Mecca main hai** badi (khair wa barkat) wala **aur sare jahan ke logon ka rehnuma"** – (Surah-e-Ale Imran, ayah 96)*

  *"**(Indeed the first house that was appointed as a place of worship** for mankind, is **the one at Mecca (the Holy Ka'aba)**, blessed and **a guidance to the whole world**)"*

➔Ka'aba was **the first house that was appointed as a place of worship f**or people and it is of course <u>**guidance to the whole world of believers**</u>. There are many questions which come to our mind then:

- *Why did Allah (SWT) take **so long to appoint it as Qiblah**?*
- *If Ka'aba is guidance why did Allah (SWT) not declare it as Qiblah straightaway and **waited till Islam was revealed?***
- *Was Allah (SWT) waiting for **some specific event to take place**?*

In order to answer these questions let us go to back to the time of Ibrahim (A.S) and contemplate on the following ayah:

- *"Ae Rasool (S.A.W) Bani Israel ko woh waqt bhi yaad dilao **jab Ibrahim (A.S) ko unke Parvardigar ne chand baton main aazmaya aur unhone pura kar diya** to Khuda ne farmaya Main **tumko logon ka Imam banane wala hoon**. <u>**Hazrat Ibrahim (A.S) ne arz ki aur meri aulad main se.**</u> Farmaya haan magar mere ahad per zaalimon main se koi shakhs faaez nahin ho sakta." – (Surah-e-Baqra, ayah 124)*

  *("And when his **Lord tried Ibrahim with certain commands, he fulfilled them.** He said: **Surely I will make you an Imam of men**. Ibrahim said: <u>**And of my offspring?**</u> My covenant does not include the unjust, said He.")*

The above ayah is referring to the incidence of the sacrifice of Ismail (A.S) which Ibrahim (A.S) had to fulfill. Thus **it was a great trial** which **<u>when Ibrahim (A.S) fulfilled he became Imam.</u>** He then wished that **there should be Imams from his progeny as well**. And Allah (SWT) promised to fulfill his wish **provided they should not be unjust**.

The results which we can derive from the above ayah are:

a) The Imams would have to **<u>undergo great trials in their lives</u>**.

b) They would be **<u>just and pure in their conduct</u>** and would be surely **<u>from the lineage of Ibrahim (A.S) only.</u>**

So if we wish to recognize and identify our Imams, we need to see their lives in the light of above ayah and we would surely find them.

The way Allah (SWT) fulfilled prayers of Ibrahim (A.S) by making Ka'aba as Qibla, let us see now how Allah (SWT) fulfills his wish to have Imams in his lineage.

For this we would see the following ayah:

- *"Ae Rasool **jo hukm tumhare Parvardigar ki taraf se tum per naazil kiya gaya hai pahoncha do.** Aur agar tum **ne aisa nahin kiya to samjhlo tum ne Us ka koi paigham hi nahin pahonchaya** aur tum daro nahin Khuda tum ko logon ke shar se mahfooz rakhe gaa aur Khuda hargiz kafiron ki qaum ko manzil e maqsood tak nahin pahonchata." – (Surah-e-Maida, ayah 67)*

  *("**<u>O Apostle! deliver what has been revealed to you from your Lord</u>**; and if you do it not, **<u>then you have not delivered His message,</u>** and Allah will protect you from the people; surely Allah will not guide the unbelieving people.")*

The above ayah was revealed in Ghadeer-e-Khum when the holy prophet (pbuh) was returning to Medina after offering his last Hajj (*Ref: Tafseer al Kabir by Fakhr al Din Mohammed ibn Umar al razi (1357/1938), Umdatul Qari fi Sharh Sahih al Bukhari - by Al Ayni, Tafsir al Nisaboori, v6 P194)*

After the revelation of this ayah the holy prophet (pbuh) called all the pilgrims for one huge assemblage here. He instructed Salman (R.A) and other companions to make a pulpit of rocks

and he then sat on the '*mimber*' thus created. In front of this gathering he declared **<u>Mawla Ali (A.S) as his successor</u>** and announced **"Man Kunto Mawla fa hazaa Ali un-Mawla".** *(Ref: Sahih Tirmizi, V2, P298, Bukhari, V5, Book 59).*

Thus this way Allah (SWT) fulfilled the wish of Ibrahim (A.S) and **<u>first Imam from his lineage was announced.</u>**

In order to further substantiate this order of Imamate, Allah (SWT) has given His clear instructions to *Umah-e-Muslema* in the following ayah:

- *""Ae Imaandaro tumhare **malik sarparast** to buss yehi hai **Khuda** aur uss ka **Rasool (SAW)** aur **wo momineen** jo pabandi se namaz adaa karte hai **<u>aur haalat-e-ruku main zakat dete hai</u>**…" – (Surah-e-Maida, Ayah 55)*

  *"(**Verily your leader is** only Allah and His messenger and those who believe; **<u>those who establish worship and pay the poor-rate while they bow down in prayer.</u>**)"*

Apart from Allah (SWT) the Greatest and the Holy Prophet (SAW), there is one more leader of Muslims. **He is the one who pays the poor-rate while bowing down in ruku.** And **<u>this leader and Imam is Mawla Ali who gave his ring to a beggar while bowing down in ruku.</u>** *(Ref: Imam Nasai in Saheeh-e-Nasai, Aljam'a Bain-ul-Sihah-ul-Sittah, Sa'labi)*

➔Ibrahim (A.S) prayed for Ka'aba and it became Qibla, he wished to have Imams in his lineage and Mawla Ali (A.S) and rest of 11 Imams were born in his lineage. Is there any other association between Ka'aba and Mawla Ali (A.S) apart from the prayers of Ibrahim (A.S)? Can we draw parallels between Ka'aba and Mawla Ali (A.S)?

The biggest association of Mawla Ali (A.S) with Ka'aba is his birth. It was **Friday 13th of Rajab 30 Amulfeel, Hazrat Fatima binte Asad (A. S)**, the wife of Hazrat Abu Talib (A.S) entered the precincts of the Kaaba, she then touched herself with its wall and prayed in the following words which are recorded in all prominent books of Islamic history: **"O Allah, I firmly believe in you, your prophets and your books**. **<u>I bear testimony to my ancestor Ibrahim (A.S)'s prophethood</u>**. I beseech you through this house of yours, its constructor and the child who is in my womb, make this problem very easy for me." All of a sudden the wall of the Ka'aba opened up and she, as if by some unseen force went inside the Ka'aba and the wall closed. Ali (A.S) the youngest son of Abu Talib was born inside the Holy Ka'aba. She stayed inside for three days.

*(Ref: Muhammad ibn Talha el-Shafei in Matalib-us-saool, page 11, Hakim in Mustadrak, page 483, Vol. III, El-Umari in Sharh Ainia, page 15, Halabi in Sira, page 165, Vol. I, Sibt ibn al-Jauzi in Tadhkera Khawasil Ummah, page 7, <u>Ibn Sabbagh Maleki</u> in Fusoolul Mohimma, page 14, Muhammad bin Yousuf Shafei in Kifayet al-Talib, page 261, Shablanji in Nurul Absar, page 76, Ibn Zahra in Ghiyathul Ikhtisar, page 97, Edvi in Nafhatul Qudsia, page 41, Mohaddith-e-Dehlvi in 'Izalatul Kholafa')*

This was much before Islam was revealed. It shows that **<u>she followed the religion of Ibrahim (A.S) and thus was on the right path.</u>**

**Fatima binte Asad (A.S) was daughter of Hazrat Asad bin Hashim and grand-daughter of Hazrat Hashim bin Abd Manaf**, who was the leader of Quraysh and the keeper of Ka'aba. **Hazrat Abu Talib (A.S) was also from the Bani Hashim clan,** they both followed the religion of Prophet Ibrahim (A.S) and believed and acted accordingly.

Thus **they were descendants of Ibrahim (A.S)** following the **religion and creed of the Prophet Ibrahim (A.S)** and **<u>in the light of the ayahs from Surah-e-Aale Imran (Ayah no. 33-34) they were from amongst the chosen ones of Allah (SWT).</u>**

Nobody after **<u>Fatima binte Asad (A.S) ever entered Ka'aba for giving birth to a child</u>** and **<u>nobody else was born in Ka'aba except Mawla Ali (A.S)</u>**, this was much before Ka'aba became Qibla and hence it seems that Allah (SWT) waited till Mawla Ali's birth and here **He united both the prayer and wish of Ibrahim (A.S) by giving birth to first Imam in Ka'aba and then making Ka'aba as Qibla for Muslims.**

In the introductory section we saw that the companies endorse their new product by mentioning their names along with the product name in order to convince the customers about the goodness and quality of their new product. Similarly Imamate was **new to Islam after Apostleship**. Thus Allah (SWT) has endorsed the Imamate by **<u>making it emerge from Ka'aba – The House of Allah.</u>** Also the way Quran is witness to the Apostleship of Rasool (SAW), the **Ka'aba which bears the birth marks of Mawla Ali (A.S)** at the '***Rukne Yamani'*** corner of its wall till date, has thus became **<u>witness to Imamate of Mawla Ali (A.S).</u>**

Maulana Rume in his Mathnawi has documented Mawla Ali (A.S) association with Ka'aba in the following words. He writes:

- "O' one who travels **to Najaf to visit the tomb of Ali** must know the fact that **the pearl of the Kaaba lies there** to **give us security** because of our intense **love for him**."

When the holy prophet (pbuh) did the announcement of Man Kunto Mawla at Ghadeer-e-Khum the following ayah was revealed:

- *"**Aaj Maine tumhare din ko kaamil kardiya** aur tum per **apni ne'mat poori kardi** aur tumhare iss Deen-e-Islam ko pasand kiya." – (Surah-e-Maida, ayah 3)*

  *"(**This day have I perfected your religion for you, completed My favour** upon you, and have chosen for you Islam as your religion.)*

*(Ref: Durr-e-Mansoor, Jalalluddin Suyuti, V3, P 19, Tarikh by Khatib al Baghdadi, V8 P 290, 596, Yanabi-al-Mawaddah from Abu Hureira by Al-Qudoozi Al-Hanafi*).

On acceptance of Hazrat Ali (A.S) as Mawla and leader, **the religion is perfected and Allah (SWT) completes His favours.** While when **we bow to Ka'aba our prayers are perfected** and Allah (SWT) **starts bestowing his favours** as per ayah from Surah-e-Baqra (Ayah no. 150), which has been mentioned in the beginning of this article. **Thus in order to have complete favours we need to pray by bowing down to Ka'aba with love for Mawla Ali (A.S) in our hearts.**

Again we have seen in the ayah from Surah-e-Aale Imran (Ayah no. 96) **Ka'aba is the guidance for believers of the whole world.**

***Now let us see the following ayah:***

- *"(Ae Rasool (SAW)) tum to sirf khauf e Khuda se daraane wale ho,* ***aur har qaum ke liye ek hidayat kar ne wala hai.****" – (Surah-e-Ra'ad, ayah 7)*

  *"(O Prophet, surely,* ***you are a warner and for every people there is a guide)".***

Sa`labi writes in his tafseer on the authority of Abdullah ibn Abbas that when this verse was revealed, **the Prophet said that through Ali (AS), Muslims will be guided.** It has also been recorded by various authentic sources in other prominent books *(Ref: Durr-e-Mansoor, Mulla Jalaluddin Suyuti, Vol 4 Page 45, Ibn-e-Asakir)*

And the holy prophet (pbuh) has said about Mawla Ali (A.S):

- "Ali is **your guide** and all of you are to come to me at the Hauz-e-Kausar…" *(Ref: Kanz-ul-Ummal Vol2, p. 350)*

And because of these parallels of Mawla Ali (A.S) with Ka'aba the holy prophet (pbuh) has also said to Mawla Ali (A.S) that:

- "**Ali, the pride of your place is like that of House of Allah**. People of themselves go to House of Allah; **the House of Allah does not go after the people**. So when I am no more, if these people of themselves, elect you as their Caliph, do become their Caliph. If they don't approach you, **never go to them so long as they themselves do not come up to you. "** *(Ref: Usd-ul-Ghaba Vol 4 P 31, Kunooz-ul-Haqaique P 173)*

With this beautiful couplet of Mirza Ghalib let us conclude the article:

*"Ghalib nadeem-e-dost se aati hai boo-e-dost*

*Mashghool-e-Haqq hoon, bandagi-e-Bu Turab mein!"*

➔ And may Allah accept our efforts and bless us, so let us pray to Allah in the words of Ibrahim (A.S): "**Our Lord! Accept (this service) from us**: **For Thou art the All-Hearing, the All-knowing." Aamin**

# મૌલૂદે કા'બા

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

**બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**

*એડ્વર્ટાઈઝિંગ એક્સિક્યૂટિવ તરીકે મારે ઘણી વાર ઑફિસના આ કે કોઈ બીજા કામ અર્થે દિલ્હી જવું પડતું. દિલ્હીની આવી જ એક મુસાફરી દરમિયાન એક દિવસ મેં કામથી પરવાર્યા પછી દૃશ્યો નિહાળવા અને દિલ્હીનાં ખ્યાતનામ સ્થળોને જોવા જવાનું નક્કી કર્યું. આ નાનકડી મુસાફરીમાં મારા ગાઈડ બનવા માટે દિલ્હી સ્થિત મારા એક સહકાર્યકરને મેં વિનંતી કરી.*

*એ મુસાફરી રસપ્રદ હતી કેમકે અમે એવાં ઐતિહાસિક ખ્યાતિ ધરાવતાં સ્થળો જોયાં કે જેમના વિષે મેં શાળાના દિવસો દરમિયાન વાંચ્યું હતું અથવા તો તે સ્થળો ફિલ્મોમાં જોયાં હતાં. મારો મિત્ર મને રાઈસિના હિલ્સ લઈ ગયો કે જ્યાં મેં* ***એક એવી સુંદર ઈમારત જોઈ કે જે ખરેખર સ્થાપત્ય કલાનો ઉત્કૃષ્ટ નમૂનો હતી.*** *મારા મિત્રે મને એ પણ જણાવ્યું કે તે* ***રાષ્ટ્રપતિ ભવન*** *હતું* ***અને દેખીતી રીતે જ માત્ર રાષ્ટ્રના વડા રાષ્ટ્રપ્રમુખ જ ત્યાં રહી શકતા હતા.*** *મેં પૂછ્યું કે અંદર જઈ શકવા માટેની કોઈ રીત છે ખરી ? તો તેણે મને કહ્યું કે એ માટે તો આપણે* ***રાષ્ટ્રપ્રુમખના કોઈ નજીકના સંબંધી કે કાંતો રાષ્ટ્રપ્રુમખના સગા બનવું પડે માત્ર ત્યારે જ આપણને અંદર જવાની પરવાનગી મળે.*** *વધુમાં તેણે મારા જ્ઞાનમાં એવું કહીને ઉમેરો કર્યો કે* ***આ ઈમારતનું આયોજન કરતાં ચાર વર્ષ જેટલો સમય લાગ્યો હતો અને તેના બાધકામને પૂર્ણ કરતાં ૧૯ વર્ષ લાગ્યાં હતાં.*** *બ્રિટિશકાળમાં તે ભારતના વાઈસરૉયનો રાજમહેલ હતો અને પાછળથી આઝાદી પછી તેને રાષ્ટ્રપતિ ભવનમાં ફેરવી નાખવામાં આવ્યો હતો.*

*આ ઈમારતની ભવ્યતા ઉપરાંત મારા મનમાં એક વિચાર એ પણ ઉદ્ભવ્યો કે* ***રાષ્ટ્રપતિ ભવન જેવી સૌથી વધારે ખ્યાતનામ ઈમારતમાં તો રાષ્ટ્રપ્રમુખ જેવા દેશના સૌથી અગત્યના લોકો જ રહી શકે.***

*વર્ષોની સખત મહેનત અને જવાબદારી પછી કંપનીઓએ જે* ***વેપારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હોય છે તેનો લાભ*** *મેળવવાના હેતુથી તે કંપનીઓ પોતાની નવી પ્રોડક્ટ બહાર પાડવા માટે* ***દરેક પ્રચાર માધ્યમમાં ધ્યાન ખેંચાય તે રીતે કંપનીના નામનો ઉલ્લેખ*** *કરવાનો આગ્રહ રાખતી હોય છે.*

*આથી જો ટાટા (કંપની) કોઈ નવી પ્રોડક્ટ બહાર પાડે તો તેમની જાહેરાતો* ***'From the house of Tatas'*** *એવો ઉલ્લેખ અચૂકપણે કરશે. આ નાનકડું સૂત્ર તેમના નિષ્ઠાવાન ગ્રાહકોના મનમાં એ બાબત ઠસાવવા માટે પૂરતું છે કે* ***આ નવી પ્રોડક્ટમાં એવી જ ગુણવત્તા અને મૂલ્ય છે કે જેના માટે કંપની પ્રતિનિધિત્વ કરે છે.***

→ ઉપરોક્ત બે ઉદાહરણોના પ્રકાશમાં ચાલો આપણે **કા'બા બયતુલ્લાહ** અને **મૌલા અલી(અ.) - ઈમામુલ મુત્તકીન**નું આપણા જીવનમાં શું મહત્વ છે તેને આ લેખ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ.

પરંતુ આપણે એનો પ્રારંભ કરીએ તે પહેલાં ઈબ્રાહીમ(અ.) વિષેની કેટલીક આયતો તરફ નજર કરી લઈએ કેમકે ઈસ્લામની સ્થાપનાના ઈતિહાસમાં તેમનો જમાનો ખૂબ જ વિશિષ્ટ પ્રકારનો હતો. જેમકે નીચેની આયતો જણાવે છે :

- '(અય રસૂલ(સ.) !) કહી દો કે ખુદાએ સાચું

ફરમાવ્યું **તો હવે તમે મિલ્લતે ઈબ્રાહીમ(અ.)ની પયરવી કરો કે જે બાતિલથી ફંટાઈને ચાલતા હતા અને મુશરિકોમાંથી ન હતા.'**

(સૂરએ આલે ઈમરાન, આયત-૯૫)

ઉપરોક્ત આયતમાં અલ્લાહ(સુ.વ.ત.) **પવિત્ર પયગમ્બર(સ.)ને ઈબ્રાહીમ(અ.)ના ધર્મનો પ્રચાર કરવાનો આદેશ આપે છે કેમકે તે ઈસ્લામનો પાયો હતો.** માટે ઈસ્લામની જાહેરાત થઈ તે **પહેલાં જે કોઈ આ ધર્મને અનુસરતો હતો** તે **કાફિર ન હતો અને <u>વાસ્તવમાં તે સિરાતે મુસ્તકીમ પર અડગ હતો.</u>**

વધુમાં અલ્લાહ(સુ.વ.ત.) નીચેની આયતમાં ફરમાવે છે :

- 'અને કોણ છે એવો કે જે **ઈબ્રાહીમ(અ.)ના તરીકાથી નફરત કરે,** પરંતુ એ કે **જે પોતાની જાતને મૂરખ બનાવે.'** (સૂરએ બકર, આયત-૧૩૦)

અને તેથી તો આવું અનુમાન કરી શકાય કે અલ્લાહ(સુ.વ.ત.)ને **એવા લોકો ગમે છે કે જેઓ ઈબ્રાહીમ(અ.)ના તરીકા ઉપર અને ધર્મ ઉપર અમલ કરતા હોય** અને **એવા લોકોને મૂર્ખા** ગણે છે કે **જેઓ એ ધર્મશ્રધ્ધા અને તરીકાનો અસ્વીકાર કરતા હોય.**

ચાલો ફરીથી આપણે ઈબ્રાહીમ(અ.) અને તેમના વંશજો વિષેની નીચેની આયતો જોઈએ :

- બેશક ખુદાએ આદમ(અ.) અને નૂહ(અ.) <u>અને આલે ઈબ્રાહીમ(અ.)</u> અને આલે ઈમરાન(અ.)ને **સઘળી દુનિયાવાળાઓ ઉપર ચૂંટી કાઢ્યા (છે) : તેઓ એકબીજાના વંશમાંથી કેટલાકોને; અને અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે.'**

(સૂરએ આલે ઈમરાન, આયત-૩૩ થી ૩૪)

<u>ઈબ્રાહીમ(અ.)ના વંશજો</u> કે જેઓ **ઈસ્લામના પહેલાં ઈબ્રાહીમ(અ.)ની ધર્મ શ્રધ્ધા અને તરીકાને અનુસરતા હતા** તેઓ ચોક્કસપણે સન્માર્ગ પર હતા અને આયતના કહેવા મુજબ **<u>તેઓ અલ્લાહ(સુ.વ.ત.)ના પસંદગીપાત્ર (બંદાઓ)માંથી હતા.</u>**

→ આ પશ્ચાદ્‌ભૂમિકા આપણા માટે થોડાક મુદ્દાઓ સમજવા જરૂરી છે કે જે મુદ્દાઓની ચર્ચા પાછળથી કરવાનો મારો ઈરાદો છે. આપણા ઈમાન વિષેના કેટલાક જવાબોને શોધી કાઢવામાં આ બાબત મદદરૂપ થશે.

એ ઈબ્રાહીમ(અ.) જ હતા કે જેમણે કા'બાની દીવાલોને, ઈસ્લામની જાહેરાત કરવામાં આવી તેનાથી સદીઓ પહેલાં, ચણી હતી. અને એ માટે અલ્લાહ(સુ.વ.ત.) ફરમાવે છે :

- 'અને (તે સમયને યાદ કરાવો કે) જ્યારે **ઈબ્રાહીમ(અ.) તથા ઈસ્માઈલ(અ.) તે અલ્લાહના ઘર (કા'બા)નો પાયો ચણી રહ્યા હતા;** (અને આવી વિનંતી કર્યે જતા હતા કે) **અય અમારા પરવરદિગાર ! અમારી (આ સેવા) કબૂલ કર;** બેશક તું મહાન સાંભળનાર (અને) જાણનાર છે.'

(સૂરએ બકર, આયત-૧૨૭)

ઉપરોક્ત આયત ઈબ્રાહીમ(અ.) અને ઈસ્માઈલ(અ.)ની કા'બા બનાવવા માટેની તેમની નિષ્ઠા અને નિખાલસ દુઆઓનો ઉલ્લેખ કરે છે અને અલ્લાહ(સુ.વ.ત.) એ તેમના આ પ્રયાસોનો સ્વીકાર પણ કર્યો જેમકે નીચેની આયતો તે બાબતની આ મુજબ પુષ્ટિ કરે છે :

- (તે સમય) નજીક છે કે લોકો માંહેના મૂર્ખાઓ કહેશે કે જે કિબ્લા (બયતુલ મુકદ્દસ) તરફ એ (મુસ્લિમ) લોકો નમાઝ પઢ્યા કરતા હતા (હવે) તેમને (તેમ કરતાં) કઈ બાબતે ફેરવી નાખ્યા ? (અય રસૂલ(સ.) !) કહે કે **<u>પૂર્વ અને પશ્ચિમ (બન્ને) અલ્લાહનાં છે;</u>** તે જેને ચાહે છે તેને સન્માર્ગની હિદાયત કરે છે.

(સૂરએ બકર, આયત-૧૪૨)

જો કે પૂર્વ અને પશ્ચિમ (દિશાઓ) માત્ર અલ્લાહની જ છે તેમ છતાં તેણે કિબ્લાને બયતુલ મુકદ્દસ તરફથી કા'બા તરફ ફેરવી નાખ્યો **તેથી આવું કરીને અલ્લાહ(સુ.વ.ત.)એ તેમની સેવાનો સ્વીકાર કરી દીધો અને તેમની દુઆઓને સાંભળી લીધી.**

અલ્લાહ(સુ.વ.ત.) વધુમાં પયગમ્બર (સ.)ને કા'બાના બારામાં નીચેના શબ્દોમાં આદેશ આપે છે :

- અને (અય રસૂલ(સ.) !) જ્યાંથી (પણ) તું નીકળે તો તારું મોઢું નમાઝમાં મસ્જિદુલ હરામ તરફ કરતો રહે; અને તમે ગમે ત્યાં હો **નમાઝમાં તમારું મોઢું તે(કા'બા)ની જ તરફ કરો** જેથી લોકોના આક્ષેપ તમારા પર ટકી શકે નહીં, સિવાય તેમના કે જેઓ તેમાંથી જુલમગાર છે (તેઓ તો આવું જાણ્યા છતાં આક્ષેપો કરશે જ) માટે (તમે) તેમનાથી ડરો નહીં અને મારાથી જ ડરતા રહો, **આ એટલા માટે કે હું મારી નેઅમતો તમારા ઉપર પૂરી કરી દઉં.** (સૂરએ બકર, આયત-૧૫)

ઉપરોક્ત આયત સ્પષ્ટપણે દર્શાવે છે કે માત્ર કા'બા જ કિબ્લો છે અને આપણે નમાઝ પઢતી વખતે **કા'બાની દિશામાં** મોઢું કરવાની આવશ્યકતા છે. **નહિતર આપણી નમાઝો બાતિલ છે.** બધી જ મસ્જિદો કા'બાની નકલ છે **અને તે એવી જ રીતે બનાવવી જોઈએ કે તે કા'બાની દિશા તરફ આવેલી હોય જેથી તેમનામાં નમાઝો અદા કરી શકાય.**

વધુમાં જ્યારે આપણે ઉપરની આયતમાં અલ્લાહ(સુ.વ.ત.)ના શબ્દો ઉપર મનન કરીએ ત્યારે તે ફરમાવે છે કે જો આપણે બધા નમાઝોમાં કા'બા તરફ મોઢું કરવાનું શરૂ કરીશું તો **તે પોતાની નેઅમતો આપણા ઉપર પૂર્ણ કરશે. તેનો અર્થ એ થાય છે કે તે પોતાની નેઅમતો વરસાવવાનું ત્યારે શરૂ કરે છે કે જ્યારે આપણે આપણી નમાઝોમાં કા'બા તરફ મોઢું રાખીને ઊભા રહેવાનું શરૂ કરીએ છીએ.**

ચાલો હવે આપણે કા'બા વિષેની એક વધારે આયત જોઈએ :

- **'બેશક (દુનિયામાં) સૌથી પહેલું (અલ્લાહનું) ઘર કે જે લોકો(ની ઈબાદત) માટે બનાવવામાં આવ્યું તે એ જ (કા'બા) છે કે જે મક્કામાં છે** તે (ઘર) બરકતવાળું છે **તેમજ તે સઘળી દુનિયાવાળાઓ માટે સન્માર્ગદર્શક છે.'**

(સૂરએ આલે ઈમરાન, આયત-૯૬)

→ કા'બા એવું **પ્રથમ ઘર હતું કે જે લોકો માટે ઈબાદતના સ્થળ તરીકે નિયુક્ત કરવામાં આવ્યું હતું** અને વળી તે અલબત્ત **મોમિનોના સમગ્ર વિશ્વ માટે સન્માર્ગદર્શક છે.** આના પરથી આપણા મનમાં ઘણા પ્રશ્નો ઉદ્‌ભવે :

- અલ્લાહ(સુ.વ.ત.)એ તેને **કિબ્લા તરીકે નિયુક્ત કરવા આટલો લાંબો સમય** કેમ લીધો?
- જો કા'બા સન્માર્ગદર્શક છે તો પછી અલ્લાહ (સુ.વ.ત.)એ તેની કિબ્લા તરીકે તરત જ જાહેરાત કેમ ન કરી અને છેક **ઈસ્લામની જાહેરાત થાય ત્યાં સુધી શા માટે રાહ જોઈ?**
- શું અલ્લાહ(સુ.વ.ત.) **કોઈ ખાસ પ્રસંગ બનવાની** રાહ જોઈ રહ્યો હતો ?

આ બધા પ્રશ્નોના જવાબ આપવા માટે ચાલો આપણે ઈબ્રાહીમ(અ.)ના જમાના તરફ પાછા જઈએ અને ત્યાર પછી નીચેની આયત ઉપર મનન કરીએ :

- અને (તે સમયને યાદ કરાવો કે) **જ્યારે ઈબ્રાહીમની તેના પરવરદિગારે થોડાક શબ્દોથી પરીક્ષા લીધી અને ઈબ્રાહીમ તેમાં પૂરો ઊતર્યો;** (અલ્લાહે) ફરમાવ્યું કે નિઃસંશય હું **તને મનુષ્ય**

**માત્રનો ઈમામ બનાવનાર છું : <u>(ઈબ્રાહીમે અરજ કરી) અને મારી ઓલાદમાંથી પણ ?</u> (અલ્લાહે) ફરમાવ્યું, જે જાલિમ હશે તે મારા આ વચનમાં શામિલ નથી.'** (સૂરએ બકર, આયત-૧૨૪)

ઉપરોક્ત આયત ઈસ્માઈલ(અ.)ની કુરબાનીના પ્રસંગનો સંદર્ભ આપે છે કે જે કુરબાની ઈબ્રાહીમ(અ.)એ પરિપૂર્ણ કરી હતી. આમ આ **એક મહાન કસોટી હતી** કે જેને **<u>જ્યારે ઈબ્રાહીમ(અ.)એ પરિપૂર્ણ કરી ત્યારે તેઓ ઈમામ બન્યા.</u>** ત્યાર પછી તેમણે એવી ઈચ્છા વ્યક્ત કરી કે **તેમની ઓલાદમાંથી પણ ઈમામ થાય.** અને અલ્લાહ(સુ.વ.ત.)એ તેમની ઈચ્છાને પૂર્ણ કરવાનું વચન આપ્યું **એ શરતે કે તેમનામાંથી કોઈ જાલિમ ન હોવો જોઈએ.**

ઉપરોક્ત આયતમાંથી આપણે આવાં પરિણામો તારવી શકીએ :

અ) ઈમામોએ **<u>તેમની જિંદગી દરમિયાન આકરી કસોટીમાંથી પસાર</u>** થવું પડે.

બ) તેઓ **<u>પોતાના વર્તનમાં ન્યાયી અને પાકો પાકીઝા હોય</u>** અને ચોક્કસપણે **<u>માત્ર ઈબ્રાહીમ (અ.)ના વંશજોમાંથી</u>** હોય.

તેથી જો આપણી ઈચ્છા આપણા ઈમામોને ઓળખવાની અને શોધી કાઢવાની હોય તો આપણે ઉપરોક્ત આયતના પ્રકાશમાં તેમના જીવન તરફ નજર કરવાની આવશ્યકતા છે અને આપણે ચોક્કસપણે તેમને શોધી કાઢીશું.

કા'બાને કિબ્લો બનાવવામાં જે રીતે અલ્લાહ(સુ.વ.ત.)એ ઈબ્રાહીમ(અ.)ની દુઆઓને પરિપૂર્ણ કરી હતી તો ચાલો હવે આપણે એ જોઈએ કે અલ્લાહ(સુ.વ.ત.) તેમના વંશમાંથી ઈમામો હોવાની ઈચ્છાને કેવી રીતે પરિપૂર્ણ કરે છે.

આના માટે આપણે નીચેની આયત જોઈશું :

- '(અય રસૂલ(સ.) !) **જે કાંઈ તારા પરવરદિગાર તરફથી તારી તરફ ઉતારવામાં આવ્યું છે તે (લોકો સુધી) પહોંચાડી દે :** અને જો **તેં તેમ ન કર્યું તો જાણે તેં તેનો (કોઈ પણ) સંદેશો પહોંચાડ્યો જ નહીં;** અને (તું ડર નહીં) અલ્લાહ તને લોકો(ના ત્રાસ)થી સુરક્ષિત રાખશે. નિઃસંશય અલ્લાહ ઈન્કાર કરનારી કોમને (સીધો) માર્ગ દેખાડતો નથી.' (સૂરએ માએદા, આયત-૬૭)

ઉપરોક્ત આયત ગદીરે ખુમમાં નાઝિલ થઈ હતી જ્યારે કે પવિત્ર પયગમ્બર(સ.) પોતાની છેલ્લી હજ બજાવીને મદીના તરફ પાછા આવી રહ્યા હતા.

(સંદર્ભ : તફસીરે અલ કબીર અઝ ફખ્રુદ્દીન મોહંમદ ઈબ્ને ઉમર અલ રાઝી (૧૩૫૭/૧૯૩૮, ઉમ્દતુલ કારી ફિ શર્હ સહીહ અલ બુખારી - અઝ અલ અયની, તફસીર અલ નિશાપુરી, ભાગ-૬, પેજ-૧૯૪)

આ આયત નાઝિલ થયા પછી પયગમ્બર (સ.)એ બધા જ હજયાત્રીઓને એક મોટી જનમેદની સ્વરૂપે અહીં બોલાવ્યા. આપે સલમાન(રઝી.) અને બીજા અસ્હાબોને પથ્થરોનો એક મિમ્બર બનાવવાનો આદેશ આપ્યો. ત્યાર પછી આપ આ રીતે તૈયાર કરાયેલા મિમ્બર ઉપર બિરાજમાન થયા. આ જનમેદની સમક્ષ આપે **<u>'મૌલા અલી(અ.) તેમના જાનશીન છે'</u>** એવી જાહેરાત કરી અને એવું જાહેર કર્યું કે : **'મન કુન્તો મૌલાહો ફ હાઝા અલીય્યુન મૌલા.'**

(સંદર્ભ : સહીહ તિરમિઝી, ભાગ-૨, પેજ-૨૯૮, બુખારી, ભાગ-૫, બૂક-૫૯૦)

આમ આ રીતે અલ્લાહ(સુ.વ.ત.)એ ઈબ્રાહીમ(અ.)ની ઈચ્છાને પૂર્ણ કરી અને **<u>તેમના વંશમાંના પ્રથમ ઈમામની જાહેરાત કરવામાં આવી.</u>**

ઈમામતના સિલસિલાને સાબિતી સહિત

પુરવાર કરવાના હેતુથી વધુમાં અલ્લાહ (સુ.વ.ત.)એ ઉમાહે-મુસ્લિમાને નીચેની આયતમાં સ્પષ્ટ આદેશ આપેલો છે.

● '(અય ઈમાનદારો !) તમારો **માલિક અને સરપરસ્ત અલ્લાહ** અને તેના **રસૂલ** સિવાય કોઈ નથી અને **તે મોમિનો** પણ કે જેઓ ઈમાન લાવ્યા છે અને જેઓ નમાઝ કાયમ કરે છે તથા **રૂકૂઅની સ્થિતિમાં ઝકાત આપે છે.'**

(સૂરએ માએદા, આયત-૫૫)

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા અને રસૂલિલ્લાહ(સ.) સિવાય મુસલમાનોનો એક બીજો પેશવા છે. **તે એ છે કે જે રૂકૂઅની સ્થિતિમાં ઝકાત આપે છે અને <u>આ પેશવા અને ઈમામ મૌલા અલી(અ.) છે કે જેમણે એક સાઈલને પોતાની વીંટી ત્યારે આપી હતી કે જ્યારે આપ રૂકૂઅમાં ઝુકેલા હતા.</u>**

(સંદર્ભ : ઈમામ નસાઈ સહીહે નસાઈમાં અલ જામા'અ બયનુલ સિત્તાહ, સ'લાબી)

→ ઈબ્રાહીમ(અ.)એ કા'બા માટે દુઆ માગી અને તે કિબ્લો બની ગયો, તેમણે પોતાની ઓલાદમાંથી ઈમામો હોવાની ઈચ્છા વ્યક્ત કરી તો મૌલા અલી(અ.) અને બાકીના અગિયાર ઈમામો તેમની ઓલાદમાંથી પેદા થયા. ઈબ્રાહીમ(અ.)ની દુઆઓ સિવાય કા'બા અને મૌલા અલી(અ.) વચ્ચે કોઈ સંબંધ છે ખરો ? શું આપણે કા'બા અને મૌલા અલી(અ.) વચ્ચે સમાનતાઓ તારવી શકીએ છીએ તેમ ખરા ?

મૌલા અલી(અ.)નો કા'બા સાથેનો સૌથી મોટો સંબંધ છે તેમનો જન્મ. **શુક્રવાર, ૧૩મી રજબ, આમુલફીલના દિવસે** હઝરત અબુતાલિબ(અ.)નાં બીબી **ફાતમા બિન્તે અસદ,** કા'બાના પ્રાંગણમાં પ્રવેશ્યાં. ત્યાર પછી તેમણે પોતાના શરીરનો સ્પર્શ કા'બાની દિવાલ સાથે કર્યો અને આ શબ્દોમાં દુઆ માગી કે જે ઈસ્લામી ઈતિહાસની પ્રખ્યાત કિતાબોમાં નોંધાયેલા છે :

**'યા અલ્લાહ ! હું અડગપણે તારામાં, તારા પયગમ્બરોમાં અને તારી કિતાબોમાં ઈમાન ધરાવું છું. <u>હું મારા પૂર્વજ ઈબ્રાહીમ(અ.)ની પયગમ્બરીની ગવાહી આપું છું.</u>** હું તારા આ ઘરનો વાસ્તો આપીને, આ ઘર બનાવનારનો વાસ્તો આપીને અને મારા પેટમાં રહેલ બાળકનો વાસ્તો આપીને આજીજીપૂર્વક કહું છું કે મારી પ્રસવ વેદનાને આસાન કરજે.'

એકાએક કા'બાની દિવાલ ચીરાઈ ગઈ અને તેઓ જાણે કે કોઈ અદશ્ય શક્તિ દ્વારા કા'બાની અંદર ચાલ્યાં ગયાં અને દિવાલ સંધાઈ ગઈ. અબુતાલિબના સૌથી નાના પુત્ર અલી(અ.)નો પવિત્ર કા'બામાં જન્મ થયો. તેઓ ત્રણ દિવસ સુધી કા'બાંમાં રહ્યાં.

(સંદર્ભ : મોહંમદ ઈબ્ને તલ્હા અલ શાફઈએ મુતાલિબુલ સઉલ, પેજ-૧૧, હકીમે મુસ્તદ્રકમાં પેજ નં.૪૮૩, ભાગ-૩, અલ ઉમરીમાં શર્હ ઐનીઆએ, પેજ-૧૫, હલાબીમાં સિરાએ, પેજ-૧૬૫, ભાગ-૧, સિબ્તે ઈબ્ને જૌઝીએ તઝકિરા ખવાસિલ ઉમ્માહમાં, પેજ-૭, ઈબ્ને સબ્બાક માલેકીએ ફુસૂલુલ મોહિમ્મા, પેજ-૧૪, મોહંમદ બિન યૂસુફ શાફેઈએ કિફાયેતુત તાલિબમાં, પેજ-૨૬૧, શબલંઝીએ નુરૂલ અબ્સારમાં, પેજ-૭૬, ઈબ્ને ઝહરાએ ગિયાસુલ ઈક્તિસારમાં પેજ-૯૭, ઈદવીએ નફહાતુલ કુદસીયામાં, પેજ-૪૧, મોહદ્દિસે દહેલ્વીએ ઈઝાલતુલ ખોલફામાં)

આ બધું ઈસ્લામની જાહેરાત થઈ તેના પહેલાં બન્યું હતું. આ બાબત બતાવે છે કે **<u>તેણી ઈબ્રાહીમ(અ.)ના ધર્મનું અનુસરણ કરતાં હતાં અને તેથી સિરાતે મુસ્તકીમ પર હતાં.</u>**

**ફાતેમા બિન્તે અસદ હઝરત અસદ બિન**

**હાશિમનાં દીકરી અને હઝરત હાશિમ બિન અબ્દે મનાફનાં પૌત્રી હતાં** કે જેઓ કુરેશના સરદાર અને કા'બાની દેખરેખ રાખનાર હતા. **હઝરત અબુતાલિબ(અ.) પણ બની હાશિમના કબીલામાંથી હતા.** તેઓ બન્ને જણ પયગમ્બર ઈબ્રાહીમ(અ.)નો ધર્મ પાળતાં હતાં અને એ મુજબ ઈમાન ધરાવતાં હતાં અને આચરણ કરતાં હતાં.

આમ **તેઓ ઈબ્રાહીમ(અ.)નાં વંશજો હતાં** અને **ઈબ્રાહીમ પયગમ્બર(અ.)ના ધર્મને અને ધાર્મિક માન્યતાને અનુસરતાં હતાં** અને **<u>સૂરએ આલે ઈમરાન(આયત નં.૩૩ થી ૩૪)ની આયતોના પ્રકાશમાં બન્ને જણ અલ્લાહ (સુ.વ.ત.)ના પસંદગીપાત્ર બંદાઓમાંથી હતાં.</u>**

**<u>ફાતેમા બિન્તે અસદ(અ.) પછી કદી કોઈ પણ બાળકને જન્મ આપવા કા'બામાં પ્રવેશ્યું નથી.</u>** અને **<u>મૌલા અલી(અ.) સિવાય કા'બામાં બીજો કોઈ જન્મ્યો નથી.</u>** આ તો કા'બા કિબ્લો બન્યો તેના ઘણા સમય પહેલાં બન્યું હતું અને તેથી તો એવું લાગે છે કે અલ્લાહ(સુ.વ.ત.)એ મૌલા અલીનો જન્મ થાય ત્યાં સુધી રાહ જોઈ અને અહીં **તેણે કા'બામાં પહેલા ઈમામનો જન્મ આપીને અને પછી કા'બાને મુસલમાનોનો કિબ્લો બનાવીને ઈબ્રાહીમ(અ.)ની દુઆ અને ઈચ્છા બન્નેને, એક સાથે જોડી દીધી.**

લેખના પ્રારંભિક વિભાગમાં આપણે જોયું કે કંપનીઓ પોતાની નવી પ્રોડક્ટના મૂલ્યને અને તેની ગુણવત્તાને ગ્રાહકના મનમાં ઠસાવવા માટે પ્રોડક્ટના નામની સાથે સાથે કંપનીઓના નામનો ઉલ્લેખ કરીને પોતાની નવી પ્રોડક્ટને મંજૂર કરે છે. બસ એવી જ રીતે **પયગમ્બરી પછી ઈમામત ઈસ્લામ માટે નવી બાબત** હતી. તેથી અલ્લાહ (સુ.વ.ત.)એ **ઈમામતને પોતાના ઘર કા'બામાંથી પ્રગટ થતી દર્શાવીને** તેને માન્યતા આપી દીધી છે.

વળી જે રીતે કુરઆન રસૂલ(સ.)ની રિસાલતની ગવાહ છે, તેવી જ રીતે **કા'બા કે જે મૌલા અલી(અ.)ની વિલાદતનાં ચિહ્નો** તેની દિવાલના **'રૂકને યમાની'** નામના ખૂણામાં આજની તારીખ સુધી **ધરાવે છે**, તે **<u>મૌલા અલી(અ.)ની ઈમામતનો ગવાહ</u>** બની ગયો છે.

મૌલાના રૂમે પોતાની મસનવીમાં મૌલા અલી(અ.)ના કા'બા સાથેના સંબંધનો નીચેના શબ્દોમાં લેખિત પુરાવો રજૂ કર્યો છે. તેઓ લખે છે:

- અય તું કે જે **અલી(અ.)ની કબ્ર મુબારકની ઝિયારત કરવા નજફ સુધીની** મુસાફરી કરે છે, તારે એ હકીકત જાણી લેવી જોઈએ કે **તેમના પ્રત્યેના** આપણા અતિશય **પ્રેમને કારણે** આપણ બધાને **સલામતી બક્ષવા માટે કા'બાનું મોતી ત્યાં આરામ ફરમાવે છે.**

જ્યારે રસૂલિલ્લાહ(સ.)એ ગદીરે ખુમમાં **મન કુન્તો મૌલા**ની જાહેરાત કરી ત્યારે નીચેની આયત નાઝિલ થઈ:

- **'આજે મેં તમારા દીનને સંપૂર્ણ બનાવી દીધો** અને તમારા ઉપર **મારી નેઅમતો પૂરી કરી દીધી** અને તમારા આ દીને ઈસ્લામને પસંદ ફરમાવ્યો.'

(સૂરએ માએદા, આયત-૩)

(સંદર્ભ : દુર્રે મન્સૂર, જલાલુદ્દીન સુયુતિ, ભાગ-૩, પેજ-૧૯, ખતિબ અલ બગદાદીની તારીખ, ભાગ-૮, પેજ-૨૯૦, ૫૯૬, યનાબેઉલ મોવદ્દત-હુરૈરા દ્વારા અઝ અલ કંદોઝી અલ હનફી)

હઝરત અલી(અ.)નો મૌલા અને પેશવા તરીકે સ્વીકાર કરવાથી **દીન સંપૂર્ણ બને છે** અને **અલ્લાહ(સુ.વ.ત.) પોતાની નેઅમતોને પૂર્ણ કરે છે.** જ્યારે આપણે **કા'બા તરફ ઝુકીએ છીએ ત્યારે આપણી નમાઝો સંપૂર્ણ બને છે** અને સૂરએ બકરની આયત નં.૧૫૦ અનુસાર અલ્લાહ પોતાની **નેઅમતોની વર્ષા કરવાનું શરૂ કરી દે છે** જેનો

ઉલ્લેખ લેખની શરૂઆતમાં કરવામાં આવેલ છે. **તેથી સંપૂર્ણ નેઅમતો મેળવાના હેતુથી આપણે આપણા દિલોમાં મૌલા અલી(અ.) પ્રત્યેના પ્રેમની સાથે કા'બા તરફ ઝુકીને નમાઝ પઢવાની જરૂર છે.**

વળી આપણે સૂરએ આલે ઈમરાનની આયત (નં.૯૬)માં જોયું છે કે **કા'બા સમગ્ર વિશ્વના મોમિનો માટે સન્માર્ગદર્શક છે.**

ચાલો હવે આપણે નીચેની આયતો જોઈએ :

- '(અય રસૂલ(સ.)!) તમે તો માત્ર ખૌફે ખુદાથી ડરાવવાવાળા છો **અને દરેક કોમના માટે એક હિદાયત કરનારો છે.'**

(સૂરએ રઅદ, આયત-૭)

સ'લાબી પોતાની તફસીરમાં અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસના હવાલાથી લખે છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ તો **'રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું કે અલી(અ.) દ્વારા મુસલમાનોની હિદાયત થશે.'** જુદા જુદા પ્રમાણભૂત સૂત્રો દ્વારા બીજી પ્રખ્યાત કિતાબોમાં પણ આ બાબત નોંધવામાં આવેલ છે.

(સંદર્ભ : દુર્રે મન્સૂર, મુલ્લા જલાલુદ્દીન સુયુતિ, ભાગ-૪, પેજ-૪૫, ઈબ્ને અસાકિર)

વળી રસૂલિલ્લાહ(સ.)એ મૌલા અલી(અ.) વિષે ફરમાવ્યું છે :

- અલી <u>**તમારા માર્ગદર્શક**</u> છે અને તમારે બધાએ મારી પાસે હૌઝે કૌસર પર આવવાનું છે.

(સંદર્ભ : કન્ઝુલ અમ્માલ, ભાગ-૨, પેજ-૩૫૦)

અને મૌલા અલી(અ.)ની કા'બા સાથેની સમાનતાઓને કારણે જ રસૂલિલ્લાહ(સ.)એ મૌલા અલી(અ.)ને ફરમાવ્યું હતું કે -

- **'અય અલી ! તમારા સ્થાનનું ગૌરવ અલ્લાહના ઘરના જેવું છે.** લોકો પોતે જ અલ્લાહના ઘર તરફ જાય છે. **અલ્લાહનું ઘર લોકોની પાછળ પાછળ જતું નથી.** તેથી જ્યારે હું હયાત ન હોઉં ત્યારે જો આ લોકો પોતે જ તમને તેમના ખલીફા તરીકે ચૂંટી કાઢે તો તમે તેમના ખલીફા બનજો. જો તે લોકો તમારી પાસે ન આવે તો **તમે કદી પણ તેમની પાસે જતા નહીં ત્યાં સુધી કે તેઓ પોતે જ તમારી પાસે આવે.'**

(સંદર્ભ : અસદુલ ગાબા, ભાગ-૪, પેજ-૩૧, કન્ઝુલ હકાઈક, પેજ-૧૭૩)

ચાલો આપણે મિર્ઝા ગાલિબની આ સુંદર પંક્તિઓ દ્વારા આ લેખનું સમાપન કરીએ.

**'ગાલિબ' નદીમે દોસ્તસે આતી હૈ બૂએ દોસ્ત,**
**મશ્ગૂલે હક હૂં બંદગીએ બુતુરાબ મેં.**

→ અને અલ્લાહ આપણા આ પ્રયત્નોને કબૂલ ફરમાવે અને આપણા ઉપર દયા કરે, એટલા માટે ચાલો આપણે ઈબ્રાહીમ(અ.)ના શબ્દોમાં અલ્લાહ સમક્ષ દુઆ માગીએ : **'અય અમારા પરવરદિગાર! અમારા તરફની (આ સેવાને) કબૂલ કર કેમકે તું બધું સાંભળવાવાળો, જાણવાવાળો છે.'** આમીન.


# સૈયદ રઝા સ્ટોન

- મરજાન
- મરયમી નંગ
- ફીરોઝા
- પુખરાજ
- મોતી
- નીલમ
- દુર્રે નજફ
- હુસૈની અકીક
- યાકૂત
- ઝર્દ અકીક
- હદીદેચીની
- પન્ના
- દાનએ ફરંગ

**ચાંદીમાંથી બનાવેલી દરેક જાતની વીંટી તૈયાર તથા છૂટક નંગ મળશે.**

**હસનૈન ઝૈદી**
મો.૯૮૭૯૮૨૦૮૪૪, ૯૫૮૬૪૪૨૨૭૨

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ.સા.કાં.

# ગ ડ મ થ લ ૨૨૬

:::::: સંપાદક:::::
મો.રશીદા એહસાન
ભોરણીયા(મુંબઈ-ખડીયાસણા)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | ■ | ૩ | ૪ | | | ■ | ૫ |
| | ■ | ૬ | | | | ■ | ■ | ૭ | |
| ૮ | | | ■ | ■ | ૯ | | ૧૦ | | |
| ■ | ■ | ૧૧ | ૧૨ | ૧૩ | ■ | ■ | | ■ | ■ |
| ૧૪ | | ■ | | | ■ | ૧૫ | | ૧૬ | |
| | ■ | ૧૭ | ■ | ૧૮ | ૧૯ | ■ | ૨૦ | | ■ |
| ૨૧ | | | ■ | ૨૨ | | ■ | | ■ | ૨૩ |
| | ■ | ૨૪ | ૨૫ | ■ | ૨૬ | | ■ | ૨૭ | |
| ૨૮ | ૨૯ | ■ | | ■ | | ■ | ૩૦ | ■ | |
| ■ | ૩૧ | | | ■ | ■ | ૩૨ | | | |

## ::::: આડી ચાવીઓ :::::

(૩) બરકતવાળુ, કલ્યાણકારી, શુભ (૪)
(૬) જેનો કોઈ જવાબ ન હોય તેવું (૪)
(૭) ગુલામ, સેવક (૨)
(૮) નમાઝમાં ભૂલ માટેનો સિજદો (૩)
(૯) તરફેણ કરનાર, પક્ષકાર (૫)
(૧૧) એક ઈસ્લામી મહિનો (૩)
(૧૪) આફત, મુસીબત (૨)
(૧૫) વાજિબનું બહુવચન (૪)
(૧૮) વાસ, ગંધ (૨)
(૨૦) દોસ્તી, મિત્રતા (૨)
(૨૧) હઝરત અલી(અ.)ના સહાબી મયસમે.... (૨)
(૨૨) દરવાજો, દ્વાર (૨)
(૨૪) માલ, મિલ્કત, સંપત્તિ (૨)
(૨૬) ખુદા કરે, અલ્લાહ કરે (૨)
(૨૭) પ્રહાર, ઘા (૨)
(૨૮) નષ્ટ, મોત, ગાયબ (૨)
(૩૧) દાસી, સેવિકા (૩)
(૩૫) જનાબે અલી અસગર(અ.)નો કાતિલ (૪)

## ::::: ઊભી ચાવીઓ :::::

(૧) એ વસ્તુ કે જેનાથી વુઝૂ કે ગુસલ ટૂટી જાય (૩)
(૨) શૂરવીર, સાહસિક, બહાદૂર (૪)
(૪) વાસ્તે, માટે, સંબંધમાં (૩)
(૫) ૨૮ માઈલની શરઈ મુસાફરી કરવાથી નમાઝ .......... થાય છે.(૩)
(૭) બાપના બાપ (૨)
(૧૦) ફરજ પડે તેવું, અનિવાર્ય (૫)
(૧૨) કપાળ, લલાટ (૨)
(૧૩) તબાહ, નષ્ટ, ખરાબ, વેરાન (૪)
(૧૪) બરખાસ્ત, પદભ્રષ્ટ (૫)
(૧૬) વારો, ક્રમ (૨)
(૧૭) કૃપા, મહેરબાની (૩)
(૧૯) હુકૂમત, શાસક (૪)
(૨૩) ઈમામ હુસૈન(અ.)ની શહાદતગાહ (૪)
(૨૫) માદળિયું, રક્ષાકવચ (૩)
(૨૯) બે આંખો અને મોઢાની વચ્ચે આવેલ માણસનો અવયવ (૨)
(૩૦) મસ્તક, માથું, મુંડી (૨)

## ગડમથલ નં.૨૨૫નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ બ | ય | અ | ૨ ત | ■ | ૩ સ | ૪ ફ | ર | ■ | ૫ ખૂં |
| ક | ■ | ■ | સ્વી | ■ | ૬ દી | ન | દા | ૭ ર | ■ |
| ૮ ર | ૯ ફ | ૧૦ તા | ર | ■ | ક | ■ | ■ | ૧૧ ગ | ૧૨ શ |
| ■ | ૧૩ જ | રી | ■ | ૧૪ ક | ■ | ૧૫ અ | ૧૬ મ | ■ | ફા |
| ૧૭ પ | ર | ખ | ■ | ૧૮ લ | ૧૯ બ | રે | ઝ | ■ | અ |
| ર | ■ | ■ | ૨૦ સા | મ | રી | ■ | ૨૧ હ | ૨૨ યા | ત |
| ૨૩ ચ | ૨૪ બૂ | ૨૫ ત | રા | ■ | ■ | ૨૬ ક | બ | ર | ■ |
| ૨૭ મ | ર | વા | ■ | ૨૮ શ | મી | મ | ■ | ■ | ૨૯ સા |
| ■ | હા | ■ | ૩૦ રિ | હા | ■ | ૩૧ સિ | વા | ■ | અ |
| ૩૨ ત | ન | ખ્વા | હ | ■ | ■ | ૩૩ ન | સી | હ | ત |

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)

### ઈલ્મ અને ફિલોસોફીની સમજૂતી

(ગતાંકનું ચાલુ)

અહીં એ બાબતનું વર્ણન કરવું જરૂરી છે કે ઈમામ જાફર સાદિક(અ.) કે જેઓ તૌહીદમાં માનનારા અને એક મઝહબી પેશવા હતા તેઓ અલ્લાહ તઆલાની માઅરેફતને મઝહબ દ્વારા પ્રાપ્ત કરવાનું યોગ્ય સમજતા હતા ન કે ફિલોસૉફી વડે. આપણે જાણીએ છીએ કે હિજરી સનની પહેલી સદીમાં ઈસ્લામ મઝહબમાં ફિલોસૉફીનું અસ્તિત્વ ન હતું. પછીના જમાનામાં પણ ક્યારેય ફિલોસૉફી દીને ઈસ્લામના ઉસૂલ અને ફુરૂઅનો ભાગ બની શકી નહીં પરંતુ આલિમોએ એવી કોશિશ કરી કે દીને ઈસ્લામના ઉસૂલ અને ફુરૂઅને ફિલોસૉફી સાથે સરખાવીને સમજાવે અને તેવી રીતે ઉસૂલે દીન અને ફુરૂએ દીનનો વધારે સારો પરિચય આપે.

આ ચળવળ હિજરી સનની બીજી સદીના પ્રારંભમાં શરૂ થઈ. જે લોકો ફિલોસૉફી શીખેલા હતા તેમણે ઉસૂલે દીન અને ફુરૂએ દીનનો પરિચય ફિલોસૉફી વડે આપવા તરફ ધ્યાન આપ્યું અને આ વિષયે એ વાતની સાબિતી આપી કે મુસલમાનો હિજરી સનની પહેલી સદીમાં વધારે સાક્ષર થઈ ચૂક્યા હતા કારણ કે એ પહેલાં કોઈએ પણ ઉસૂલ અને ફુરૂઅને ફિલોસૉફી સાથે સરખાવવાની કોશિશ કરી ન હતી.

એ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી કે અરબ મુસલમાનો જ્યારે અન્ય કોમો સાથે પરિચયમાં આવ્યા ત્યારે અન્ય લોકોને તેમની ફિલોસૉફીના આધારે ઉસૂલ અને ફુરૂઅ સમજાવવા માટે પ્રેરિત થયા હોય. એવા ઈસ્લામી વિદ્વાનો કે જેમણે હિજરી સનની બીજી સદીની શરૂઆતમાં ફિલોસૉફીની સરખામણી દીન સાથે કરી કે જેથી તેઓ ફિલોસૉફી વડે ઈસ્લામના ઉસૂલ અને ફુરૂઅનો પરિચય આપી શકે તેવા વિદ્વાનોને **મુતકલ્લેમીન**ના નામથી ઓળખવામાં આવ્યા અને તેમના ઈલ્મને **ઈલ્મુલ કલામ** કહેવામાં આવ્યું.

ઈસ્લામમાં ઈલ્મુલ કલામનો અર્થ ફિલોસૉફીની દીન સાથે સરખામણી એવો થાય છે. ખ્રિસ્તીઓ મુસલમાનો પાસેથી ફિલોસૉફીની દીન સાથેની સરખામણી શીખ્યા અને સલીબી જંગો (crusades) કે જે લગભગ બસ્સો વર્ષ સુધી ચાલુ રહ્યા, તેના પરિણામ સ્વરૂપ મુસલમાન વિદ્વાનોની કિતાબો લેટીન ભાષામાં અનુવાદિત થઈ. તે કિતાબોએ યુરોપના લોકોને ફિલોસૉફીની સરખામણી ઈસાઈ ધર્મ સાથે કરવાની પ્રેરણા આપી. જો સલીબી જંગો ન થયા હોત તો કદાચ યુરોપના લોકો ઈસવી સનની સત્તરમી સદી સુધી મુસલમાનોના ઉલૂમથી અપરિચિત રહ્યા હોત જેવી રીતે કે પૂર્વની શાકભાજી અને ફળોના એ પ્રકારો કે જેમની ખેતી આના પહેલાં યુરોપમાં થતી ન હતી, તેની ખેતી ન થાત.

યુરોપના કેટલાક વિદ્વાનોએ મુસલમાન વિદ્વાનોની કિતાબોના અનુવાદ વાંચ્યા પછી ઘણી

કોશિશ કરી કે ફિલોસૉફીને હઝરત ઈસા(અ.)ની તાલીમ સાથે સરખાવે. આજે અમે નિઃશંકપણે કહી શકીએ છીએ કે ખ્રિસ્તીઓએ તેમના અકીદામાં શરીર(જિસ્મ) અને આત્મા(રૂહ)ના જુદા જુદા અસ્તિત્વની વાત મુસલમાન મુતકલ્લેમીન પાસેથી લીધી છે. જે લોકો ફિલોસૉફીની સરખામણી મઝહબ સાથે કરવાનું મુસલમાનો પાસેથી શીખ્યા છે તેમાંનો એક ફ્રેન્ચ માલેબ્રાન્શ (Malebranche) પણ છે કે જે ઈ.સ. ૧૬૩૮માં જન્મ્યો અને ઈ.સ.૧૭૧૫માં મૃત્યુ પામ્યો. આ માણસ કે જેણે મુસલમાનો પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું તે કાર્તીઝિયાન (Cartesian)ની ફિલોસૉફી એટલે કે દેકાર્તની* ફિલોસૉફીનો સમર્થક હતો.

દેકાર્તની ફિલોસૉફી યુરોપમાં એટલી બધી ઝડપથી ફેલાઈ ગઈ કે ઈ.સ.૧૬૫૦ કે જે દેકાર્તના મૃત્યુનું વર્ષ છે, તેની ફિલોસૉફી યુરોપના બધા દેશોમાં ત્યાં સુધીમાં એક સન્માનનીય સ્થાન પ્રાપ્ત કરી ચૂકી હતી. દેકાર્તની ફિલોસૉફીનો પાયો એ વાત ઉપર હતો કે બધી વસ્તુઓને શંકાની નજરથી જોવી જોઈએ. દેકાર્ત કહેતો હતો કે કોઈ પણ એવી વસ્તુ નથી કે જેમાં શંકા કરી ન શકાય અને જો કોઈ વસ્તુ આવી હોય તો તે શંકા પોતે જ છે.

એ વાત તો દેખીતી છે કે જે માણસ બધી વસ્તુઓને શંકાની નજરથી જોતો હોય તે હઝરત ઈસા (અ.)ના મઝહબને અને અલ્લાહ તઆલાના અસ્તિત્વને પણ શંકાની નજરથી જોતો હશે. અમે આ ચોખવટ એટલા માટે કરી રહ્યા છીએ કે મુસલમાન મુતકલ્લેમીનના દૃષ્ટિકોણ કેટલી હદે પ્રભાવશાળી હશે કે માલેબ્રાન્શ જેવો માણસ કે જે દેકાર્તની ફિલોસૉફીનો શિષ્ય હતો તે પણ પ્રભાવિત થઈ ગયો. કાર્તીઝિયાનની ફિલોસૉફીને અસ્તિત્વમાં લાવવાની દૃષ્ટિએ દેકાર્ત એટલો જાણીતો છે કે લોકો એમ પણ વિચારતા ન હતા કે તે કોઈ ફિલોસૉફર ન હતો બલ્કે ગણિતશાસ્ત્રી અને લશ્કરી અમલદાર હતો.

દેકાર્તે ગણિત અને પ્રકાશ ઉપરના સંશોધન વિશે કેટલાક નિયમો રજૂ કર્યા કે જેમનું નામ તેના નામ પરથી કાર્તીઝિયાન નિયમો છે. પરંતુ નિષ્ણાતો સિવાય અન્ય કોઈને આ નિયમોની ખબર નથી અને ફિલોસૉફીમાં દેકાર્ત એટલો મશહૂર છે કે ગણિતશાસ્ત્ર અને પ્રકાશના સંશોધનની વાતો તેની આગળ ઝાંખી પડી ચૂકી છે.

દેકાર્તના મૃત્યુ સમયે તેમની ફિલોસૉફીનો શિષ્ય માલેબ્રાન્શ બાર વર્ષનો હતો. તેણે જેવો યુવાનીમાં પગ મૂક્યો કે તરત જ દેકાર્તની ફિલોસૉફીથી પ્રભાવિત થઈ ગયો. તેની કિતાબોમાંથી એક કિતાબ કે જેના શિર્ષકનો અનુવાદ **'હકીકતની શોધ'** એવો થાય છે, તે કિતાબ ફિલોસૉફીના સંશોધનના વિષય ઉપર લખવામાં આવી છે. માલેબ્રાન્શ દેકાર્તનો અનુયાયી હતો માટે આ કિતાબમાં તેણે ફિલોસૉફીની સરખામણી ઈસાઈ મઝહબ સાથે કરવી જોઈતી હતી પરંતુ કિતાબને વાંચતાં એવું લાગે છે કે એ મુસલમાન મુતકલ્લેમીનના દૃષ્ટિકોણથી વધારે પ્રભાવિત

* દેકાર્તનું લેટીન નામ કાર્તીઝિયાનુસ છે અને એટલા જ માટે તેની ફિલોસૉફીની વિચારધારામાં માનનારા તેને કાર્તીઝિયાન કહે છે. તેની વિચારધારાના સિધ્ધાંતો ફિલોસૉફીની અંદર ગણિતના નિયમ પર આધારિત છે અને દેકાર્તના કહેવા પ્રમાણે ફિલોસૉફીમાં ગણિત, ભૂમિતિ, બીજગણિત, ત્રિકોણમિતિ જેવા બધા વિષયોના નિયમોના આધારે નાનીથી લઈને મોટી શરૂઆત દ્વારા માહિતી અને તર્ક વિતર્ક વડે નિષ્કર્ષ સુધી પહોંચવામાં આવે છે. આજે જેટલા પણ ઉલૂમ મહાવરાના આધારે અસ્તિત્વમાં આવ્યાં છે તે બધાં દેકાર્તની ફિલોસૉફીના આધારે થતા સંશોધન વડે પ્રાપ્ત થયાં છે. લેટીન ભાષામાં દેકાર્તની ફિલોસૉફીનો નારો હતો કે કોજિટો અર્ગો સમ (cogito ergo sum) એટલે કે હું વિચારું છું માટે હું છું.

થયેલો છે.

મુસલમાન મુતકલ્લેમીને ફિલોસૉફીની સરખામણી દીને ઈસ્લામના ઉસૂલ અને ફુરૂઅ સાથે કરી. તેમણે ફિલોસૉફીમાં ઈસ્લામના અહેકામ પ્રમાણે જિસ્મ અને રૂહના અકીદાને જન્મ આપ્યો. તેમણે જિસ્મને ફાની(નાશવંત) ગણ્યું અને રૂહને બાકી(અમર) ગણી. તેમના અકીદા પ્રમાણે માણસના જીવન દરમિયાન જિસ્મ અને રૂહ એકબીજા સાથે સંકળાયેલાં છે પરંતુ જ્યારે માણસ મરી જાય છે તો રૂહ અને જિસ્મનો આ સંબંધ તૂટી જાય છે. જિસ્મ નાશ પામે છે પરંતુ રૂહ બાકી રહે છે અને રૂહ તે બધી જ વિશેષતાઓ ધરાવે છે કે જે રૂહ અને જિસ્મના સંબંધના સમયે માણસમાં જોવા મળે છે. આ જ દષ્ટિએ રૂહ બાકી છે અને દરેક રીતે માણસ અને તેની બુધ્ધિને ધરાવનારી છે. રૂહ એકલી હોય કે પછી જિસ્મ સાથે સંકળાયેલી હોય રૂહની સમજણમાં કંઈ ફેર પડતો નથી. પરંતુ ફેર માત્ર એટલો જ છે કે ત્યાર પછી તે ખોરાક અને પોષાકની મોહતાજ રહેતી નથી.

અહીં ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે મુસલમાન મુતકલ્લેમીનની વચ્ચે પણ અકીદાનો ફેર જોવા મળે છે અને જો આ ફેર ન હોત તો આશ્ચર્યજનક બાબત હોત કારણ કે જ્યારે કેટલાક ફિલોસૉફરો સેંકડો વર્ષ લાંબી મુદતવાળી ફિલોસૉફીને દીનના ઉસૂલ અને ફુરૂઅ ઉપર સરખાવી જુએ છે ત્યારે તેવા ફિલોસૉફરો વચ્ચે અંદરો અંદર વિવાદ સર્જાય જ છે કારણ કે તેઓ પોતાની બુધ્ધિ પ્રમાણે ફિલોસૉફીને ઉસૂલે દીન અને ફુરૂએ દીન સાથે સરખાવે છે. માટે જ તો કેટલાક મુતકલ્લેમીન કહે છે કે રૂહ બાકી હોવા છતાં જ્યારે જિસ્મથી સંકળાયેલી હોય છે ત્યારે તેની અંદર સમજ હોતી નથી.

જે લોકોનું કહેવું એવું છે કે માણસના મરી ગયા પછી તેની રૂહની અંદર તેના જીવનકાળના અનુભવો અને વિચારો બાકી રહે છે તેવા લોકો માને છે કે જો રૂહ જીવનકાળ દરમિયાનના અનુભવોને ધરાવતી ન હોય તો કયામતના દિવસે હિસાબ આપવા માટે કઈ રીતે તૈયાર હશે. માટે એ વાત જરૂરી છે કે રૂહ મોત પછી પણ આ દુનિયાના અનુભવો ધરાવતી હોય.

બધા મુસલમાન મુતકલ્લેમીન કે જેમણે ફિલોસૉફીને દીને ઈસ્લામ સાથે સરખાવવાની કોશિશ કરી છે તેમણે એ કોશિશ પણ કરી છે કે તેમની સરખામણી એવી હોય કે જેથી ઉસૂલે દીનનો ઈન્કાર ન થઈ જાય. ઉસૂલે દીનમાં એક કયામત પણ છે માટે મુસલમાન મુતકલ્લેમીને મોત પછી રૂહની બકાની વાત સ્વીકારી છે કારણ કે ફિલોસૉફીની દષ્ટિએ મઆદ અથવા આખેરતને સ્વીકારવાનો એક જ રસ્તો છે અને તે છે રૂહની બકા. (ક્રમશઃ)


**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

## ભાગ-૩

## બોધ વચનો અને ઉપદેશો

<u>હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)</u>

**(૩૫૯) આત્મ સુધારણા :**

અય લોભ લાલચના કેદીઓ ! હવે તો થોભો! કે દુનિયા પર તૂટી પડનારાઓને કાળના અકસ્માતોના દાંત પીસવા સિવાય કોઈ ભયભીત નથી કરી શકતો.

અય લોકો ! પોતાની જાતને સુધારવાની જવાબદારી પોતે સંભાળી લો અને પોતાની આદતોની માગણીઓથી મોં ફેરવી લો.

**(૩૬૦) બદગુમાની :**

કોઈની વાતનો ઉલટો અર્થ ન લો જ્યાં સુધી તેમાંથી ખરો અર્થ લેવાની શક્યતા હોય.

**(૩૬૧) દુઆની રીત :**

જો પરવરદિગારની બારગાહમાં તમારે કંઈ માગવું હોય તો દુઆઓનો આરંભ રસૂલે અકરમ(સ.) પર દુરૂદથી કરો ત્યાર પછી પોતાની હાજતો માગો કે પરવરદિગાર એ વાત તો પૂરી કરી દે અને બીજીને ધ્યાનમાં ન લે.

**(૩૬૨) માનનું રક્ષણ :**

જે પોતાની પ્રતિષ્ઠા બચાવવા માગતો હોય તેણે ટંટા ફિસાદથી દૂર રહેવું જોઈએ.

**(૩૬૩) સમય અને સંજોગ :**

કોઈ વાતના સંભવ પહેલાં ઉતાવળ કરવી અને સમય થઈ ગયા પછી ઢીલ કરવી એ બન્ને મૂર્ખાઈ છે.

**(૩૬૪) નિરર્થક પ્રશ્ન :**

જે વાત બનવાવાળી નથી તેના વિશે સવાલ ન કરો કેમકે જે થઈ ગઈ છે એ જ તમારા માટે પૂરતી છે.

**(૩૬૫) પ્રિય ગુણો :**

ચિંતન અને સ્વચ્છ અરીસો અને ધડો લેવો તે એક અત્યંત નિર્મળ સચેત કરનારો છે. તમારા નફસની સભ્યતા માટે એટલું જ પૂરતું છે કે જે વસ્તુ બીજા માટે પસંદ નથી કરતા તેનાથી ખુદ પોતે પણ પરહેઝ કરો.

**(૩૬૬) ઈલ્મ અને અમલ :**

ઈલ્મનું ભાગ્ય અમલ સાથે જોડાયેલું છે અને જે ખરો આલિમ હોય છે તે અમલ પણ કરે છે. યાદ રાખો કે ઈલ્મ અમલ માટે પોકારે છે અને જો ઈન્સાન સાંભળી લે છે તો સારું નહિતર પોતે પણ ચાલ્યું જાય છે.

**(૩૬૭) ક્રાંતિ અને પલટા :**

અય લોકો ! દુનિયાની મૂડી એક સડેલું ભૂસું છે જેનાથી વબા ફેલાવાવાળી છે. એટલે તેના ચરવાના ખેતરથી સચેત રહો. અહીંથી ઉચાળા ભરવા આરામથી રહેવા કરતાં વધારે લાભદાયક છે અને અહીં જરૂર પૂરતો સામાન ધનવાની કરતાં વધારે બરકતવાળો છે. અહીંના પૈસાદારો માટે એક દિન મોહતાજી લખી દેવામાં આવી છે અને તેનાથી બેપરવા રહેનારને રાહતનો સધિયારો આપી દેવામાં આવ્યો છે.

જેને તેનો શણગાર ગમી ગયો તેની આંખોને તે અંતે આંધળી કરી દે છે. અને જેણે તેની પ્રવૃત્તિને આદત બનાવી લીધી તેના મનને ગમ અને દુઃખથી ભરી દે છે અને આ અનુક્રમ આમ જ ચાલુ રહે છે

ત્યાં સુધી કે તેનું ગળું ટુંપાવી દેવામાં આવે અને તેને ફિઝા(કબ્ર)માં નાખી દેવામાં આવે જ્યાં દિલની બન્ને રગો કપાઈ જાય. ખુદાને માટે તેનો નાશ કરવો પણ આસાન છે અને ભાઈઓ માટે તેને કબ્રમાં નાખી દેવો પણ મુશ્કેલ નથી.

મોમિન એ જ છે કે જે દુનિયાની સામે બોધની નજરે જુએ છે અને પેટ પૂરતા સામાન પર ગુજારો કરી લે છે. તેની વાતોને દુશ્મનાવટ અને તિરસ્કારના કાનોથી સાંભળે છે કે જ્યારે કોઈના માટે કહેવામાં આવે છે કે માલદાર થઈ ગયો છે તો તરત જ અવાજ આવે છે કે નાદાર થઈ ગયો છે અન જ્યારે કોઈની અમરતા વિશે આનંદ માણવામાં આવે છે તો નાશના વિચારથી ગમગીન બનાવી દે છે અને આ બધું એ સમયે છે કે જ્યારે હજી એ દિવસ નથી આવ્યો કે જે દિવસે દુનિયાવાળા હતાશ થઈ જશે.

**(૩૬૮) સવાબ અને સઝા :**

પરવરદિગારે ફરમાંબરદારી પર સવાબ અને ગુનાહ પર અઝાબ એટલા માટે રાખ્યો છે કે બંદાઓને પોતાના ગઝબથી દૂર રાખે અને તેને ઘેરીને જન્નતની તરફ લઈ આવે.

**(૩૬૯) ભવિષ્યવાણી :**

લોકો પર એક એવો સમય આવનાર છે જ્યારે કુરઆનમાં માત્ર નકશ બાકી રહી જશે અને ઈસ્લામમાં માત્ર નામ બાકી રહી જશે. મસ્જિદો ચણતરના હિસાબે આલીશાન હશે અને હિદાયતના હિસાબે બરબાદ હશે. તેના રહેવાવાળા અને વસાવવાવાળા બધા ખરાબમાં ખરાબ જમાનાવાળા હશે. તેમનામાંથી ફિત્નો ઉઠશે અને તેમની પાસે જ ભૂલોને રક્ષણ મળશે. જે તેનાથી બચીને જવા માગતો હશે તેને તેની તરફ પાછો વાળવામાં આવશે અને જે દૂર રહેવા માગતો હશે તેને હાંકીને લઈ આવશે.

પરવરદિગારે ફરમાવ્યું છે કે મારી જાતની કસમ હું એ લોકો પર ફિત્નો સવાર કરી દઈશ કે જે અક્કલવાળાઓને પણ હયરતમાં નાખી દેશે અને આ ચોક્કસ થઈને રહેશે. અમે તેની બારગાહમાં ગફલતોમાં પડવાથી પનાહ માગીએ છીએ.

**(૩૭૦) દુનિયા અને આખેરત :**

કહેવામાં આવે છે કે આપ જ્યારે પણ મિમ્બર પર બિરાજમાન થતા તો ખુત્બો પઢવા પહેલાં આ શબ્દો ઉચ્ચારતા હતા :

લોકો ! અલ્લાહથી ડરો, તેણે કોઈને વ્યર્થ પેદા નથી કર્યો કે રમત ગમતમાં લાગી જાય અને ન સ્વતંત્ર છોડી દીધો છે કે બેકાર કામ કરવા લાગે. આ દુનિયા જે ઈન્સાનની દષ્ટિમાં આકર્ષક બની ગઈ છે તે એ આખેરતનો બદલ નથી બની શકતી કે જેને કુદષ્ટિએ કદરૂપી બનાવી દીધી છે. જે ધોખાવાળી દુનિયા પ્રાપ્ત કરવામાં સફળ થઈ જાય તે એના જેવો નથી કે જે આખેરતમાં અલ્પ હિસ્સો પણ મેળવી લે.

**(૩૭૧) તકવા અને પરહેઝગારી :**

ઈસ્લામથી વધીને કોઈ ઊંચી પ્રતિષ્ઠા નથી અને તકવાથી વધીને માનવંતુ કોઈ માન નથી. પરહેઝગારીથી બહેતર કોઈ આશ્રય નથી અને તૌબાથી વધીને સફળ કોઈ શફાઅત કરવાવાળો નથી. સંતોષથી વધીને માલદાર કોઈ ખજાનો નથી. અને રોઝી પર રાજી રહેવાથી વધીને ગરીબાઈ અને ભૂખને દૂર કરનાર કોઈ માલ નથી. જેણે જરૂર પૂરતા સામાન પર નિભાવ કર્યો તેણે રાહત મેળવી લીધી અને નિરાંતના સ્થળે ઘર બનાવી લીધું.

ઈચ્છા, દુઃખ અને તકલીફની ચાવી અને થાક તથા શ્રમની સવારી છે. લાલચ, ઘમંડ અને ઈર્ષા ગુનાહોમાં કૂદી પડવાનાં સાધનો અને ઉત્તજકો છે અને બદી બધી બૂરાઈઓનો સંગ્રહ છે. *

હઝરત અલી(અ.)ની શાનમાં

# કસીદા قصیدہ

- જનાબ અઝીઝ લખનવી

| | |
|---|---|
| આતા હૈ કોઈ ખલ્કકો હયરાં કિયે હુએ,<br>કુર્આને નાતિક એક તહે દામાં કિયે હુએ. | آتا ہے کوئی خلق کو حیراں کیے ہوئے<br>قرآنِ ناطق اک تہہ داماں کیے ہوئے |
| ઘરસે ખુદાકે નીકલી હૈ યે કૌનસી ઝચા,<br>દીને મોહંમદી પર એક એહસાં કિયે હુએ. | گھر سے خدا کے نکلی ہے یہ کون سی زچہ<br>دینِ محمدی پر اک احساں کیے ہوئے |
| યું લે કે અપની ગોદમેં નિકલી વો મોમિના,<br>જૈસે કોઈ હિફાઝતે ઈમાં કિયે હુએ. | یوں لے کے اپنی گود میں نکلی وہ مومنہ<br>جیسے کوئی حفاظتِ ایماں کیے ہوئے |
| આતી હૈ કિસ શિક્વાસે કોઈ મુખદ્દરા,<br>રોશન ચરાગે દીં તહે દામાં કિયે હુએ. | آتی ہے کس شکوہ سے کوئی مخدّرہ<br>روشن چراغِ دیں تہہ داماں کیے ہوئے |
| સીનેસે અપને મિસ્લ હમાઈલ લગાએ હૈ,<br>સાબિત હર એક પે અઝમતે કુર્આં કિયે હુએ. | سینے سے اپنے مثل حمائل لگائے ہے<br>ثابت ہر اک پہ عظمتِ قرآں کیے ہوئے |
| આતા હૈ કોઈ એહલે તહામાકો દો ખબર,<br>ટુકળે અબુ કુબૈસકે દામાં કિયે હુએ. | آتا ہے کوئی اہل تہامہ کو دو خبر<br>ٹکڑے ابو قبیس کا داماں کیے ہوئے |
| આતા હૈ કોઈ બંદ કિયે ચશ્મે શૌકકો,<br>નઝઝારએ રસૂલકા સામાં કિયે હુએ. | آتا ہے کوئی بند کیے چشمِ شوق کو<br>نظارۂ رسول کا ساماں کیے ہوئے |
| હાથોંમેં ઝર્ફે ગાલિયા મુશ્ક બૂ લીયે,<br>હૂરેં ચલી હૈ ખુલ્દસે સામાં કિયે હુએ. | ہاتھوں میں ظرف غالیۂ مشکبو لیے<br>حوریں چلی ہیں خلد سے ساماں کیے ہوئے |
| કા'બાને આજ ઉસકા તમાશા કિયા હૈ આમ,<br>થા તીન રોઝસે જિસે મહેમાં કિયે હુએ. | کعبے نے آج اُس کا تماشہ کیا ہے عام<br>تھا تین روز سے جسے مہماں کیے ہوئے |

| | |
|---|---|
| સૂરતકદેમેં દહ્ર કે યે આ રહા હૈ કૌન,<br>સાને'કો અપની શક્લ પે હયરાં કિયે હુએ. | صورت کدے میں دہر کے یہ آ رہا ہے کون<br>صانع کو اپنی شکل پہ حیراں کیے ہوئے |
| બાઝારે મિસર ઢુંઢ રહી હૈ કોઈ નિગાહ,<br>શૌકે તકાબુલે મએ કન્આં કિયે હુએ. | بازارِ مصر ڈھونڈ رہی ہے کوئی نگاہ<br>شوقِ تقابلِ مہِ کنعاں کیے ہوئے |
| થા ઈન્તેઝાર જિસકા ઝમાનેકો આ ગયા,<br>સબ બંદોબસ્ત આલમે ઈમ્કાં કિયે હુએ. | تھا انتظار جس کا زمانے کو آگیا<br>سب بندوبست عالمِ امکاں کیے ہوئے |
| લો આ ગયા જહાંમેં હલ્લાલે મુશ્કિલાત,<br>દુશ્વારીયાંકો ખલ્કકી આસાં કિયે હુએ. | لو آگیا جہاں میں حلاّلِ مشکلات<br>دشواریوں کو خلق کی آساں کیے ہوئے |
| લો આ ગયા મુન્તઝિમે શર્એ એહમદી,<br>હર કામ અપની શાનકે શાયાં કિયે હુએ. | لو آگیا وہ منتظم شرع احمدی<br>ہر کام اپنی شان کے شایاں کیے ہوئے |
| ઈસ્લામકો નવીદ કે આતા હૈ અબ કોઈ,<br>અંદેશા હાએ સઈ ફરાવાં કિયે હુએ. | اسلام کو نوید کہ آتا ہے اب کوئی<br>اندیشہ ہائے سعی فراواں کیے ہوئے |
| * | * |

**શબ્દાર્થ** **કુર્આને નાતિક** : બોલતું કુરઆન **ઝચા** : બાળકને જન્મ આપનાર સ્ત્રી, પ્રસૂતા **શિકવા** : ફરિયાદ **મુખદરાઃ** પર્દાનશીન સ્ત્રી **હમાઈલ** : નાનકડું (તાવીઝ જેવું) કુરઆન **એહલે તહામા** : મક્કાવાસીઓ **અબુ કુબૈસ** : મક્કાનો પ્રખ્યાત પહાડ કે જેના પર પયગમ્બર(સ.)એ ચાંદના બે ટુકડા કરવાનો મોઅજિઝો બતાવ્યો હતો **નઝઝારા** : દીદાર, દર્શન **ગાલિયા** : એક સુગંધિત દ્રવ્ય **સૂરતકદાઃ** તસ્વીરગૃહ **ઝર્ફે ગાલિયા** : સુગંધી દ્રવ્ય ધરાવતું વાસણ **દહ્ર** : સમય **સાને'** : કારીગર, શિલ્પકાર **તકાબુલ** : એક બીજાની સામે હોવું **મએ કન્આં** : કન્આનનો ચંદ્ર (હઝરત યૂસુફ(અ.)) **ઈમ્કાં** : સંભાવના **હલ્લાલે મુશ્કિલાત** : મુશ્કેલીઓનું નિવારણ કરનાર **મુન્તઝિમ** : પ્રબંધક, વ્યવસ્થા કરનાર **શર્એ એહમદી** : મોહંમદ(સ.)નો સીધો રસ્તો, મઝહબ **શાનકે શાયાં** : શાનને અનુરૂપ **નવીદઃ** ખુશખબરી **અંદેશા** : શંકા, ભય, ચિંતા **સઈ** : પ્રયત્ન, પરાક્રમ, કોશિશ **ફરાવાં** : ખૂબ જ વધારે

**ટહુકો** 'જાફરી આવાઝ'(માસિક)માં **'આરોગ્યની સાચવણી'** વિભાગમાં માર્ચ-૨૦૧૧ના લેખમાં હિમોગ્લોબિનની ઊણપ હોય તો તેને વધારવા માટે તેમાં બતાવેલ દ્રાક્ષનો પ્રયોગ કરવાથી મને માત્ર અઢાર દિવસમાં તેનું આશ્ચર્યજનક પરિણામ મળેલ છે. આનો પ્રયોગ શરૂ કરવા પહેલાં મારા શરીરમાં હિમોગ્લોબિનનું પ્રમાણ ૧૧.૮૦ હતું. અઢારમા દિવસે ફરીથી રિપોર્ટ કરાવતાં તેનું પ્રમાણ વધીને ૧૨.૭૦ થયું હતું. અન્ય લોકોએ પણ આ પ્રયોગ અજમાવવા જેવો છે.

-**મો.આબિદહુસૈન રસૂલભાઈ સેલીયા** (નૂતન મેડીકલ સ્ટોર્સ, અમદાવાદ (સંપર્ક : ૯૯૭૪૩૩૦૨૫૦))

ફુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

સૂરા નં.૬૮ સૂરએ કલમ

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **જેથી સવાર થતાં તેઓ એક બીજાને બોલાવવા લાગ્યા.(૨૧)**

**કે જો તમારે ફળ ઉતારી લેવાં હોય તો આપણા બગીચે પરોઢિયે જ ચાલો. (૨૨)**

**જેથી તેઓ ચાલ્યા અને ધીમે ધીમે આ કહેતા જતા હતા. (૨૩)**

**કે આજે કોઈ ગરીબ (માણસ) તમારા બગીચામાં દાખલ થવા ન પામે. (૨૪)**

**અને (કંજૂસાઈનો) હેતુ પાર પાડવા માટે નિશ્ચિંત બની પરોઢિયે જ ત્યાં જઈ પહોંચ્યા. (૨૫)**

**પછી જ્યારે તેને (ઉજ્જડ થઈ ગયેલો) જોયો ત્યારે કહેવા લાગ્યા કે આપણે ખરે જ માર્ગ ભૂલી ગયા લાગીએ છીએ. (૨૬)**

**પછી આપણે છીએ જ હતભાગી. (૨૭)**

**તેઓમાંથી જે સૌથી સારો હતો તેણે તેમને કહ્યું કે મેં તમને કહ્યું ન હતું કે તમે અલ્લાહની પવિત્રતા શા માટે વર્ણવતા નથી ? (૨૮)**

**(ત્યારે તેઓ) કહેવા લાગ્યા કે અમારો પરવરદિગાર પાક છે, બેશક અમે જ જુલમગાર હતા. (૨૯)**

**હવે લાગ્યા એકમેકને ઠપકો આપવા. (૩૦)**

**અને કહેવા લાગ્યા કે હાય દુર્દશા અમારી ! ખચીત જ અમે શીરજોર હતા. (૩૧)**

**કદાચને અમારો પરવરદિગાર એના બદલામાં અમને એ કરતાં ય સરસ આપે, બેશક અમે અમારા પરવરદિગાર તરફ (આસ્થાપૂર્વક) રજૂ થઈએ છીએ. (૩૨)**

એ બરબાદીની એ ભાઈઓને ખબર ન હતી. તેઓ સવાર થતાં જ ઊઠીને ખુશ થતા થતા ફળો તોડવા માટે બાગ તરફ ગયા. પછી તેઓ સર્વે બાગમાં પહોંચ્યા, તેઓ ફકીરોના ભયથી છૂપી રીતે વાતો કરતા હતા અને કહેતા હતા કે આજે એ બાગની અંદર તમારી પાસે કોઈ ફકીર દાખલ થવા પામે નહીં. આમ તેઓ જ્યારે બાગ પાસે ગયા તો તેને ઉજ્જડ થયેલો જોયો તો કહેવા લાગ્યા કે ખરેખર આપણે રસ્તો ભૂલી ગયા છીએ કારણ કે આપણો બાગ તો ફળોથી ભરેલો હતો. જ્યારે આ બાગ કોઈ બીજાનો લાગે છે. પછી જ્યારે તેમણે બરાબર ધ્યાન આપ્યું તો તેમને સમજ પડી કે આ તેમનો જ બાગ છે તેથી તેમણે કહ્યું, આ બાગ પર તો આફત આવી પડી છે. આપણે ફકીરોને વંચિત રાખ્યા અને ઈન્શાઅલ્લાહ ન કહ્યું તેનું જ આ પરિણામ છે. તેમનામાંનો જે અક્કલમંદ હતો જે ફકીરોને આપવા માટે રાજી હતો, તેણે કહ્યું કે મેં તમને કહ્યું ન હતું કે તમો અલ્લાહની પવિત્રતા શા માટે વર્ણવતા નથી ? ત્યારે તેઓ કહેવા લાગ્યા કે અમારો પરવરદિગાર પાક છે. બેશક અમો જ જુલમગાર હતા પછી તેઓ એકબીજા તરફ મોઢું કરીને એક બીજાને ભલું બૂરું કહેતા હતા અને ઠપકો આપતા હતા અને કહેવા લાગ્યા કે હાય દુર્દશા અમારી, ખચીત જ અમો શીરજોર હતા, પછી તેમણે પ્રશ્ચાતાપ કરીને કહ્યું કે અમો આશા રાખીએ છીએ કે અમારો રબ અમારી ભૂલને માફ કરી દેશે અને અમને તેના બદલે ઉત્તમ બાગ આપશે. ઈબ્ને અબ્બાસથી વર્ણન છે કે ખુદાએ તેમની તૌબા કબૂલ કરી અને એક એવો બાગ અતા કર્યો કે જેમાં પુષ્કળ ફળો હતાં.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અઝાબ પણ એવો જ હોય છે અને આખેરતનો અઝાબ (એ કરતાં) કેટલો ય વધારે છે, જો તેઓ સમજતા**

હોય તો. (૩૩)

**બેશક પરહેઝગારો માટે તેમના પરવરદિગાર પાસે નેઅમતોવાળી જન્નતો છે. (૩૪)**

**શું અમે ફરમાબરદારોને ગુનેહગારો જેવા કરી દઈશું ? (૩૫)**

**તમને શું થઈ ગયું છે ? કેવો ન્યાય કરો છો?(૩૬)**

**અથવા શું તમારી પાસે કોઈ કિતાબ છે કે જેમાં તમે પઢો છો. (૩૭)**

**કે જે કાંઈ તમે પસંદ કરશો તે જ તેમાં છે ? (૩૮)**

**અથવા શું તમોએ અમારી પાસે સોગંદ લેવડાવ્યા છે કે જે કયામત પર્યંત ચાલ્યા કરશે કે જે કાંઈ તમે હુકમ કરશો તે તમને જરૂર મળી જશે?(૩૯)**

હવે અલ્લાહ ડરાવવા માટે ફરમાવે છે કે આ સુદાનવાળાઓને અઝાબ થયો તે જ પ્રમાણે અમો દુનિયામાં અઝાબ કરીએ છીએ. જો કે આખેરતનો અઝાબ આના કરતાં ઘણો જ સખત છે જો તેઓ સમજતા હોય. પરહેઝગારો માટે આખેરતમાં તેઓના રબ પાસે નેઅમતોવાળી બેહિશ્ત છે.

જ્યારે કુરેશીઓના લૂંટેરાઓએ સાંભળ્યું કે મોમિન માટે આખેરતમાં મોટા મરતબા છે. તેઓ જન્નતમાં જશે અને ઉમદા નેઅમતો મેળવશે તો કહેવા લાગ્યા કે મોહંમદ(સ.) અને તેમના અસહાબો જે કહે છે તે ખોટી વાત છે, જો તેમને નેઅમતો મળશે તો અમને તેમના કરતાં વધારે સારી નેઅમતો મળશે કારણ કે દુનિયામાં અમને તેમના કરતાં વધારે સારી નેઅમતો મળેલી છે ત્યારે અલ્લાહે આ આયત નાઝિલ ફરમાવી.

અય કાફરો ! તમને શું થયું છે ? તમે મુસલમાનો અને મુશરિકો સરખા હોવાનો કેમ હુકમ કરો છો ? શું ? બદલો આપવાનું તમને સોંપવામાં આવ્યું છે કે તેમાં તમે તમારી મરજી પ્રમાણે વર્તો ?

શું તમારી પાસે આસમાનથી કોઈ કિતાબ ઉતારવામાં આવી છે ખરી કે જેને તમે વાંચતા રહો છો?

અને સમજતા હો કે ખરેખર તમારા માટે તમે જે પસંદ કરો છો અને તમે જે ચાહો તે કરો અને ચાહો તે હુકમ આપો ? અથવા શું તમે અમારી પાસે સોગંદ લેવડાવ્યા છે કે જે કયામત સુધી ચાલ્યા કરશે અને જે કંઈ તમે હુકમ કરશો તે તમને જરૂર મળી જશે ? (ક્રમશઃ)

## એસ.એસ.સી./એચ.એસ.સી./સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ તથા ઈજનેરી શાખા અને ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓએ પારિતોષિકો માટે માહિતી મોકલવા બાબત.

સમગ્ર બાવીસી જમાઅતમાંથી માર્ચ-૨૦૧૧માં લેવાયેલ **એસ.એસ.સી.** (ભાઈઓ તથા બહેનો) **એચ.એસ.સી.** સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહના ભાઈઓ તથા બહેનો તથા સ્નાતક કક્ષાની બહેનો, તા.૧-૬-૨૦૧૦ પછી જેમણે બાવીસી જમાઅતમાંથી ઈજનેરી શાખાની કોઈ **ડિગ્રી, પી.એચ.ડી., એમ.એસ., એમ.ડી.**ની પદવી તથા **એમ.બી.બી.એસ., બી.એ.એમ.એસ., બી.ડી.એસ., વેટેનરી ડોક્ટર, હોમિયોપેથિક**ની ડીગ્રી મેળવી હોય તેમજ સાબરકાંઠામાંથી જેમણે **બી.ફાર્મ** કે **એમ.ફાર્મ**ની ડીગ્રી મેળવી હોય તેમણે પોતાના ગુણપત્રકોની પ્રમાણિત કરેલી નકલ તથા જો ફોટો છાપવાનો હોય તો પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો(બહેનોએ ઓઢણી ઓઢેલ) મોડામાં મોડા તા.૧૦-૭-૨૦૧૧ સુધીમાં મળી જાય તે રીતે નીચેના સરનામે મોકલી આપવા. ફોટાની પાછળ પોતાનું નામ અને માર્કશીટની પાછળ નામ, સરનામું, ફોન નંબર અવશ્ય લખેલું હોવું જરૂરી છે. નામ સરનામું લખેલ ન હોય તો સંપર્ક કરવાની ખૂબ મુશ્કેલી પડે છે.

**સરનામુ : મો.ગુલામમહંમદ પટેલ 'માસુમ' મહેરપુરી**

**સરકારી આયુર્વેદિક હોસ્પિટલ પાછળ, મુ. ઝહીરાબાદ, પો. સવગઢ, તા. હિંમતનગર,**

**જિ. સાબરકાંઠા. પીન - ૩૮૩ ૦૦૧. મોબાઈલ : ૯૬૮૭૬૭૯૫૧૩**



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૮૯

**એ જીવ તો પંથી નૂર પીયાકા,**
**જું પીયુ તન તનમેં એ મલના જીયાકા.**

(હઝરત પીર મશાયખ(રહેમતુલ્લાહ અલયહા) બાવા ફરમાવે છે કે અય પંથી ! તારો આ જીવ છે, તારી રૂહ છે તે પીયુનું નૂર છે. જેવી રીતે પીયુ દરેક તનમાં (સમાયેલો) છે તેવું જીવ અર્થાત રૂહની બાબતમાં પણ છે.)

**જીવ કેરા ઠાંમા જબ તું પિછાંના,**
**પીયાજી તો પંથી તબ તેં જાંના.**

(અય તરીકતના પંથી ! જ્યારે જીવ અર્થાત રૂહના સ્થાનને તું ઓળખી લઈશ, તેની માઅરેફત પ્રાપ્ત કરી લઈશ તો તું પીયુને પણ ઓળખી લઈશ, પીયુની માઅરેફતને પણ તું પ્રાપ્ત કરી લઈશ.)

**પાંણી કેરે સીંચે જું દરખત હોવે,**
**તો રે પાંણી લકડા કદી નાં ડુબોવે.**

(છોડને પાણી સીંચવાથી / પાણી પાવાથી તે મોટું ઝાડ બની જાય છે તો તે પાણીમાં લાકડાનો ટુકડો નાખવામાં આવે તો પાણી તેને કદી ડૂબવા દેતું નથી.)

**તો જો રે જીવ પીયાને તનસું કીતા,**
**તો દેખો જાં રે જીયા વાં હોવેગા મીતા.**

(તો જે જીવ પીયુએ તનથી બનાવેલ છે તો જુઓ કે જ્યાં જીયા અર્થાત રૂહ હશે ત્યાં અલ્લાહ હશે.)

**તો જીવ પંથી ઝિકર અલ્લા રે આખે,**
**વે એક દમ આપ મુખ દુર નાં રાખે.**

(તો અય પંથી ! માણસનો જીવ છે તે અલ્લાહનો ઝિક્ર કર્યે જાય છે. તે એક શ્વાસ, એક ક્ષણ સુધી પોતાના મુખથી ઝિકર કરવાનું દૂર નહીં રાખે.)

**જીયા કે ને પીયા કે હે અસલકા નેહા,**
**તો એક એક દુજેસું નાં દેવે છેહા.**

(જીવનને - રૂહને અને પીયુને અસલથી જ સ્નેહ છે, પ્રેમ છે અને તેથી જ તો તેમાંનો એક જણ બીજાને દગો દેતો નથી.)

**પણ જીવડા રે ગઢમાં પરવશ રે કહીએ,**
**તો ભાર ઉસ ગઢકા સો જીવ સર લહીએ.**

(પરંતુ શરીર રૂપી ગઢની અંદર જે જીવ છે તે પરવશ છે એટલે કે બીજાને આધીન છે. તો તે ગઢનો સમગ્ર ભાર જીવના માથા ઉપર છે.)

**તબ જા પીયાસું હોવે રે જુદાઈ,**
**જબ જા ચોરૂં કી લાગે રે કમાઈ.**

(જ્યારે જીવ શયતાનરૂપી ચોરોની કમાણી કરતો થઈ જાય છે ત્યારે પીયુ અને જીવ વચ્ચે જુદાઈ થઈ જાય છે.)

**તો દેખોને પંથી તુજ તન જીયા,**
**કે કોટડીકે ભીતર કોટ માંહી દીયા.**

(તો અય પંથી ! તું જોતો ખરો કે તારા તનમાં, તારા શરીરમાં જે જીવ છે તે કોટડીની અંદર જેની ફરતે કોટ આવેલ છે તેમાં દીવો મૂકવામાં આવેલ છે.)

**જો ગઢકી રે હકૂમત પંથી રે પાવે,**
**તો રે જીવ અપના બંદથી છોડાવે.**

(જો પંથી ગઢની હકીકત કેવી છે તેની માહિતી મેળવી લે તો જ જીવ પોતાના બંધનમાંથી મુક્ત થાય.)

**પંથી જીવ મુખે હે નાંમ અલ્લાહકા,**
**વે ક્યું રે બિસારે પિયુજી સદાકા?**

(હે પંથી ! જે જીવના મુખે અલ્લાહના નામનું જ રટણ હોય તો તે પીયુને સદાને માટે કેવી રીતે ભૂલી જાય ?)

**પણ જીવ બીચ તેરે હે ગઢ અપારા,**
**તો જે સુણને નાં પાવે પંથી વે ગમારા.**

(પરંતુ તારા જીવની વચ્ચે પાર વગરનો ગઢ આવેલો છે તો જે પંથી તેને સાંભળી ના શકે તેવો પંથી ગમાર જેવો છે.)

**ઈસમાં અંધારા ભી ગઢ માંહી એસા,**
**જું રાત અંધારી ને બાદલ તેસા.**

(વળી શરીર રૂપી ગઢની અંદર એટલું બધું અંધારું છે કે જેવી રાત અંધારી ઘોર હોય છે અને વાદળ પણ કાળું ભમ્મર હોય છે.)

**તો દીવે રે બિના પંથી ક્યું જાવે,**
**બિન ઉજાલે જીવ નાં પાવે.**

(તો હવે દીવા વગર પંથી તેવા ગઢની અંદર કેવી રીતે જાય ? અજવાળા વગર તે જીવને પ્રાપ્ત જ ન કરી શકે.)

**તો દુકાંન પંસારી થી લીજે રે તેલા,**
**તો પાવે રે પંસારી તો પંથ ચલ અકેલા.**

(તું પંસારીની એટલે કે તેલના વેપારી પાસેથી તેલ લઈ લે. જો પંસારી અર્થાત તેલનો વેપારી તને મળી જાય તો તું એ પંથ પર ચાલ્યો જા.)

**બિન રે પંસારી નો હોવે રે મશાલા,**
**તો અંધારે નાં પાવે પીયુજી ઉજાલા.**

**-: રે તુંહી :-**

(પંસારી વગર - તેલના વેપારી વગર તારી પાસે અજવાળા માટેની મશાલ નહીં હોય તો અંધારામાં પીયુજીનું અજવાળુ તો તું નહીં મેળવી શકે.)

**જીયા પીયા તન થી, હે તનમાં દોનું બાસ રે,**
**હે તનમાં દોનું બાસ;**
**દીપક લે જો પંથ ચલે, નહીં તો હોવે નિરાસ રે,**
**નહીં તો હોવે નિરાસ.**

(જીવ અને પીયુ બન્ને તન અર્થાત શરીરથી છે. આ બન્નેનું રહેઠાણ શરીરમાં છે. પોતાના હાથમાં દીપક લઈને તું તારા પંથ ઉપર ચાલ્યો જા. જો એવું નહીં કરે તો તું નિરાશ થઈ જવાનો.)

**બયાન નં.૮૭**

**ચાબુક લે પહેલા જે હે રે પવંના,**
**તો કોટવાલ હોવે તેરા રે મંના.**

(હઝરત પીર મશાયખ(રહેમતુલ્લાહ અલયહા) બાવા તરીકતના માર્ગની શોધના અનુસંધાનમાં ફરમાવે છે કે પવન પોતાના હાથમાં વીજળી રૂપી ચાબુકને સૌ પ્રથમ પકડી લે તો તે કોટવાળ તારો પોતાનો બની જાય.)

**જું બીજલી ઝબુકે બાદલ રે માંહાં,**
**બાદલ બરસે તબ ઉસ ઠાંહાં.**

(જેમ જેમ વાદળોમાં વીજળી ઝબુકવા માંડશે તેમ તેમ વાદળોમાંથી વરસાદનાં ટીપાં વરસવા માંડશે.)

**જો ચાબુક બિજલી હે બાદલ કેરી,**
**તો ડર કેરે મારે કરે બોત ફેરી.**

(વીજળી રૂપી ચાબુક વાદળાંને ડર બતાવવા માટે છે તેથી વીજળીના ડરનાં માર્યા વાદળાં આમ તેમ ઝડપથી ફરવા માંડે છે.)

**ગાજ જિધર ચલાવે ઉધર એ જાવે,**
**જું ફરિશ્તા બિજલીકા ડર રે દિખાવે.**

(વીજળી ઉપર નિયુક્ત થયેલો ફરિશ્તો વીજળીના ચાબુકનો ડર બતાવે તે પ્રમાણે તે જે દિશામાં ગાજ ફેરવે તે દિશામાં વાદળાં જાય.)

**જો એ હે રે ચાબુક માંહી અસમાંના,**
**તો સઘલે બાદલું એ હુકમ રે માંના.**

(આસમાનમાં વીજળી રૂપી ચાબુક છે તેના ડરને લીધે તો બધાં વાદળો તેના હુકમનું પાલન કરે છે.)

**તો બાદલ મેહા હુવા ફરમાંની,**
**જો બિજલીકી ચાબુક ખરી રે પિછાંની.**

(તો વરસાદી વાદળાં વીજળી રૂપી ચાબુકનો ડર જાણીને ફરિશ્તાના હુકમથી ફરમાબરદારી કરે છે.)

**તો સુન રે પંથી એ રે તુજ દેહા.**
**ચાબુક રે બિના દેવે તુજે છેહા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે અય તરીકતના પથિક તું સાંભળ કે તારા શરીરમાં પણ આવી જ પરિસ્થિતિ છે ચાબુક ન હોય તો તને દગો દે.)

**ચાબુક પહેલા હાથ કર તોરે,**
**તો હુકમ રે માંને મેવાસી બોતેરે.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા સલાહ આપતાં તરીકતના પથિકને ફરમાવે છે કે તું સૌ પ્રથમ તો તારા હાથમાં ચાબુકને લઈ લે. જો તારા હાથમાં ચાબુક હશે તો જ ચોર લૂંટારા તારો હુકમ માનશે.)

**તો ચાબુક હાથ કર બોત ફિરાંના,**
**તબ જા ને ટુટે તાલા ગમાંના.**

(તો સર્વ પ્રથમ ચાબુકને તારા હાથમાં લઈને તેને ખૂબ ફેરવ અને ત્યારે જ ગુમાનનું તાળું તુટશે.)

**કોટ ફિકરકા હે તુજ એસા,**
**તો કરાર દરવાંના હે દેખ કેસા.**

(તારી ફિકરનો કોટ આવો છે માટે તું પ્રથમ તો એ જોકે કરાર (શાંતિ) રૂપી દરવાન કેવો છે.)

**તો ફિકર રે માંહાં કરાર નાં પાવે;**
**તો દરવાજા કિસ પાસ પંથી રે ખોલાવે?**

(જો ફિકર હોય, દહેશત હોય તો તું કરાર અર્થાત શાંતિ મેળવી નહીં શકે તો પછી હે પંથી ! તું દરવાજાને કોની પાસે ખોલાવીશ ?)

**જો ફિકરમાં ડુબા તુજ રે કરાર,**
**તો ઢુંઢે બિના નાં પાવે પંથી રે બિચારા.**

(જો તારો કરાર, તારી શાંતિ ચિંતાની અંદર જ ડૂબેલી હોય તો તે શાંતિને શોધ્યા વગર પંથી બિચારો અને નિઃસહાય બની જશે.)

**તો સુણ પંથી ફિકર કાત કું કહીએ;**
**જે નકામા હે કાંમા ઉસકું લહીએ.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે અય પંથી તું સાંભળી લે કે ફિકર અથવા ચિંતા કોને કહેવામાં આવે છે. ફિકર એને કહેવાય કે જે નકામાં કામો હોય.)

**કે બેઠા રે પંથી મન માંહે દેખે,**
**ને આગલે ને પિછલે કાંમ લાવે લેખે.**

(જે પંથી બેઠો બેઠો પોતાના મનમાં એવું

## ઝહીર હોસ્ટેલ / ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ, ઝહીરાબાદને મળેલ સ્વૈચ્છિક ડોનેશન

રૂા.૭૨૫૩૦/- મો. હાજી ઈસ્માઈલભાઈ યુસુફભાઈ ઘો (મુજાવર) (કાકોશી) તરફથી
રૂા.૩૧૦૦૦/- મો. ગુલામહુસૈન જલાલભાઈ વિજાપુરા (કિશોરગઢ) તરફથી
રૂા.૨૫૦૦૦/- મો. ઈસ્માઈલભાઈ સુલેમાનભાઈ નુરભાણેજ **'મહેર ટૂર'**(ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧૦૦૦૦/- મો.ગુલામહુસૈન પટેલ, તંત્રી : ભૂતપૂર્વ **'જ્ઞાનોદય'** (માસિક)(બાદરપુર) તરફથી
રૂા.૧૦૦૦૦/- મો. શબ્બીરઅલી ઈસ્માઈલભાઈ કડીવાલા **'ફલેમબોયન્ટ'** (સિધ્ધપુર) તરફથી
રૂા.૧૦૦૦૦/- હિરેનભાઈ કે. પટેલ **'સીટી ટાઈલ્સ'** (હિંમતનગર) તરફથી
રૂા.૮૦૦૦/- મો.ફતેહમહંમદ હાજી દાઉદભાઈ ડોડીયા (મહેરપુરા) તરફથી
રૂા.૫૦૦૦/- મો. ઈબ્રાહીમભાઈ સુલેમાનભાઈ મસી (મહેરપુરા) તરફથી

વિચારે કે મેં જીવનમાં આગલાં અને પાછલાં કામો ક્યાં કર્યાં હતાં. આવાં બધાં કાર્યોને ગણતરીમાં લેતો હોય તો તે નકામાં કામ કહેવાય.)

**કે મેં ચું કીતા, નાંહી મુજે એ કરના,**
**ચું આગલે ને પિછલે કાંમ મન ધરના.**

(પંથી પોતાના મનમાં એવો વિચાર કરે કે મેં આ કાર્ય જે કર્યું છે તે કાર્ય મારે કરવું જોઈતું નહોતું. આવી રીતે આગળનાં અને પાછળનાં કાર્યો વિષે પોતાના મનમાં વિચારતો હોય.)

**તો સુન એ રે પંથી ફિકરકા નાંમા,**
**કે એકઠે કરનો નકાંમે રે કાંમા.**

(તો અય તરીકતના પથિક તું સાંભળી લે કે આ બધાં ફિકરનાં કામો છે. આ બધાં કામોને એકઠાં કરવાં એ નકામી બાબત છે.)

**એ કાંમ દુર જો મનસું કીજે,**
**તબ જા નો કરાર હાથ જ લીજે.**

(અય તરીકતના પથિક ! જો તું આવાં બધાં કાર્યોને તારા મનમાંથી દૂર કરી દઈશ, મનમાંથી કાઢી નાખીશ ત્યારે જ કરાર અર્થાત શાંતિને તું પ્રાપ્ત કરી શકીશ.)

**હુવા હુકમ પીયાકા તો કાંમ મેં કીતા,**
**કરેગા જે કાંમા જું ચાહેગા મીતા.**

**-: રે તુંહી :-**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે પીયુનો મને હુકમ થયો એટલે મેં આ કાર્ય કર્યું અને હું એવું જ કાર્ય કરીશ કે જેવું કાર્ય મારો પીયુ મારી પાસે ચાહતો હોય. (એવું હંમેશાં વિચારવું જોઈએ.))

**ચાબુક બિન મેવાસીઆ, એ તુજ તન કે ચોર રે,**
**એ તુજ તન કે ચોર;**
**ઈંનુને બજાર લુંટ કર, કીયા અંધારા ઘોર રે,**
**કીયા અંધારા ઘોર.**

(ચાબૂક વગર બધા જ ચોર ડાકૂઓ તારા શરીરના ચોર છે. તેમણે તો બજારને લૂંટી દઈને અંધારું ઘોર કરી નાખ્યું છે.) *

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

## ? ઈસ્લામી કવીઝ નં. ૨૦૭

**(૧) 'સિદ્રતુલ મુન્તહા' નામનું બોરડીનું ઝાડ કયા આસમાન પર આવેલું છે ?**
(A) પહેલા આસમાન પર
(B) ચોથા આસમાન પર
(C) સાતમા આસમાન પર

**(૨) મેઅરાજ વખતે ચોથા આસમાન પર હઝરત રસૂલે ખુદા(સ.)એ પોતાની વીંટી કોના મોઢામાં મૂકી દીધી હતી ?**
(A) એક શેરના મોઢામાં
(B) એક ફરિશ્તાના મોઢામાં
(C) એક નબીના મોઢામાં

**(૩) 'અના મસલી અલ કિબ્લતૈન'** (અસહાબોમાં હું જ માત્ર એવો છું કે જેણે એક જ નમાઝ બે કિબ્લાઓ તરફ પઢી છે.) **હઝરત અલી મુર્તઝા(અ.)એ ઉપરના શબ્દો કયા પ્રસંગ પછી ઉચ્ચાર્યા હતા ?**
(A) કા'બાના શુધ્ધિકરણ પ્રસંગે
(B) તહ્‌વીલે કા'બાના પ્રસંગે
(C) મુબાહિલાના પ્રસંગે

**(૪) હઝરત રસૂલે ખુદા(સ.) મેઅરાજ માટે તશરીફ લઈ ગયા તે રાત્રે કઈ તારીખ હતી ?**
(A) ૧૭ મી રબીઉલ અવ્વલ
(B) ૨૭ મી રજબ (C) ૧૩ મી રજબ

**(૫) 'હદસ' એટલે શું ?**
(A) એવી નજાસત જેનાથી વુઝૂ કે ગુસલ વાજિબ થાય.
(B) એવી ઈર્ષા કે અદેખાઈ જે બીજાની કરવામાં આવે.
(C) એવી ક્રિયા કરવી કે જેનાથી બીજાને દુઃખ થાય.

**(૬) બારમા ઈમામ જ્યારે ઝુહૂર ફરમાવશે ત્યારે કયા નબી આપની પાછળ નમાઝ પઢશે ?**
(A) હઝરત ઈદરિસ પયગમ્બર(અ.)
(B) હઝરત ખિઝર પયગમ્બર(અ.)
(C) હઝરત ઈસા રૂહુલ્લાહ(અ.)

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## JOY (આનંદ)

غـمـی کـز پیَش شـادمـانـی بـــری
بـِه از شادیی کـز پَسَش غـم خوری

**ગમી કઝ પેશ શાદમાની બુરી**
**બે અઝ શાદી કઝ પસશ ગમ ખૂરી**

(આનંદ કે જેના પછી દુ:ખ આવે છે એના કરતાં તો દુ:ખ કે જે આનંદ પછી આવે છે તે તમારા માટે વધારે સારું હોય છે.)

## KING'S DUTY (બાદશાહની ફરજ)

پـادشـاه پـاسـبـان درویـش اسـت
گرچه رامش به فرّ دولت اوست
گـوسپـند از برای چـوپـان نیست
بلکه چوپان برای خدمت اوست

**બાદશાહ પાસબાન દુરવેશ અસ્ત**
**ગર ચે રામશ બે ફર્ર દૌલત અસ્ત**
**ગોસ્પંદ અઝ બરાઈ ચોપાન નીસ્ત**
**બલ્કે ચોપાન બરાઈ ખિદમત અવસ્ત**

(બાદશાહ ગરીબ માણસોનો પહેરેદાર છે. જો કે શાંતિ તેના ભપકાને લીધે હોય છે. ઘેટાં કંઈ ભરવાડ માટે નથી બલ્કે ભરવાડ જ ઘંટાંની સેવા કરવા માટે છે.)

## KNOWLEDGE (ઈલ્મ/જ્ઞાન)

بپرس هرچه ندانی که ذُلّ پرسیدن
دلیلِ راه تو باشـد بـه عـَزّ دانایی

**બ પરસ હર ચે નદાની કે ઝુલ્લે પરસીદન**
**દલીલે રાહ તૂ બાશદ બે ઈઝઝે દાનાઈ**

(જે કંઈ ન જાણતા હો તે પૂછી લો કેમકે પૂછવાની તકલીફ લેવાનું પરિણામ ઈલ્મ પ્રાપ્ત કરવાના સન્માનમાં આવશે.)

مـیـراث پـدر خـواهـی، علم پدر آموز
کین مال پدر خرج توان کرد به ده روز

**મીરાસે પિદર ખ્વાહી, ઈલ્મે પિદર આમોઝ**
**કૈન માલે પિદર ખરજ તવાન કર્દ બે દહ રોઝ**

(જો તારે તારા પિતાના ધનના વારસદાર થવું હોય તો તારા પિતાના ઈલ્મને હસ્તગત કર કેમકે (જો તું ઈલ્મથી અજાણ હોઈશ તો) તેમની ધનસંપત્તિ દસ દિવસમાં ખર્ચાઈ જશે.)

## LEADERSHIP (નેતાગીરી/આગેવાની)

تـمـیز باید و تدبیـر و عقل، وآنگه ملـک
که ملک و دولـت نادان سلاحِ جنگ خداست

**તમીઝ બાયદ વ તદ્‌બીર વ અકલ વ આન્ગા મલક**
**કે મલક વ દૌલતે નાદાન સલાહે જંગ ખદાસત**

(પરખશક્તિ, દુરંદેશીપણુ અને વિવેકબુધ્ધિ આ બધી મૂળભૂત આવશ્યક જરૂરિયાતો છે અને ત્યાર પછી રાજ્યશાસન આવે. આગેવાની અને સત્તા જો કોઈ અજ્ઞાની માણસના હાથમાં સોંપવામાં આવે તો તે ભગવાનની સામે યુધ્ધ છેડવા માટેનાં હથિયારો સમાન છે.)

## LEANNESS (પાતળાપણું)

آن شـنـیـدی کـه لاغـری دانـا
گـفـت بـاری بـه ابـلـه ای فـربـه
اسـب تـازی اگـر ضـعـیـف بـود
هـمـچـنـان از طـویـلـه ای خـر بـه

**આન શનીદી કે લાગરી દાના**
**ગુફ્ત બારી બે અબલા અય ફરબા**
**અસબ તાઝી અગર ઝઈફ બૂદ**
**હમચુનાન અઝ તવીલા અય ખરબા**

(શું તમે સાંભળ્યું છે ખરું કે એક વખત એક ડાહ્યા પાતળા માણસે એક મૂર્ખ જાડા માણસને શું કહ્યું હતું? 'કોઈ અરબી ઘોડો ભલેને નબળો હોય તેમ છતાં તે ગધેડાઓથી ભરેલા તબેલા કરતાં વધારે સારો છે.')

**ای کــه شـخـص مـنـت حـقـیـر نمود**
**تـــا درشـتـــی هـــنـــر نـپـنـــداری**
**اســبِ لاغــرمــیـان بـــکار آیـــد**
**روز مــَــیـــدان، نـــه گـــاوِ پـروارى**

**અય કે શખસ મનાત હકીર નામૂદ**
**તા દુરસ્તી હુનાર નાપંદારી**
**અસબો લાગર મીયાન બકાર આયદ**
**રોઝ મયદાન ના ગાવે પરવારી**

(અય તું કે જેને હું ધિક્કારપાત્ર લાગું છું ! તારા શરીરની સ્થૂળતાને (તારા જીવનની) સિધ્ધિ ગણતો નહીં. લડાઈના દિવસે પાતળો ઘોડો હોય તે જ કામમાં આવશે, નહીં કે તગડો બનાવવામાં આવેલો બળદ.)

## LENIENCY (નમ્રતા/સૌમ્યતા)

**اســتــاد مـعـلّـم چـــو بـــود بـــــی آزار**
**خِـــرســک بـازنـــد کـودکان در بــــازار**

**ઉસ્તાદ મોઅલ્લીમ ચૂ બૂદ બી આઝાર**
**ખરસાક બાઝનદ કુદકાન દર બાઝાર**

(જો શાળામાં ભણાવનાર શિક્ષક ખૂબ જ નમ્ર-સ્વભાવનો હશે તો બધા વિદ્યાર્થીઓ ચોકમાં જઈને દેડકાંની માફક કૂદવાની રમત રમવા માંડશે.)

## LIBERALITY (મનની મોટાઈ/ઉદારમતવાદ)

**هــر کــه فـریــــادرسِ روز مـصـیـبـت خـواهــد**
**گــو در ایّـام سـلامـَـت بـه جـوانمردی کــوش**
**بــنــدهٔ حـلـقــه بـگــوش ار نــنـوازی بـــرود**
**لطف کن لطف، که بیگانه شود حلقه بگوش**

**હર કે ફર્યાદરસો રોઝ મુસીબત ખ્વાહિદ**
**ગો દર અય્યામ સલામત બે જવાંમર્દી કૂશ**
**બંદએ હલકાબગોશ અર નનવાઝી બરૂદ**
**લુત્ફ કુન લુત્ફ કે બેગાના શૂદ હલ્કા બગોશ**

(જે કોઈ મુશ્કેલીના દિવસે મદદ માગે તેને એવું કહેવું જોઈએ કે તેણે જ્યારે તે સલામત અને તંદુરસ્ત હોય તે વખતે મનની મોટાઈ દર્શાવવી જોઈએ. જો તમે કોઈ વફાદાર બનેલા ગુલામ તરફ દયા ન દર્શાવો તો તમને છોડીને ચાલ્યો જશે. દયાળુ અને મોટા મનના બનો જેથી કરીને કોઈ અજાણ્યો માણસ પણ તમારો વફાદાર ગુલામ બની જાય.)

**کـریــمـــان را بـــه دســـــت انــدر درم نـیـسـت**
**خـــــداونــــدان نــعـــمــــت را کــرم نـیـســـت**

**કરીમાન રા બો દસ્ત અંદર દરમ નીસ્ત**
**ખુદાવંદાન નોઅમત રા કરમ નીસ્ત**

(જે લોકો ઉદારમતવાદી હોય છે તેમની પાસે પૈસા નથી હોતા અને જે લોકો ધનવાન હોય છે તેઓ ઉદાર નથી હોતા.)

**قـــــرار بـــر کـــفِ آزادگـــان نـــگـیــرد مـــال**
**نـه صـبـــر در دل عـَاشـق، نـه آب در غربال**

**કરાર બર કફે આઝાદગાન નગીરદ માલ**
**ન સબ્ર દર દિલ આશિક ન આબ દર ગરબાલ**

(ઉદાર લોકોના હાથમાં ધન ટકતું નથી જેવી રીતે કોઈ આશિકમાં ધીરજ નથી હોતી અને ચારણી પાણીને પકડી રાખવા અસમર્થ હોય છે.) *


એ.એચ.આગલોડીયા મો.૯૪૨૯૫૪૫૪૫૫



ગ્રેસ બ્યુટીક

ફેન્સી ડ્રેસ મટીરીયલ્સ

ડૉ.ગાંધી રોડ, જાનિ ચેમ્બર્સની ગલીમાં,
રાજુભાઈ જ્વેલર્સની પાસે, હિંમતનગર



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ جُنبشِ لب

## નઝમ ૨૨

### બહુઝૂર હઝરત અબ્બાસ ઈબ્ને અમીરુલ મોમિનીન(અ.)

جگر بندِ شہِ ابرار کیا کہنا — જિગરબંદે શહે અબરાર ક્યા કહેના,
شبیہِ حیدرِ کرّار کیا کہنا — શબીહે હૈદરે કર્રાર ક્યા કહેના.

(વલીઓના બાદશાહ (હઝરત અલી(અ.))ના જિગરના ટુકડા (હઝરત અબ્બાસ અલમદાર(અ.))! આપનું શું કહેવું? હૈદરે કર્રાર (હઝરત અલી(અ.))ની પ્રતિકૃતિ સમાન (હઝરત અબ્બાસ(અ.) !) આપનું શું કહેવું !)

شجاعت شیرِ یزداں سے نہ کیوں ملتی — શુજાઅત શેરે યઝદાંસે ન ક્યું મિલતી,
علیؑ کے تم ہو ورثہ دار کیا کہنا — અલીકે તુમ હો વિર્સેદાર ક્યા કહેના.

(અલ્લાહના સિંહ (હઝરત અલી(અ.)) પાસેથી આપને બહાદુરી શા માટે ન મળે ? કેમકે આપ મૌલા અલી(અ.)ના વારસદાર છો. આપનું શું કહેવું !)

کیا ہے تم نے اونچا پرچمِ توحید — કિયા હૈ તુમને ઊંચા પરચમે તૌહીદ,
صداقت کے علم بردار کیا کہنا — સદાકતકે અલમદાર ક્યા કહેના.

(આપે અલ્લાહની તૌહીદનો અલમ ઊંચો કર્યો છે. અય સચ્ચાઈનો અલમ ઉપાડનાર ! આપનું શું કહેવું!)

مٹا کر دشمنوں کو جان دی حق پر — મિટા કર દુશ્મનોંકો જાન દી હક પર,
مجسّم عظمت و ایثار کیا کہنا — મુજસ્સમ અઝમતો ઈસાર ક્યા કહેના.

(દુશ્મનોનો નાશ કરી દઈને આપે રાહે હકમાં પોતાનો જીવ સમર્પિત કરી દીધો. આપ તો મહાનતાનું અને સ્વાર્થત્યાગનું સાકાર સ્વરૂપ છો, આપનું શું કહેવું !)

سرِ باطل جھکا کر دم لیا تم نے — સરે બાતિલ ઝુકા કર દમ લીયા તુમને,
دکھائی عظمتِ کردار کیا کہنا — દિખાઈ અઝમતે કિરદાર ક્યા કહેના.

(બાતિલનું મસ્તક ઝુકાવી દઈને જ આપે શ્વાસ લીધો, આપે આચરણની મહાનતા બતાવી દીધી, આપનું શું કહેવું !)

شھیدِ کربلا کو ناز ہے تم پر — શહીદે કરબલાકો નાઝ હૈ તુમ પર,
نہیں تم سا کوئی جرّار کیا کہنا — નહીં તુમસા કોઈ જર્રાર ક્યા કહેના.

(શહીદે કરબલા હઝરત ઈમામ હુસૈન(અ.)ને આપના ઉપર ખૂબ ગર્વ છે. આપના જેવો કોઈ દિલાવર (સાહસ વીર) નથી. આપનું શું કહેવું !)

| | |
|---|---|
| صفِ اعدا میں جانوں کے پڑے لالے | **સફે આઅદામેં જાનોંકે પડે લાલે,** |
| وہ فوجِ شام پر یلغار کیا کہنا | **વો ફૌજે શામ પર યલગાર ક્યા કહેના.** |

(શામની ફોજ ઉપર આપે કરેલા આક્રમણથી તો દુશ્મનોની હરોળોમાં જીવ બચાવવાનું મુશ્કેલ બની ગયું હતું, આપનું શું કહેવું ?)

| | |
|---|---|
| ظہیر اس شان سے ہو مدحتِ عبّاس | **'ઝહીર' ઈસ શાનસે હો મિદ્હતે અબ્બાસ,** |
| کہ ہر اک شعر ہو شاہکار کیا کہنا | **કે હર એક શેઅર હો શાહકાર ક્યા કહેના.** |

(અય 'ઝહીર' ! એવી શાનથી હઝરત અબ્બાસ(અ.)ની પ્રશંસા થઈ જાય કે પ્રત્યેક શેઅર સર્વોત્તમ કૃતિ બની જાય.) ✻

**G. K. Corner Solution 117**

(૧) ચીની (૨) વેવુઝેલા (૩) ૨૧ (૪) માઈટોકોન્ડ્રીયા (૫) એસેટિક ઍસિડ (૬) ડેસીબલમાં (૭) અકબર (૮) સિક્કિમ

**ઈસ્લામી કવીઝ નં. ૨૦૭ના જવાબો**

(૧) સાતમા આસમાન પર (૨) એક શેરના મોઢામાં (૩) તહ્વીલે કા'બાના પ્રસંગે (૪) ૨૭ મી રજબ (૫) એવી નજાસત જેનાથી વુઝૂ કે ગુસલ વાજિબ થાય. (૬) હઝરત ઈસા રૂહુલ્લાહ(અ.)

**SHOBHA** Fashion Stop

**આથી અમોને જણાવતા આનંદ થાય છે કે અમારુ નવીન સાહસ 'શોભા ફેશન સ્ટોપ' જેમાં**

**•જીન્સ •ટી-શર્ટ •ગોગલ્સ •ટ્રાઉઝર •પરફ્યૂમ •ઘડીયાળ •શર્ટ •બેલ્ટ •શૂઝ •અન્ય એસેસરીઝ**

**ઉપર લખેલી તમામ વસ્તુઓ વ્યાજબી ભાવે હાજર સ્ટોક માં મળશે.**

::::: CONTECT :::::

KARAMAT ALI 99134 34429 HASAN ABBAS 78743 64429

ADD. F:78, SAMARTH COMPLEX, TAVADIYA CHAR RASTA, OPP. HOTEL SIDDHARTH, SIDHPUR

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
**'અર્જહુલ મતાલિબ'**નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જનાબે અબુતાલિબ બિન અબ્દુલ મુત્તલિબનું વર્ણન

(ગતાંકનું ચાલુ)

તેમની બાબતમાં જનાબે અબુતાલિબનો એ મશહૂર શેઅર છે કે જ્યારે એક વખત મક્કાના લોકો દુષ્કાળમાં ફસાયા અને આં હઝરત(સ.)ની બરકતથી રહેમતનો વરસાદ વરસ્યો તો જનાબે અબુતાલિબે આપ(સ.)ની પ્રશંસામાં એવું કહ્યું હતું કે જેનો અનુવાદ આ મુજબ છે :

**'જનાબે મોહંમદ મુસ્તફા(સ.) ખૂબ જ ખૂબસૂરત અને નૂરાની ચહેરાવાળા છે. આપના કારણે વાદળમાંથી વરસાદ વરસે છે અને આપ અનાથોના નાથ અને વિધવાઓનું પીઠબળ છે.'**

મોહદ્દિસ અલી ઈબ્ને બુરહાનુદ્દીન અલ શાફઈ ઈન્સાનુલ ઓયુનમાં જનાબે અબુતાલિબની હમદર્દીનો વ્યવહાર કે જે આં હઝરત(સ.)ની સાથે કરી રહ્યા છે, તેનું આ મુજબ વર્ણન કરે છે (ભાષાંતર):

**'જનાબે અબુતાલિબ દરરોજ રાત્રે આં હઝરત(સ.)ને પથારી ઉપર સૂઈ જવાનું કહેતા હતા અને જ્યારે લોકો સૂઈ જતા હતા તો આપને ત્યાંથી ઊઠાવીને પોતાના કોઈ પુત્ર કે ભાઈ અથવા પિત્રાઈ ભાઈને આપની પથારી ઉપર એવા ભયથી સૂવાડી દેતા હતા કે રખેને જે લોકો આપની સાથે બૂરાઈ કરવાનો ઈરાદો કરતા હતા તેઓ આપને કોઈ તકલીફ ન પહોંચાડે.'**

જનાબે ઈબ્ને અબ્બાસ આ આયતની શાને નુઝૂલમાં કે જેનો અનુવાદ આ મુજબ છે (કે બંધ કરીએ છીએ અને રોકીએ છીએ તેનાથી) તે વિષે ફરમાવે છે કે આ આયત જનાબે અબુતાલિબના હકમાં નાઝિલ થઈ હતી કે તેઓ લોકોને આં હઝરત(સ.)ને તકલીફ પહોંચવાથી રોકતા હતા અને હઝરત(સ.)ને પણ જેના માટે તેઓ મબઊસ થયા હતા તેનાથી બંધ કરતા હતા.

કર્ઝી પોતાની કિતાબ અઅલામમાં આં હઝરત(સ.)ની સાથે જનાબે અબુતાલિબની સાચી મોહબ્બતનું વર્ણન આ રીતે કરે છે કે એક દિવસ જનાબે રસૂલે મકબૂલ(સ.) ખાનએ કા'બામાં તશરીફ લઈ ગયા અને નમાઝ પઢવા લાગ્યા. અબુજહલ મલઊને કહ્યું, છે કોઈ એવો કે જે તેમની નમાઝને દૂષિત કરી નાખે ? આ સાંભળીને અબ્દુલ્લાહ બિન ઝબઅરીએ ઊભા થઈને લાદો અને લોહી આં હઝરત(સ.)ના મુબારક મોઢા ઉપર ચોપડી દીધું. હઝરત નમાઝને ત્યજી દઈને ત્યાંથી પોતાના કાકા અબુતાલિબની પાસે ગયા અને કહ્યું, અય કાકા ! તમે જોતા નથી કે મારી સાથે શું કરવામાં આવ્યું છે? અબુતાલિબે પૂછ્યું, આવું ખરાબ વર્તન કોણે કર્યું છે ? આપે ફરમાવ્યું, અબ્દુલ્લાહ બિન ઝબઅરીએ. આથી જનાબે અબુતાલિબ પોતાના ખભા ઉપર તલવાર મૂકીને તે લોકોની પાસે આવ્યા. જ્યારે તે લોકોએ અબુતાલિબને પોતાની તરફ આવતા જોયા તો તેઓ ત્યાંથી ઊભા થઈ ગયા. જનાબે અબુતાલિબે કહ્યું, અલ્લાહના સોગંદ અગર તમારામાંથી કોઈ ઊભો થઈ જશે તો હું તેને આ તલવારથી કતલ કરી દઈશ. ત્યાર પછી આં

હઝરત(સ.)ને પૂછ્યું, અય મારા બેટા ! તમારી સાથે આવું ખરાબ વર્તન કોણે કર્યું ? આપે અબ્દુલ્લાહ બિન ઝબઅરીનું નામ લીધું. જનાબે અબુતાલિબે લાદો અને લોહી લઈને તેમના ચહેરાઓ અને દાઢીઓ અને કપડાં પર ચોપડી દીધું અને આકરા શબ્દોમાં તેમની સાથે વાત કરી.

એમના ઈસ્લામ સ્વીકારની બાબતમાં મતમતાંતર છે. શફતુલ હિફાઝ અબુલ કિરામ અબ્દુસ્સલામ બિન મોહંમદ બિન હસન લખે છે કે એહલેબયત(અ.)ના ઈમામો એ બાબત ઉપર એકમત છે કે જનાબે અબુતાલિબ મુસલમાન થઈ ગયા હતા અને તેમના ઈસ્લામની બાબતમાં એહલેબયતના વિરૂધ્ધ મો'તબર રિવાયતો નથી. ઈન્સાનુલ ઓયુનમાં અલ્લામા અલી બિન બુરહાનુદ્દીન અલ શાફઈ લખે છે : (ભાષાંતર) મકાતિલથી રિવાયત છે કે જનાબે અબુતાલિબે વફાતના સમયે બની હાશિમને વસિયત કરી કે - અય બની હાશિમનો ગુરોહ ! તમે આં હઝરત(સ.)ની ઈતાઅત કરો અને તેમને સાચા જાણો. હિદાયત મેળવો, નજાત મેળવશો.

આ રિવાયતને શેખ અબ્દુલ હક મોહદ્દિસે દહેલ્વી(અ.ર.)એ પણ મદારેજુન્નબુવ્વહમાં લખી છે. ઈબ્ને અસાકિર પોતાની તારીખમાં નીચે મુજબના ભાષાંતર મુજબ જનાબે અબુતાલિબ સ્પષ્ટ રીતે કાઈલ થયા હતા કે (અના ઈસ્લમ)ખુદ જનાબે અબુ તાલિબના કેટલાક અશઆર ઉપરથી તેમનો ઈસ્લામ સ્વીકાર સાબિત થાય છે. તેથી જ તો તેમનો કોલ છે : (ભાષાંતર)

**'હિદાયત કરી તેં મને અને મેં જાણી લીધું કે તું સાચો છે અને બેશક તેં સાચું કહ્યું છે અને તું પહેલાંથી જ અમીન છે અને જાણી લીધું મેં કે દીને મોહંમદી તમામ ખલ્કતના દીનોથી બેહતર છે.'**

અબુ રાફેઅ કહે છે કે મેં જનાબે અબુતાલિબને એવું કહેતાં સાંભળ્યા છે કે મારા ભાઈનો દીકરો મોહંમદ બિન અબ્દુલ્લાહ કહે છે કે ખુદાએ મને સિલે રહમ માટે મોકલ્યો છે અને તે માટે હું એક ખુદાની ઈબાદત કરું અને તેના સિવાય બીજા કોઈની પૂજા ન કરું અને મોહંમદ ખૂબ જ સ્વતંત્ર અને અમીન છે. જો કદાચ જનાબે અબુતાલિબના ઈસ્લામ(સ્વીકાર) બાબતે ઈતિહાસકારોમાં મતમતાંતર હોય તેમ છતાં બધા તો એવું તો કહે જ છે કે આં હઝરત(સ.)એ અબુતાલિબની વફાત પર ખૂબ જ દુઃખ વ્યક્ત કર્યું છે અને તેમના અવસાનના વર્ષને **'આમુલ હુઝન'** (દુઃખનું વર્ષ) તરીકે ગણ્યું છે અને ખુદાથી તેમની મગ્ફેરત પણ માગી છે.

(ક્રમશઃ)

**ખાસ નોંધ** **શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા દર વર્ષે શૈક્ષણિક ક્ષેત્રે જ્વલંત સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આપવામાં આવતાં પારિતોષિકોની વિતરણ વ્યવસ્થામાં ફેરફાર કરેલો હોઈ આ પારિતોષિકોના દાતા તરીકે સ્વૈચ્છિક યોગદાન આપવા માગતા મોમિન ભાઈ-બહેનોએ નીચેના સરનામે સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.**

**ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ, હિંમતનગર. ફોન : (૦૨૭૭૨) ૨૨૨૩૧૮, મો.૯૪૨૭૬ ૯૬૯૬૦**

**શૈક્ષણિક પારિતોષિકોના દાતા તરીકે મળેલ સ્વૈચ્છિક યોગદાનની યાદી**

**રૂા.૧૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ શરીફભાઈ ગોદડ(હરિપુરા)**
**રૂા.૧૦૦૦/- મો.વલીભાઈ અમદાભાઈ મસુ (મહેરપુરા)**
**રૂા.૨૦૦/- મો. હનીફભાઈ વલીભાઈ મતિયા(ઈલોલ પહાડીયા)**

# હાજરપીરનાં વક્તવ્યોમાંથી થોડુંક

સંકલન : મો. મોલ્વી કમ્બરઅલી એસ. દાવડા(કાટવાડ-ઝહીરાબાદ)

## એજ્યુકેશન શા માટે ?

આપણે ઈમાનદાર મોમિન છીએ.
એજ્યુકેશન આપણે શા માટે હાંસલ કરવાનું છે ?
એનો સીધો અને સાચો જવાબ એ છે કે
આપણે એજ્યુકેશન પ્રાપ્ત કરવાનું છે મોમિન બનવા માટે.
હજુ સુધી, હમણાં પણ આપણે મોમિન હતા,
ઈન્શાઅલ્લાહ, ભવિષ્યમાં પણ મોમિન રહીશું,
કયામત સુધી મોમિન રહેવાના.
આપણે એજ્યુકેશન, દુનિયાની ભાષામાં, દુનિયાને જવાબ આપવા ખાતર અને દુનિયામાં જે જે જરૂરિયાતો હોય આપણી, તે જરૂરિયાતો પૂરી કરીને આપણી સભ્યતા છે, આપણી શરમ છે, આપણું ઈમાન છે, આપણી નેકીઓ છે તે જાળવી શકીએ એટલા માટે આપણે એજ્યુકેશન લેવાનું છે.

*(ઝહીર હોસ્ટેલ, હિંમતનગરના નવીન મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે)*

## મકતબાની શાન

મારી નજરમાં મકતબા જાફરીયા
ઈમામવાડા જેટલો મરતબો ધરાવે છે.

*(પાટણમાં ધો. ૧૨ના વિદ્યાર્થીઓના વિદાય પ્રસંગે)*

## એજ્યુકેશન માટે શરત

સૌથી પહેલી શરત,

તમારે એજ્યુકેશન પ્રાપ્ત કરવા વિશે,

એ હોવી જોઈએ કે

મર્યાદા તૂટે તો એજ્યુકેશન છોડો.

બસ હજી સુધી બિલકુલ નહોતા ભણતા,

ગ્રેજ્યુએટ લેવલ સુધી તો આવ્યા આ પેઢીમાં.

ઈન્શાઅલ્લાહ, આવનારી પેઢીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ અને પછી તો તમે...

આસમાન આંબી જશો, ઈન્શાઅલ્લાહ.

પરંતુ તમારી પ્રાથમિકતા એ હોવી જોઈએ કે એજ્યુકેશન પ્રાપ્ત કરવામાં

નૈતિક મૂલ્યો તૂટતાં હોય તો એજ્યુકેશનને લાત મારી દેવી.

નૈતિક મૂલ્યોને વળગી રહેવું.

*(કેસીમ્પા ખાતેની મજલિસમાંથી)*

## પીરોનું સ્વપ્ન ક્યારે સાકાર થશે ?

મકતબાથી ઈલ્મ મેળવી આલિમ નીકળશે

અને દુનિયાને નવી નવી વાતો બતાવશે ત્યારે

પીરોનું સ્વપ્ન સાકાર થયું ગણાશે.

*(એ.વી.એમ.ને કરેલ સંબોધનમાંથી)*

## નેકી

**મોમિન માટે મહત્વની વસ્તુ નેકી છે.**
**નેકી કરે અને અભણ હોય તો પણ પાસ.**
**બદી કરે તો ભણેલો પણ નાપાસ.**
**નેકી કરતાં જીવનમાં બીજું કંઈ મહત્વનું નથી.**
**આપણે એવા ઈલ્મી થઈએ અને કામયાબ થઈએ કે**
**દુનિયા ગરજથી આપણી પાસે જ્ઞાન લેવા આવશે.**
**એના માટે આપણે અલ્લાહની હદોનું પાલન કરીને**
**એજ્યુકેશન મેળવવું જોઈએ.**
**મકતબા જાફરીયા શીઆહ મોમિન જમાઅતનું**
**સ્ટેટસ સિમ્બોલ તરીકે ઊભરશે.**

*(મકતબા જાફરીયા બાંધકામ નિરીક્ષણ વખતે)*

## મકતબા વર્લ્ડ ક્લાસ

**મકતબા એક દિવસ વર્લ્ડ ક્લાસ બની જશે.**
**દુનિયાને તમારી પાસે મદદ લેવા આવવું પડશે.**
**નશરૂમેનલ્લાહે વ ફતહુમ કરીબ.**
**ખુદા પર ભરોસો રાખો, ફતેહ નજદીક છે.**

*(મકતબા જાફરીયા, સ્કૂલ/કોલેજના ઉદ્‌ઘાટન પ્રસંગે)*

# તોહીદ

લેખન

મોલ્વી અકબરઅલી મીયાંજી સુણસરા (ભાંગરોડીયા)

(ગતાંકનું ચાલુ)

લાખ લાખ શુક્ર છે અલ્લાહનો કે જેણે પોતાની કુદરત વડે દુનિયા પેદા કરી આસમાનોને પેદા કર્યાં. આ તમામને પેદા કરનાર એક જ છે.

અલ્લાહ કુરઆને મજીદમાં ફરમાવે છે :

اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ

**અલમ તઅ્લમ અન્નલ્લાહ લહુ મુલ્કુસ્સમાવાતે વલ્અર્ઝ.**

(સૂરએ બકર, આયત-૧૦૭)

અર્થ : હે મોહંમદ(સ.) ! શું તમે નથી જાણતા કે આસમાનો અને જમીનના રાજયનો માલિક ખુદા જ છે ? ન તેને કોઈ મદદગારની જરૂર છે કે ન તો તેને કોઈની પાસેથી સલાહ મશ્વેરો લેવાની જરૂર છે. અલ્લાહ ખુદ મુખ્તાર છે. અલ્લાહનો કોઈ ભાગીદાર નથી. અલ્લાહ બેમિસાલ છે. અલ્લાહ પાકો પાકીઝા છે. અલ્લાહ દરેક પ્રકારની બૂરાઈઓથી પાક છે અને આપણને બૂરાઈથી, ખોટાં કામો કરવાથી રોકે છે. અલ્લાહ નેક કામો કરે છે અને આપણને નેકીનો હુકમ આપે છે. અલ્લાહને બૂરાઈ પસંદ નથી. અલ્લાહ હંમેશાં બાકી રહેવાવાળો છે. અલ્લાહ જાલિમ નથી અને આપણને જુલ્મ કરવાથી રોકે છે. આપણે જેવાં કાર્યો કરીશું તેવો બદલો આપશે.

અલ્લાહ કુરઆને મજીદમાં ફરમાવે છે :

وَاللّٰهُ بَصِيْرٌۢ بِمَا يَعْمَلُوْنَ

**વલ્લાહો બસીરૂમ બેમા યઅ્મલૂન.**

(પારો-૧, સૂરએ બકર, આયત-૯૬)

અર્થ : અને અલ્લાહ તેમનાં કાર્યોને સારી રીતે જાણે છે. તેથી તેમનાં કાર્યોના પ્રમાણે બદલો આપશે. તેમનો ન્યાય કરશે અને કોઈ પ્રકારનો જુલ્મ કરશે નહીં અને નાસ્તિકો માટે સખત અઝાબ છે.

وَالْكٰفِرُوْنَ لَهُمْ عَذَابٌ شَدِيْدٌ

**વલ કાફેરૂન લહુમ અઝાબુન શદીદ.**

(સૂરએ શુરા, આયત-૨૬)

અર્થ : કાફિરો માટે સખ્ત અઝાબ છે.

અને જે લોકો ઈમાન લાવ્યા તેમજ સારાં કામો કર્યાં તેમની દુઆ અલ્લાહ કબૂલ કરી લે છે અને તેમના સંબંધમાં પોતાની મહેરબાની વધારી દે છે. તેમની દુઆ અલ્લાહ પોતાના ફઝલથી કબૂલ કરે છે. અલ્લાહની બધાના ઉપર જ નજર છે. રોઝી આપનાર અલ્લાહ, તંદુરસ્તી બક્ષનાર અલ્લાહ, ઓલાદ આપનાર પણ અલ્લાહ, આપણા દિલોની વાતો જાણનાર પણ અલ્લાહ. અલ્લાહ અજાણ નથી નાનામાં નાની ચીજોને પણ જાણે છે. તેના ઈરાદાઓને કોઈ રોકી શકતું નથી. જે કામને અલ્લાહ પસંદ કરે તે નેક અને જેને અલ્લાહ પસંદ ન કરે તે બદ. અલ્લાહના તાબેદાર બંદાઓ ખુદાને પ્યારા છે. તેઓ મરીને પણ જન્નતમાં પોતાની નેકીઓનો બદલો મેળવશે. જે અલ્લાહની નાફરમાની કરે છે તેનાથી અલ્લાહ રાજી થતો નથી. તેઓ મરીને દોઝખમાં જશે.

અલ્લાહે પોતાની મહેરબાનીથી આપણા માટે કેવી કેવી ચીજો બનાવી છે. કેવી કેવી નેઅમતો પેદા કરી છે. જમીન જુઓ, કેટલી બધી વિશાળ છે! તેના ઉપર અગણિત લોકો રહે છે. જાનવરો, સજીવો, નિર્જીવ ચીજો તેના ઉપર મૌજુદ છે. આપણે અલ્લાહે બનાવેલી જમીન ઉપર ચાલીએ છીએ, મકાન બનાવીએ છીએ, તેના ઉપર અનાજ પેદા થાય છે. આપણે તે ખાઈએ છીએ અને જીવીએ છીએ. મરી જઈએ તો પણ જમીન કામ આવે છે કારણ કે આપણે તેમાં દફન થઈએ છીએ.

મૃત્યુ પછી પણ અલ્લાહ આપણને જીવતા કરશે. અલ્લાહ તઆલાએ પોતાના રસૂલને હુકમ આપ્યો છે કે જે લોકો મૃત્યુ પછી જીવતા થવાનો ઈન્કાર કરતા હોય, મૃત્યુ પછી અલ્લાહ જીવતા કરશે તેનો ઈન્કાર કરતા હોય, તેમનાથી વાદવિવાદ (મુબાહેલો) કર. આ આયત અલ્લાહે કુરઆનમાં નાઝિલ કરી છે :

وَضَرَبَ لَنَا مَثَلًا وَنَسِيَ خَلْقَهُ ۖ قَالَ مَنْ يُحْيِي الْعِظَامَ وَهِيَ
رَمِيمٌ ﴿٧٨﴾ قُلْ يُحْيِيهَا الَّذِي أَنْشَأَهَا أَوَّلَ مَرَّةٍ ۖ
وَهُوَ بِكُلِّ خَلْقٍ عَلِيمٌ ﴿٧٩﴾ الَّذِي جَعَلَ لَكُمْ مِنَ
الشَّجَرِ الْأَخْضَرِ نَارًا فَإِذَا أَنْتُمْ مِنْهُ تُوقِدُونَ ﴿٨٠﴾ أَوَلَيْسَ
الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ بِقَادِرٍ عَلَىٰ أَنْ يَخْلُقَ
مِثْلَهُمْ ۚ بَلَىٰ وَهُوَ الْخَلَّاقُ الْعَلِيمُ ﴿٨١﴾ إِنَّمَا أَمْرُهُ إِذَا أَرَادَ
شَيْئًا أَنْ يَقُولَ لَهُ كُنْ فَيَكُونُ ﴿٨٢﴾ فَسُبْحَانَ الَّذِي بِيَدِهِ
مَلَكُوتُ كُلِّ شَيْءٍ وَإِلَيْهِ تُرْجَعُونَ ﴿٨٣﴾

**વવઝરબ લના મસલંવ વ નસેય ખલ્કહ કાલા મંય્યુહયિલ એઝાબ વહેય રમીમ. કુલ યોહયિહલ્લઝી અન્શઅહા અવ્વલ મર્રહ, વહોવ બે કુલ્લે ખલ્કિન અલીમો નિલ્લઝી જઅલ લકુમ મેનશ્શજરિલ અખ્ઝરે નારન ફએઝા અન્તુમ મિન્હો તકેદુન. અવલય્યલ્લઝી ખલકસ્સમાવાતે વલ્અર્ઝ બે કાદેરીન અલા અંય્યખ્લોક મિસ્લહુમ. બલા વહોવલ ખલ્લાકુલ અલીમ. ઈન્નમા અમ્રોહ એઝા અરાદ શય્અન અંય્યકુલ લહૂ કુન ફેયકૂન. ફસુબ્હાનલ્લઝી બે યદેહી મલકૂતો કુલ્લે શય્ઈવ વ એલયહે તુર્જઉન.**

(પારો-૨૩, સૂરએ યાસીન, આયત-૭૮ થી ૮૩)

અર્થ : અને તે અમારા માટે દલીલ આપવા લાગે છે અને પોતાના સર્જનને વિસરી જાય છે અને કહેવા લાગે છે કે માટી થઈ ગયેલી સ્થિતિવાળાં હાડકાંને કોણ સજીવન કરી દેશે ? (હે રસૂલ !) તું કહે કે તેમને એ જ સજીવન કરી દેશે કે જેણે તેમને પ્રથમ વાર પેદા કર્યાં હતાં; અને તે દરેક વસ્તુના સર્જનથી સંપૂર્ણપણે વાકેફ છે. જેણે તમારા માટે લીલાં વૃક્ષોમાંથી આગ પેદા કરી દીધી કે જેથી તમે તેના વડે જ (આગ) સળગાવતા રહો છો. શું તે કે જેણે આકાશો તથા જમીનને પેદા કર્યાં છે તે એ બાબત ઉપર કાબૂ નથી ધરાવતો કે તેમના જ જેવા બીજા પણ પેદા કરી દે ? ખચીત જ કાબૂ ધરાવે છે અને તે જ મહાન સર્જનહાર (અને) જ્ઞાની છે.

જ્યારે તે કોઈ વસ્તુ (ઉત્પન્ન) કરવાનો ઈરાદો કરે છે તો તેને માત્ર એટલું જ ફરમાવે છે કે **'થા'** કે તે (તત્કાળ) થઈ જાય છે. માટે પવિત્ર છે તે ઝાત કે જેના હાથમાં દરેક વસ્તુનો અધિકાર છે અને તેની જ હુઝૂરમાં તમો સઘળાઓનું પાછા ફરવાનું છે.

એટલે, અને અમારા માટે વાતો ઘડવા લાગ્યો અને પોતાની પેદાઈશને ભૂલી ગયો અને મશ્કરી અને દુશ્મનીના કારણે કહ્યું કે હાડકાંને કોણ જીવતાં કરી શકે છે જ્યારે કે તે સડી ગયાં હોય ?

અલ્લાહ કહે છે અય મારા હબીબ ! તું એમને કહી દે કે તેમને તે જ જીવતાં કરી શકે છે કે જેણે તેને પહેલી વખત પેદા કર્યાં છે. કેવી રીતે પેદા કરવાં તે જાણે છે. તે ખુદા કે જેણે તમારા માટે લીલા ઝાડમાંથી આગને પેદા કરી, આ સમયે તમે તેનાથી અગ્નિ સળગાવો છો; જેણે આસમાન અને જમીનને પેદા કર્યાં. શું તે આ વાત પર શક્તિમાન નથી ? હા, તે શક્તિમાન છે અને તે બધાને પેદા કરવાવાળો અને દરેકની સ્થિતિને જાણવાવાળો છે. જ્યારે તે કોઈ વસ્તુને પેદા કરવાનો વિચાર કરે છે તો ફક્ત તેનું કામ એ છે કે એ વસ્તુને **'કુન'** એટલે **'થઈ જા'** કહી દે છે અને તે વસ્તુ થઈ જાય છે. તે ખુદા પાક છે, જેના હાથમાં દરેક વસ્તુની બાદશાહી છે અને તેની તરફ તમે પાછા જશો. (ક્રમશઃ)

## જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

### ઈસ્લામી શિષ્ટાચાર

### ઈમાન-સબર-શુકર

- અલ્લાહ તઆલાએ કુરઆન શરીફમાં સબરનો સિત્તેર કરતાં ય વધારે વખત ઉલ્લેખ કર્યો છે અને તેણે પોતાની કિતાબમાં સોળ કરતાં ય વધારે વખત સબર કરવાનો હુકમ કર્યો છે.
- હઝરત રસૂલે અકરમ(સ.)એ ફરમાવ્યું છે :

**'ઈમાન બે ભાગમાં વહેંચાયેલું છે કે ઈમાનનો અડધો ભાગ સબર છે અને બીજો અડધો ભાગ શુકર છે.'**

**સબર (ધૈર્ય)**

ઈસ્લામ ધર્મમાં સબર એક એવો ગુણ છે જે કોઈ પણને મુસીબતના સમયે કે હાડમારી વખતે ધૈર્ય ધરવા માટે શક્તિમાન બનાવે છે.

કુરઆને મજીદ, સૂરએ લુકમાન, આયત-૧૭માં હઝરત લુકમાનના શબ્દોમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

**'હે મારા (વ્હાલા) પુત્ર ! નમાઝ પઢ્યા કર અને (લોકોને) નેકીની આજ્ઞા કર અને બદીથી (લોકોને) અટકાવ અને જે સંકટ તારા પર આવી પડે તે સહન કર; નિઃસંશય આ મહા હિંમતનાં કાર્યો છે.'**

સબર એક એવો સદગુણ છે કે જેને ઘણી વખત નિષ્ક્રિય અને બિનકાર્યશીલ માનવામાં આવે છે. લોકો એવું વિચારે છે કે સબરવાળો માણસ કાયર માણસ છે. પરંતુ તેનાથી ઉલટું ધીરજ-સબર એક સક્રિય અને હકારાત્મક કાર્ય છે અને તે દર્શાવવામાં કાચા પોચાનું કામ નથી પરંતુ તેમાં બહાદુરીની જરૂર પડે છે.

કુરઆન શરીફ, સૂરએ અન્ફાલ, આયત-૬૫માં અલ્લાહ તઆલા ફરમાવે છે :

**'અય પયગમ્બર ! ઈમાનદારોને લડવા માટે પ્રોત્સાહિત કર. જો તમારામાં વીસ સબર કરવાવાળા હશે તો તેઓ બસો જણના ઉપર વિજયી રહેશે અને જો તમારામાંના એકસો જણા (સબર કરનારા) હશે તો તેઓ એક હજાર (કાફિરો) ઉપર વિજયી રહેશે એ માટે કે તેઓ એવી કોમ છે કે જે આ વાતને મુદ્દલ સમજી શકતી નથી.'**

ઉપરોક્ત આયત સબરના ગુણનું વર્ણન કરે છે કે જે એક બહાદુર સૈનિકનું લક્ષણ છે.

એમાં નવાઈ પામવા જેવું નથી કેમકે અલ્લાહ વારંવાર કુરઆનમાં આ મુજબ ફરમાવે છે :

**'બેશક અલ્લાહ ધીરજ ધરનારાઓની સાથે છે.'** (સૂરએ અન્ફાલ, આયત-૪૬)

**'અને ધીરજ ધરનારાઓને જ અલ્લાહ દોસ્ત રાખે છે.'** (સૂરએ આલે ઈમરાન, આયત-૧૪૬)

**'બેશક અલ્લાહ ધીરજ ધરનારાઓની સાથે જ છે.'** (સૂરએ બકરહ, આયત-૧૫૩)

- આપણને એવું કહેવામાં આવ્યું છે કે જો આપણી પાસે સબર હશે અને આપણે જાણીએ છીએ કે જો અલ્લાહ આપણી સાથે હશે તો પછી આપણે કોઈ પણ જાતની ચિંતા કરવાની જરૂર રહેતી જ નથી.
- પયગમ્બરે અકરમ(સ.)એ ફરમાવ્યું છે કે ત્રણ પરિસ્થિતિઓમાં સબરની જરૂર પડે છે.

**(૧) વિકટ પરિસ્થિતિમાં સબર :**

મુસીબતના સમયને સહન કરી લેવા માટે અલ્લાહ તઆલાને દોષ દીધા વગર અને મુશ્કેલીઓ હોવા છતાં પોતાની જવાબદારીઓને અદા કરવા માટે સબરની જરૂર છે.

**(૨) ફરજપાલનના સંદર્ભમાં સબર :**

ઈબાદતનાં કેટલાંક કાર્યો જો કદાચ આપણને મુશ્કેલ લાગતાં હોય તો પણ અડગ નિશ્ચય સાથે તે કાર્યોને બજાવી લાવવાં જેમકે રોઝા રાખવા અથવા નમાઝ માટે જાગરણ કરવું અથવા ખુમ્સ આપવું, વગેરે વખતે સબરની જરૂર પડે છે.

**(૩) આજ્ઞાપાલનના ઈન્કારની બાબતમાં સબર :**

ગુનાનાં કાર્યો એવાં લલચાવનારાં હોય છે કે માણસ તે કાર્યો કરવા માટે લલચાઈ જતો હોય છે તેથી ગુનાહિત કાર્યોની લાલચને રોકવા માટે સબરની જરૂર પડે છે.

## શુકર

- જો આપણે સાચું ઈમાન ધરાવતા હોઈએ તો આપણામાં સબર અને શુકરનો ગુણ હોવો જ જોઈએ.
- એક વખત લોકોનું એક ટોળું આપણા ચોથા ઈમામ અલી ઝયનુલ આબેદીન(અ.)ની પાસે આવ્યું. તેઓ કહેવા લાગ્યા,

‘અમે બધા આપના સાચા અનુયાયીઓ છીએ.’

ઈમામ(અ.)એ તેમને પૂછ્યું,

‘જ્યારે તમને કોઈ સુંદર વસ્તુ પ્રાપ્ત થાય ત્યારે તમે શું કરો છો ?’

તેમણે જવાબ આપ્યો,

‘અમે અલ્લાહનો શુકર અદા કરીએ છીએ.’

ઈમામ(અ.)એ તેમને ફરીથી પૂછ્યું,

‘જ્યારે તમારી પાસેથી કોઈ સુંદર વસ્તુને આંચકી લેવામાં આવે તો તમે શું કરો છો ?’

તેમણે જવાબ આપ્યો,

‘અમે બેચેન થઈ જઈએ છીએ ખરા પરંતુ તે જતી રહેલી વસ્તુનું મનથી સમાધાન કરી લઈએ છીએ.’

ઈમામ(અ.)એ તેમને પૂછ્યું,

‘જ્યારે તમને કોઈ વસ્તુ ન મળે ત્યારે તમે શું કરો છો ?’

આ સાંભળીને તેઓ બધા ગૂંચવાઈ ગયા અને જવાબ આપ્યો,

‘અમે કંઈ પણ કરતા નથી.’

ઈમામ(અ.)એ જવાબ આપ્યો,

‘આ બધી ક્રિયાઓ મારા અનુયાયીઓની નથી, પરંતુ આ તો બધી કૂતરાની ક્રિયાઓ છે. જ્યારે કૂતરાને કંઈક આપવામાં આવે છે તો તે આભાર દર્શાવવા માટે પોતાની પૂંછડી પટપટાવે છે. જ્યારે તેની પાસેથી કોઈ વસ્તુ ઝૂંટવી લેવામાં આવે છે તો તે ફરિયાદ કરવા માટે થોડુંક ભસે છે અને ત્યાર પછી ચાલ્યું જાય છે. જ્યારે તેને કંઈ મળતું જ નથી તો તે કૂતરું કંઈ કરતું નથી.’

ઈમામ(અ.)એ સમજાવ્યું,

‘મારા સાચા અનુયાયીઓ તો એવા હોય છે કે જ્યારે તેમને કોઈ વસ્તુ પ્રાપ્ત થાય ત્યારે અલ્લાહનો શુકર અદા કરે છે. જ્યારે તેમની પાસેથી કંઈક ઝૂંટવી લેવામાં આવે છે ત્યારે અલ્લાહનો શુકર અદા કરે છે અને જ્યારે તેમને કોઈ વસ્તુ મળતી નથી ત્યારે પણ અલ્લાહનો શુકર અદા કરે છે.’ *

**દિલસે જો દુઆ નિકલતી હૈ, અસર રખતી હૈ,**
**પર નહીં, તાકતે પરવાઝ મગર રખતી હૈ.**

(દિલના ઊંડાણમાંથી જે દુઆ નીકળતી હોય છે તે અસરકારક હોય છે. તે દુઆને પાંખો નથી હોતી તેમ છતાં ય તે ઉડવાની શક્તિ ધરાવતી હોય છે.)

## નુસ્ખા

**જીવજંતુના ડંખ**

* મધમાખીના ડંખ ઉપર મીઠું ચોપડવાથી પીડા મટે છે.
* મધમાખીના ડંખ ઉપર તપકીર અથવા ઝીણી કરેલી તમાકુ ચોપડવાથી પીડા મટે છે.
* મધમાખીના ડંખ ઉપર સૂવા અને સિંધવ મીઠું પાણી સાથે વાટીને ચોપડવાથી પીડા મટે છે.
* મધમાખીના ડંખ ઉપર મધ ચોપડવાથી અને મધ પીવાથી પીડા મટે છે.
* ભમરીના ડંખ ઉપર કાંદાનો રસ ચોપડવાથી પીડા મટે છે.
* કાનખજૂરાના ડંખ ઉપર કાંદો અને લસણ વાટીને ચોપડવાથી ઝેર ઉતરી જાય છે.
* કાનખજુરાના ડંખ ઉપર ગોળને બાળીને ચોપડવાથી પીડા મટે છે.
* કાનખજૂરો કાનમાં ગયો હોય તો સાકરનું પાણી બનાવીને કાનમાં નાખવાથી કાનખજૂરો નીકળી જશે અને આરામ થશે.
* કાનખજૂરો, બગાઈ જેવાં જીવજંતુ કાનમાં ગયાં હોય તો મધ અને તેલ ભેગાં કરીને કાનમાં નાખવાથી નીકળી જશે અને આરામ મળશે.
* કોઈ પણ ઝેરી જીવજંતુ કરડ્યું હોય તો તરત જ તુલસીના પાનને પીસીને તેને ડંખ ઉપર મસળવાથી ઝેરની અસર નાબૂદ થાય છે.
* કોઈ પણ ઝેરી જીવજંતુના ડંખ ઉપર મીઠા લીમડાનાં પાન વાટીને ચોપડવાથી ડંખની પીડા દૂર થાય છે અને સોજો ઉતરે છે અને ઝેરની અસર નાબૂદ થાય છે.
* કોઈ પણ જીવજંતુના ડંખ ઉપર હળદર ઘસીને તેને સહેજ ગરમ કરીને ચોપડવાથી પીડા મટે છે. (ક્રમશઃ)

## સર્વોત્તમ અખ્લાક

એક માણસે ઈમામ મોહંમદ બાકિર(અ.)ને પૂછ્યું,

'શું તમે બકર(ગાય) છો ?'

ઈમામ(અ.)એ જવાબ આપ્યો,

'હું બકર(ગાય) નથી પરંતુ મારું નામ તો બાકિર છે.'

પેલા માણસે પૂછ્યું,

'તમારું નામ ગમે તે હોય પણ મેં એવું સાંભળ્યું છે કે તમારાં માતા માત્ર ખોરાક રાંધવાનો જ વ્યવસાય કરતાં હતાં.'

ઈમામ(અ.)એ જવાબ આપ્યો,

'હા. એ તેમનો વ્યવસાય હતો. એમાં શરમજનક બાબત કોઈ નથી.'

'ઈમામ(અ.)ને ગુસ્સે કરવાના આશયથી તેણે કહ્યું,

'તમારાં માતા તોછડા અને ઉગ્ર સ્વભાવનાં હતાં.'

ઈમામ બાકિર(અ.)એ તેને નમ્રતાપૂર્વક જવાબ આપ્યો,

'મારી માતા વિષે તમે જે કંઈ કહો છો તે જો સાચું હોય તો અલ્લાહ તઆલા મારી માતાને માફ કરે અને જો આ બધી બાબતો ખોટી હોય તો તે માટે અલ્લાહ તમને માફ કરે.'

પેલો માણસ કહેવા લાગ્યો,

'હું તો આપના ગંભીર અને વિવેકપૂર્ણ વર્તનથી આભો બની ગયો છું.'

ત્યાર પછી તે આપની આગળ ઝુકીને કહેવા લાગ્યો,

'અય ઈમામ ! મારી ગુસ્તાખી બદલ મને માફ કરો અને મને આપના અનુયાયી તરીકે સ્વીકારી લો.'

દોસ્તો ! જોયું ને આપણા ઈમામનું વર્તન ! આપણા ઈમામો કુરઆન અને હદીસની જીવતી

જાગતી તફસીર હતા. આ પ્રસંગના અનુસંધાનમાં ઈમામ(અ.)ના વર્તનને કુરઆન શરીફ અને અહાદીસ સાથે જરા સરખાવી જોઈએ.

અલ્લાહ તઆલા કુરઆન શરીફમાં આ ફરમાવે છે :

**'અને નેકી તથા બદી સમાન હોતી નથી; માટે તું (સખતમાં સખત વેણોને) એવા(વેણ)થી દૂર કર કે જે ઉત્તમમાં ઉત્તમ હોય, એવું કરતાં જેની અને તારી વચ્ચે દુશ્મનાવટ હશે તો તે એવો થઈ જશે કે જાણે એક હમદર્દ મિત્ર.'**

(પારા-૨૪, સૂરએ હામીમ સિજદા, આયત-૩૪)

**'રહેમાન(અલ્લાહ)ના એવા પણ ખાસ બંદાઓ છે કે જેઓ ભૂમિ પર ધીમે પગલે ચાલે છે અને જ્યારે અજ્ઞાન લોકો તેમને સંબોધે છે ત્યારે કહે છે કે તમારા પર સલામ.'**

(પારો-૧૯, સૂરએ ફૂર્કાન, આયત-૬૩)

હવે આ અંગેની હદીસો જોઈએ :

રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું છે,

**'સારા અખ્લાક ગુનાઓને એવી રીતે ઓગાળી નાખે છે કે જેવી રીતે સૂર્ય બરફને ઓગાળી નાખે છે અને ખરાબ અખ્લાક સારા અમલને એવી રીતે બગાડી નાખે છે કે જેવી રીતે સરકો મધને બગાડી નાખે છે.'**

એક માણસ રસૂલિલ્લાહ(સ.)ની પાસે આવીને કહેવા લાગ્યો,

**'યા રસૂલિલ્લાહ ! કયા લોકોનું ઈમાન સૌથી વધારે પાકું હોય છે ?'**

આપ(સ.)એ જવાબ આપ્યો,

**'એવા લોકોનું કે જેઓ સૌથી સારા અખ્લાક ધરાવતા હોય.'**

ઈમામ અલી(અ.)એ ફરમાવ્યું,

**'ખુશમિજાજી મોહબ્બતની બુનિયાદ છે, સબ્રતા દોષોની દફનવિધિ છે, સમાધાન ભૂલોનો ઢાંકપિછોડો છે અને સારા અખ્લાક કરતાં વધારે સારો કોઈ સગો નથી.'** ❋




સંકલન : મુલ્લા ફૈઝ અલ કાશાની

# મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત

(ગતાંકનું ચાલુ)

**બૈતુલ મા'મુર**

જિબ્રઈલની સાથે અમે બૈતુલ મા'મુરમાં પ્રવેશ્યા. મારા દોસ્તોની એક જમાઅત મારી સાથે હતી જેમાંના બધાએ નવાં કપડાં પહેરેલાં હતાં. તેમનામાંના કેટલાકે જૂનાં કપડાં પહેરેલાં હતાં અને જ્યારે તેમણે આ વિસ્તારમાં પ્રવેશવાનો પ્રયત્ન કર્યો તો તેમને રોકવામાં આવ્યા. માત્ર એ લોકો કે જેમણે નવાં કપડાં પહેરેલાં હતાં તેમને જ મારી સાથે બૈતુલ મા'મુરમાં પ્રવેશવાની પરવાનગી આપવામાં આવી. આ જગ્યાએ મેં બે રકાત નમાઝ પઢી અને તે સ્થળ છોડી દીધું.

બે નદીઓ મારી પાસેથી પસાર થઈ - એક હતી કૌસર અને એક બીજી હતી રહેમતની નદી. મેં કૌસરની નદીમાંથી પાણી પીધું અને રહેમતની નદીના પાણીથી ગુસલ કર્યું. ત્યાર પછી મને જન્નતમાં પ્રવેશવા માટે દોરી જવામાં આવ્યો. જન્નતના એક વિસ્તારમાં મેં મારું અને મારી પત્નીનું મકાન જોયું. જન્નતની જમીન અને ધૂળમાંથી મુશ્ક અને અંબરની સુવાસ આવતી હતી. જન્નતની નદીઓમાં મેં અલ્લાહની એક બંદીને જોઈ કે જે સ્નાન કરી રહી હતી. મેં તેણીને પૂછ્યું,

'અય કનીઝે ખુદા ! તું કોના માટે છે ?'

તેણે મને જવાબ આપ્યો,

'હું (અહીં) ઝૈદ બિન હારેસા માટે છું.'

(આ પ્રસંગ પછી) જ્યારે હું ઝૈદને મળ્યો તો મેં તેમને આની ખુશખબરી આપી.

જન્નતમાં પક્ષીઓ (કદમાં) ખુરાસાનના ઊંટો જેવડાં હતાં. વૃક્ષો ઉપર જે દાડમ લટકી રહ્યાં હતાં તે ખૂબ જ મોટાં, ચળકતાં અને કોઈની સાથે સરખાવી ન શકાય તેવાં હતાં. આ એ જ જગ્યા છે કે જ્યાં મેં એક એવું વિશાળ ઝાડ જોયું કે જો કોઈ પક્ષી તેના ફરતાં સાતસો વર્ષ સુધી ઉડે છતાં તે આખા વૃક્ષના ફરતાં એક આંટો લગાવી ન શકે. જન્નતમાં કોઈ પણ મકાન એવું ન હતું કે જે આ ઝાડની એકાદ ડાળીથી ઢંકાયેલું ન હોય. મેં જિબ્રઈલને આ ઝાડ અંગે પૂછ્યું તો તેમણે મને કહ્યું, 'આ તૂબાનું ઝાડ છે કે જેના વિષે અલ્લાહે કુરઆનમાં (આ મુજબ) ફરમાવ્યું છે :

اَلَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ طُوْبٰى لَهُمْ وَحُسْنُ مَاٰبٍ ﴿٢٩﴾

ભાષાંતર : જે લોકો ઈમાન લાવ્યા તથા નેકીઓ કરી તેમના જ માટે સવાબ અને ઉત્તમ નિવાસસ્થાન તૂબા છે. (સૂરએ રઅદ, આયત-૨૯)

આ રીતે જન્નતમાં તૂબાનું ઝાડ આવેલું છે અને ત્યાં આવેલાં બધાં જ મકાનો આ ઝાડ(ના છાંયડા)ની નીચે આવેલાં છે.

મેં જિબ્રઈલને અમે જોયેલી બધી જ અદ્‌ભૂત વસ્તુઓ સંબંધી પૂછ્યું કે જેમાં નદીઓ અને એવી વસ્તુઓ કે જેમણે મને ગભરાવી નાખ્યો હતો અને તેમણે જવાબ આપ્યો, આ બધા પડદાઓનાં વિવિધ સ્તર છે કે જે અલ્લાહ તઆલા અને તેના સર્જનોની વચ્ચે આવેલ છે. જો આ પડદાઓ ન હોત તો પછી અલ્લાહનું અર્શ જોઈ શકાયું હોત પરંતુ તેના નૂરને નિહાળવું તેના સર્જનોમાંથી કોઈના માટે શક્ય નથી.

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૭-૩૨૮, બાબ-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ

વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

**સિદ્રતુલ મુન્તહા(નામની જગ્યા)એ**

અમે **સિદ્રતુલ મુન્તહા** તરીકે ઓળખાતા વિસ્તારમાં આવી પહોંચ્યા. અમે આ સ્થળ જોયું કે જયાં એક ઝાડ આવેલું હતું કે જેનું એક પાંદડું સમગ્ર રાષ્ટ્રને ઢાંકી દેવા માટે શક્તિમાન હતું. ત્યાર પછી અમે એવા સ્થળે પહોંચ્યા કે જે (કુરઆનમાં) આ રીતે જાણીતું છે. **'...... તે (મોહંમદ(સ.) અને જિબ્રઈલ)ની વચ્ચે બે કમાન જેટલું છેટું રહી ગયું અથવા તો તે કરતાં ય ઓછું.'** (નજમ-૯)

અલ્લાહ બોલી ઉઠ્યો,

اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ

ભાષાંતર : (અમારો) રસૂલ (મોહંમદ(સ.)) તેના ઉપર ઈમાન લાવ્યો છે કે જેના ઉપર પરવરદિગાર તરફથી ઉતારવામાં આવ્યું છે. (બરહક-૨૮૫)

મારા થકી અને મારી ઉમ્મત વતીથી મેં જવાબ આપ્યો,

وَالْمُؤْمِنُوْنَ ۗ كُلٌّ اٰمَنَ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ ۗ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْ رُّسُلِهٖ

ભાષાંતર : 'અને મોમિનો પણ, તેઓ બધા અલ્લાહ પર, તેના ફરિશ્તાઓ પર, તેની કિતાબો પર અને તેના પયગમ્બરો પર ઈમાન રાખે છે. અમે તેના પયગમ્બરો વચ્ચે કોઈ તફાવત પાડતા નથી.'

وَقَالُوْا سَمِعْنَا وَاَطَعْنَا ۗ غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ﴿٢٨٥﴾

ભાષાંતર : '.... અને તેઓ કહે છે, અમે સાંભળીએ છીએ અને અમે તેનું આજ્ઞાપાલન કરીએ છીએ, અય અમારા રબ ! તારી માફી (કે જેની અમે તીવ્ર ઝંખના કરીએ જ છીએ) અને તું અંતિમ માર્ગ છે.'

પછી અલ્લાહે ફરમાવ્યું,

لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا ۗ لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ

ભાષાંતર : અલ્લાહ કોઈ પણ નફસને તેના ગજા ઉપરાંત તકલીફ આપતો નથી કેમકે તેણે જે સારી કમાણી કરી છે (તેનો નફો) તેના માટે જ છે અને જે બૂરી કમાણી કરી છે તેનો ગેરલાભ પણ તેના માટે છે.'

પછી મેં કહ્યું,

رَبَّنَا لَا تُؤَاخِذْنَآ اِنْ نَّسِيْنَآ اَوْ اَخْطَاْنَا

ભાષાંતર : 'અય અમારા રબ ! જો અમે ભૂલી જઈએ કે કોઈ ભૂલ કરી બેસીએ તો તું અમને સજા કરતો નહીં.'

અલ્લાહે જવાબ આપ્યો,

لا أُو أخِذُكَ

ભાષાંતર : 'હું તમને સજા નહીં કરું.'

પછી મેં આગળ કહેવાનું ચાલુ રાખ્યું,

رَبَّنَا وَلَا تَحْمِلْ عَلَيْنَآ اِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِنَا

ભાષાંતર : 'અય અમારા રબ ! જેવો બોજો અમારી અગાઉના લોકો ઉપર તેં નાખ્યો છે તેવો બોજો અમારા ઉપર નાખતો નહીં.'

અલ્લાહે જવાબ આપ્યો,

لا أحَمِلُكَ

ભાષાંતર : 'હું તમારા ઉપર બોજો નહીં નાખું.'

મેં ફરીથી કહ્યું,

رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا طَاقَةَ لَنَا بِهٖ ۚ وَاعْفُ عَنَّا وَاغْفِرْ لَنَا ۗ وَارْحَمْنَا ۗ اَنْتَ مَوْلٰنَا فَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٢٨٦﴾

ભાષાંતર : 'અય અમારા પરવરદિગાર ! અને અમારાથી એટલું બધું ન ઊંચકાવતો કે જે (ઊંચકવા)ની અમારામાં શક્તિ નથી અને અમારાથી દરગુઝર કર અને અમને માફ કરી દે, અને અમારા ઉપર દયા કર, તું(જ) અમારો માલિક છે માટે નાસ્તિકોના મુકાબલામાં અમારી સહાય કર.' (બરહક-૨૮૬)

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ ફરમાવ્યું,

قَدْ اَعْطَیْتُکَ ذَالِکَ لَکَ وَ لِاُمَّتِکَ

ભાષાંતર : નિ:સંદેહ, મેં આ બધું તમારા ઉપર અને તમારી ઉમ્મત ઉપર બક્ષિસ કર્યું છે.'

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૮-૩૨૯, બાબ-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી) ✻


પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

● રેડીમેડ ●
✻ જીન્સ ✻ ટી.શર્ટ ✻ શોર્ટ શર્ટ ✻ સ્લીમ શર્ટ ✻ કારગો ✻ ઝભ્ભા-લેંઘા ✻ ટ્રાઉઝર્સ ✻ નાઈટ ડ્રેસ વિગેરે.

● ક્લોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦


## General Knowledge Corner 117

**(૧) વિશ્વની કઈ ભાષામાં વધુમાં વધુ મૂળાક્ષરો આવેલા છે ?**
(A) અંગ્રેજી (B) ચીની
(C) જાપાની (D) બંગાળી

**(૨) તાજેતરમાં સંપન્ન થયેલ 'ફીફા' ફુટબોલ વર્લ્ડ કપમાં એક વાદ્ય ખૂબ પ્રચલિત બન્યો હતો તેનું નામ શું હતું ?**
(A) બ્લોઅર (B) ચિયર બેલ
(C) વેવુઝેલા (D) માઉથ ઓર્ગન

**(૩) હાલમાં ભારતમાં હિન્દી ઉપરાંત બંધારણની માન્ય ભાષાઓ કેટલી છે ?**
(A) ૨૦ (B) ૨૧
(C) ૨૨ (D) ૨૩

**(૪) નીચેનામાંથી કોને કોષનું 'પાવર પ્લાન્ટ' કહેવામાં આવે છે ?**
(A) ગોલ્જીકાય (B) માઈટોકોન્ડ્રીયા
(C) રાઈબોસોમ (D) લાઈસોસોમ

**(૫) સિરકાનું રાસાયણિક નામ શું છે ?**
(A) સાઈટ્રિક ઍસિડ (B) એસેટિક ઍસિડ
(C) પાઈરવિક ઍસિડ (D) મેલિક ઍસિડ

**(૬) ઘોંઘાટ શેમાં માપી શકાય છે ?**
(A) વોટમાં (B) રેમમાં
(C) સેન્ટિગ્રેડમાં (D) ડેસીબલમાં

**(૭) નીચેનામાંથી કયો મોગલ બાદશાહ નિરક્ષર હતો ?**
(A) જહાંગીર (B) શાહજહાં
(C) અકબર (D) ઓરંગઝેબ

**(૮) નીચેના રાજ્યો પૈકી કયું રાજ્ય સંપૂર્ણ રાજ્યનો દરજ્જો ધરાવે છે ?**
(A) પોંડીચેરી (B) દિલ્હી
(C) ચંદીગઢ (D) સિક્કિમ

# આપણા ઘરની વાતો

● **શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા મહેપુરા મુકામે 'મહેફિલે ઈલ્મીયા' ક્વીઝ કોમ્પિટીશનનું આયોજન :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા તા.૮-૫-૨૦૧૧ના રોજ **'મહેફિલે ઈલ્મીયા'** ક્વીઝ કોમ્પિટીશનનું આયોજન અબ્બાસ કમિટી, મહેરપુરાના સૌજન્યથી કરવામાં આવ્યું હતું જેમાં કઠોર, કનાઈ, ઈલોલ(તલાવ), ઈલોલ(પહાડીયા), સુરપુર, મહેરપુરા, હરીપુરા, જેઠીપુરા, પીંપોદર, કાટવાડ, વગેરે ગામોમાંથી કુલ ૫૧ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાંજે ૫-૦૦ કલાકે મહેરપુરાની સમાજવાડીમાં લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. લેખિત પરીક્ષા પૂર્ણ થયા પછી તરત જ સ્પર્ધકો માટે સમાજવાડીમાં સાંજે ૬-૦૦ કલાકે અબ્બાસ કમિટી, મહેરપુરા તરફથી જમણવારનું આયોજન કરવામાં આવ્યું હતું અને મહેરપુરાના મોમિનોઓ સહકાર આપ્યો હતો. જમણવાર બાદ રાત્રે ૮-૩૦ કલાકે ક્વીઝ કોમ્પિટીશનની શરૂઆત કરવામાં આવી હતી. સૌ પ્રથમ કુરઆન શરીફની તિલાવત, દુરૂદ શરીફ, પાંચ ટીમોનું સ્ટેજ પર આગમન તથા ઉપસ્થિત તમામ મહેમાનોનું શબ્દોથી સ્વાગત મહેરપુરા ગામ જમાઅત તથા વિકાસ મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. આ વખતે ક્વીઝ કોમ્પિટીશનમાં આધુનિક સાધનોથી સુસજ્જ એવો પ્રોજેક્ટર રાઉન્ડ રાખવામાં આવ્યો હતો. આ ઉપરાંત ક્વીઝ કોમ્પિટીશનમાં કનાઈના મો.અબ્બાસભાઈ કોવડીયા તરફથી ઈનામો માટે રૂા.૪૦૦૦/- રોકડા આપવામાં આવ્યા હતા. ક્વીઝ કોમ્પિટીશનના રાઉન્ડ માટે પસંદ થયેલ પાંચ ટીમોની માહિતી નીચે મુજબ છે.

| ગામ | ટીમનું નામ | સ્પર્ધકોનાં નામ | લેખિત ગુણ | રાઉન્ડના ગુણ |
|---|---|---|---|---|
| ઈલોલ તલાવ | હૈદરી ટીમ | મો.અબ્બાસઅલી નુરભાણેજ<br>મો.મંજુરઅલી ખણુશીયા<br>મો.અસદઅલી આગલોડીયા | ૯૭ | ૧૭૦ |
| ઈલોલ પહાડીયા | હુસૈની ટીમ | મો.અનવરઅલી મતીયા<br>મો.મંજુરહુસૈન ભોવણીયા<br>મો.મંજુરઅલી મસુ | ૯૭ | ૨૨૦ |
| ઈલોલ તલાવ | મોહંમદી ટીમ | મો.સલમાબેન વેપારી<br>મો.નજરમહંમદ દાંત્રેલિયા<br>મો.કનીઝફાતેમા ભગત | ૯૫ | ૧૬૫ |
| ઈલોલ પહાડીયા | પંજેતની ટીમ | મો.નજરમહંમદ મતીયા<br>મો.અહેમદઅબ્બાસ બલોસપુરા<br>મો.સાકેરાબેન મતીયા | ૯૪ | ૧૬૫ |
| કઠોર | જાફરી ટીમ | મો.રિઝવાનઅલી શબ્બીરભાઈ<br>મો.મયસમઅલી અમ્મારભાઈ<br>મો.આબિદઅલી ગુલામહુસૈન | ૯૪ | **૨૯૫<br>પ્રથમ વિજેતા ટીમ** |

છેલ્લે ઉપરની પાંચ ટીમોમાંથી **કઠોરની જાફરી ટીમ** વિજેતા બની હતી. રાઉન્ડ પૂર્ણ થયા પછી આ ક્વીઝની સાથે અબ્બાસ કમિટી મહેરપુરા દ્વારા દર વર્ષે મહેરપુરા ગામના સ્નાતક અથવા વિશેષ પદવી મેળવેલ ભાઈ-બહેનોનું બહુમાન કરવામાં આવતો પ્રોગ્રામ પણ રાખવામાં આવ્યો હતો. અંતમાં વિકાસ મંડળ વતી મો. એન.વી.કાયલા દ્વારા મહેરપુરા ગામ તથા મહેમાનોનો આભાર માન્યો હતો અને ત્યાર બાદ ઈનામ વિતરણ, ફાતિહાખ્વાની, શરબત અને ન્યાઝ વિતરણ બાદ 'મહેફિલે ઈલ્મીયા'નો કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. સમગ્ર કાર્યક્રમનું વિડિયો શુટીંગ મો.હસનઅલી(મહેરપુરા)એ કોઈ પણ પ્રકારના મહેનતાણા વગર કર્યું હતું. આવતી સાલ માટે 'મહેફિલે ઈલ્મીયા' ક્વીઝ કોમ્પિટીશન ઈન્શાઅલ્લાહ **ઈલોલ પહાડીયા મુકામે** યોજવામાં આવશે અને ઈલોલ(તલાવ)ના મો.ઈસ્માઈલભાઈ નુરભાણેજ (મહેર ટૂર) તરફથી આવતી સાલનાં ઈનામોની જાહેરાત કરવામાં આવી હતી.. મોમિનોના મંતવ્યો અનુસાર આવી ક્વીઝ કોમ્પિટીશન વારંવાર યોજવી જોઈએ જેથી મોમિનોના ઈલ્મમાં વધારો થાય તથા ભાઈચારામાં પણ વધારો થાય.

● **ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ ખાતે 'સામાજિક અને શૈક્ષણિક પરિસંવાદ' યોજાયો :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા તા.૧૫-૫-૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ ખાતે મો.ઈસ્માઈલભાઈ યુસુફભાઈ ઘો (મુજાવર)ના અધ્યક્ષ સ્થાને **'સામાજિક અને શૈક્ષણિક પરિસંવાદ'** યોજવામાં આવ્યો હતો જેમાં અતિથિ વિશેષ તરીકે શ્રીમતી આયશાબેન પટેલ (પ્રમુખ : સેતુ ટ્રસ્ટ-મહેસાણા), મો. એ. ડી. મોમિન (પ્રમુખ : એ.વી.એમ.), મો.ઈબ્રાહીમભાઈ ચારોલીયા (ઉપ પ્રમુખ : એ.વી.એમ.), મો. અબ્બાસભાઈ સુણસરા (મંત્રી : એ.વી.એમ.), જનાબ નિસારભાઈ સાબુગર-હિંમતનગર, મો. શરીફભાઈ માણસીયા-કેસીમ્પા, મો.ગુલામહુસૈન પટેલ-બાદરપુર તથા શ્રી રાજાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



આ પરિસંવાદનો હેતુ સામાજિક એકતા, ઈસ્લામિક આદર્શો મુજબ શિક્ષણ પ્રાપ્તિ અને સમાજ સેવા અંગે લોક જાગૃતિ કેળવવાનો રહ્યો હતો. કાર્યક્રમની શરૂઆત તિલાવતે કલામે પાકથી કરવામાં આવી હતી. ત્યાર બાદ વિકાસ મંડળની પ્રવૃત્તિઓની ઝલક દર્શાવતું 'Prospectus-2011'નું વિમોચન સમારંભના અધ્યક્ષના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદના વક્તાઓએ આગવી શૈલીમાં રજૂ કરેલ વક્તવ્યોમાં કોમી ભાઈચારો, નામદાર હાજરપીરની હિદાયત મુજબ નૈતિક મૂલ્યોની જાળવણી સાથે ઈલ્મ પ્રાપ્તિ તેમજ સામાજિક સંસ્થાઓમાં મોમિનોના બૌધિક, આર્થિક અને સમયના યોગદાન ઉપર ભાર મૂક્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પરિસંવાદમાં સાબરકાંઠાના મોમિન જમાઅતના વિવિધ ગામોના મુખી, આગેવાનશ્રીઓ, દાતાઓ, વિકાસ મંડળના આજીવન સભ્યો, શિક્ષિત યુવાનો, તન્ઝીમે ઝયનબીયાની કાર્યકર બહેનો તથા અન્ય આમંત્રિતોએ નોંધપાત્ર સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ તમામ આમંત્રિતો માટે જમણવાર રાખવામાં આવ્યો હતો. ત્યાર બાદ વિકાસ મંડળની સાધારણ સભા યોજવામાં આવી હતી.



- **ઈન્નાલિલ્લાહે :**

બાદરપુર નિવાસી **મર્હૂમ મો.ગુલામઅબ્બાસ જીવાભાઈ વ્હોરા** મુ.તા. ૭ જમાદીઉલ અવ્વલ-૧૪૩૨, તા.૧૨-૪-૨૦૧૧ને મંગળવારના રોજ ૫૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા. ---➜



⟵--- ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમા મો.ફાતેમાબેન ઈસ્માઈલભાઈ મસી** મુ.તા.૧૯, જમાદીઉલ અવ્વલ-૧૪૩૨, તા.૨૪-૪-૨૦૧૧ને રવિવારના રોજ ૫૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે માયાળુ હતાં. તેમને છેલ્લા દસ વર્ષથી આંખોની બીમારી હતી.



વડનગર નિવાસી **મર્હૂમ મો.બશીરમહંમદ કરીમમહંમદ સુથાર** મુ.તા.૩૦, રબી.આખર-૧૪૩૨, તા.૫-૪-૨૦૧૧ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ---➜



⟵--- મેતા-મુંબઈ નિવાસી **મર્હૂમ મો.ગુલામહુસૈન યુસુફભાઈ અસામદી** મુ.તા. ૧૦, જમાદીઉલ અવ્વલ-૧૪૩૨, તા.૧૫-૪-૨૦૧૧ને શુક્રવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ ન્યાઝ બનાવવાની કમિટીમાં કાયમી સેવા આપતા હતા.



હરિપુરા-ઝહીરગઢ નિવાસી **મર્હૂમ મો.સુલેમાનભાઈ ઈસુબભાઈ બાદરપુરા** મુ.તા.૧૪, જમાદીઉલ અવ્વલ-૧૪૩૨, તા.૧૯-૫-૨૦૧૧ને મંગળવારના રોજ આશરે ૯૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નિખાલસ હતા અને પીરો મુરશિદ સાથે ખૂબ જ મોહબ્બત ધરાવતા હતા. ---➜



⟵---ખડીયાસણા નિવાસી મો.રહીમભાઈ નુરમદ થરાદરાનાં મહોરદાર **મર્હૂમા મો.સકીનાબેન** મુ.તા.૧૦, રબીઉલ આખર-૧૪૩૨, તા.૧૬-૩-૨૦૧૧ને બુધવારના રોજ આશરે ૬૭ વર્ષને વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સકીનાબેન ખૂબ જ માયાળુ સ્વભાવનાં હતાં. તેઓ માઅસૂમીન(અ.) તેમજ પીરો મુરશિદનાં ચાહક હતાં અને ઉમ્રહ-હજ ઝિયારતથી પણ મુશર્રફ થયેલાં હતાં.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**રૂા.૨૧૧૦/- મો.મર્હૂમ ગુલામઅબ્બાસ જીવાભાઈ વ્હોરા(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

**મર્હૂમા મો.ફાતેમાબેન ઈસ્માઈલભાઈ મસી (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૫૧/- મો.ઈસ્માઈલભાઈ ગનીભાઈ મસી
રૂા.૧૦૧/- મો.જાફરઅલી ઈસ્માઈલભાઈ મસી
રૂા.૧૦૧/- મો.ફિઝઝાબાનુ જાફરઅલી મસી
રૂા.૧૫૦/- મો.ગુલામહુસૈન ગનીભાઈ મસી
રૂા.૧૫૦/- મો.તાલિબઅલી ગનીભાઈ મસી
રૂા.૧૦૦/- મો.મંજુરઅલી યુસુફભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.ગુલામઅલી અમદાભાઈ વિજાપુરા
રૂા.૫૦/- મો.રહેમતબેન હબીબભાઈ ખણુશીયા
રૂા.૫૦/- મો.સુગરાબેન નજરઅલી દેધરોટીયા
રૂા.૫૦/- મો.ઝોહરાબેન અબ્બાસઅલી પટેલ
રૂા.૫૦/- મો.શરીફભાઈ ઈબ્રાહીમભાઈ ગોદડ
રૂા.૫૧/- મો.મહેંદીહસન મહંમદહુસૈન ગોદડ
રૂા.૫૦/- મો.ગુલામઅલી ઈબ્રાહીભાઈ ગોદડ
રૂા.૫૦/- મો.કુલસુમબેન ગુલામઅલી ગોદડ
રૂા.૫૦/- મો.ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ ગોદડ
રૂા.૫૦/- મો.સુલેમાનભાઈ ઈબ્રાહીમભાઈ ગોદડ
રૂા.૫૦/- મો.હાસમભાઈ ગુલામભાઈ મોટલા
રૂા.૫૦/- મો.યુસુફભાઈ નુરભાઈ લોઢા
રૂા.૫૦/- મો.અલીરઝા નુરભાઈ વેપારી
રૂા.૨૫/- મો.હબીબભાઈ ગુલામભાઈ વિજાપુરા
રૂા.૨૧/- મો.મકબૂલફાતેમા જાફરઅલી મસી

**મર્હૂમ મો.બશીરમહંમદ કરીમમહંમદ સુથાર(વડનગર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૫૧/- મો.નુરીબેન બશીરમહંમદ સુથાર
રૂા.૫૧/- મો.અબ્બાસઅલી બશીરમહંમદ સુથાર
રૂા.૨૧/- મો.મદીનાબેન અબ્બાસઅલી સુથાર
રૂા.૫૧/- મો.નઝરઅલી બશીરમહંમદ સુથાર
રૂા.૨૧/- મો.નાઝેરાબેન નઝરઅલી સુથાર
રૂા.૫૧/- મો.કાસમભાઈ કરીમમહંમદ સુથાર
રૂા.૨૫/- મો.ફકીરમહંમદ કરીમમહંમદ સુથાર
રૂા.૨૧/- મો.હસનઅલી અબ્બાસઅલી
રૂા.૨૧/- મો.રહેમતબેન અબ્બાસઅલી
રૂા.૨૧/- મો.કાસમઅલી અબ્બાસઅલી
રૂા.૨૧/- મો.ફરીદાબેન નઝરઅલી
રૂા.૨૧/- મો.શાહિદઅલી નઝરઅલી
રૂા.૧૦૧/- મો.આબેદાબેન હસનઅલી
રૂા.૫૧/- મો.હસનઅલી જીવાભાઈ
રૂા.૨૧/- મો.મહંમદહુસૈન હસનઅલી
રૂા.૨૧/- મો.એહમદઅબ્બાસ હસનઅલી
રૂા.૫૧/- મો.ઝયનબબેન અલીમહંમદ સુથાર
રૂા.૫૧/- મો.રઝીયાબેન કાસમભાઈ સુથાર

**મેતા-મુંબઈ નિવાસી મર્હૂમ મો.ગુલામહુસૈન યુસુફભાઈ અસામદી રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૧/- મો.હબીબભાઈ નશીરભાઈ અસામદી
રૂા.૫૧/- મો.સકીનાબેન હબીબભાઈ અસામદી
રૂા.૫૧/- મો.શરીફભાઈ નશીરભાઈ અસામદી
રૂા.૫૧/- મો.નુરીબેન શરીફભાઈ અસામદી
રૂા.૫૧/- મો.ઈસ્માઈલભાઈ નશીરભાઈ અસામદી
રૂા.૫૧/- મો.ફાતેમાબેન ઈસ્માઈલભાઈ અસામદી
રૂા.૫૦૦/- મો.કુલસુમબેન ગુલામભાઈ અસામદી
રૂા.૫૦૦/- મો.ઈનામએહમદ ગુલામભાઈ અસામદી
રૂા.૧૦૧/- મો.અનવરભાઈ યુસુફભાઈ અસામદી
રૂા.૧૦૧/- મો.હુસૈનાબેન અનવરભાઈ અસામદી
રૂા.૫૧/- મો.સાબેરાબેન અનવરભાઈ અસામદી

રૂા.૫૧/- મો.આબિદઅલી અનવરભાઈ અસામદી
રૂા.૧૦૧/- મો.જીવીબેન યુસુફભાઈ અસામદી

**રૂા.૨૦૦/- મો.મર્હૂમ સુલેમાનભાઈ ઈસુબભાઈ બાદરપુરા(હરિપુરા-ઝહીરગઢ)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

**રૂા.૫૩૦/- મો.રહીમભાઈ નુરમદ થરાદરા તથા તેમના પરિવારજનો(ખડીયાસણા) તરફથી મર્હૂમા સકીનાબેનની રૂહના સવાબ અર્થે.**

રૂા.૨૦૦/- મો.અબ્બાસભાઈ મોહંમદ ઈલિયાસ મોમિન(કઠોર) તરફથી 'મહેફિલે ઈલ્મીયા' ક્વીઝ કોમ્પિટીશનમાં કઠોરની ટીમ પ્રથમ નંબરે આવી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૧૦/- મો.નિસારઅલી હસનઅલી (ડેરીવાળા)(સાથળ) તરફથી તેમના પૌત્ર મોહંમદ સાદિકના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.હૈદરઅલી હબીબભાઈ ખરોડીયા(પીંપોદર) તરફથી મર્હૂમ મો.કરીમભાઈ વજીરભાઈ સાલેહ(સેદ્રાણા)ની રૂહના સવાબ અર્થે.


**ફોન : ૨૫૬૨૦૧૮૦**
**મો. ૯૪૨૬૩૨૮૫૭૦**
**મો. ૯૮૯૮૬૬૭૭૪૧**

# સરહિંદ

## રેફ્રીજરેશન સર્વિસ


ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**


## ક્ષમા યાચના

મોહંમદ વ આલે મોહંમદ અને કા'બા વ કિબ્લા આલી જનાબ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ભલી દુઆઓથી અમને જેઠીપુરા નિવાસી **મો. અલુબેન યુસુફભાઈ વિજાપુરા, મો.ફઝલેઅલી યુસુફભાઈ વિજાપુરા** તથા **મો.ફાતેમાબેન ફઝલેઅલી વિજાપુરા**ને જૂન-૨૦૧૧માં ઉમ્રહ હજ-ઝિયારત કરવા જવાનું નસીબ પ્રાપ્ત થયેલ છે. અમારું આપ સૌને નિવેદન છે કે અમારા દ્વારા સગા-સંબંધીઓ, મિત્રો, પાડોશીઓ, સહપંથીઓ અને સર્વે મોમિન ભાઈ-બહેનોની જાણ્યે અજાણ્યે કોઈ ભૂલચૂક થઈ ગઈ હોય તો ક્ષમ્ય ગણીને માફ કરશો. અમારી ઉમ્રહ હજ-ઝિયારત સફળ બને તેવી દુઆ કરશો અને અમે દુઆ ગુઝારીએ છીએ કે પરવરદિગારે આલમ મોહંમદ વ આલે મોહંમદ તેમજ પીરાને તરીકતની ભલી દુઆઓથી દરેક મોમિન ભાઈ-બહેનને હજ-ઝિયારત નસીબ કરે, આમીન.

**-લિ. મો. અલુબેન યુસુફભાઈ વિજાપુરા**
**મો. ફઝલેઅલી યુસુફભાઈ વિજાપુરા**
**મો. ફાતેમાબેન ફઝલેઅલી વિજાપુરા**



**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૦ ❖ અંક : ૧૦ ❖ ૧૦, જૂન-૨૦૧૧

૭, રજબ, હિ.સન-૧૪૩૨ ❖ સળંગ અંક : ૩૫૮

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨
હનીફભાઈ વી. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મૌલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઉઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૬ |
| ❋ અહાદીસ | ૦૭ |
| ❋ આરોગ્યની સાચવણી | ૦૮ |
| ❋ અલ્લાહની શાન | ૦૯ |
| ❋ મૌલૂદે કા'બા | ૧૫ |
| ❋ ગડમથલ | ૨૨ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૩ |
| ❋ નહજુલ બલાગહ | ૨૭ |
| ❋ કસીદા | ૨૯ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૧ |
| ❋ મશાયખવાણી | ૩૩ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૩૭ |
| ❋ જુંબિશે લબ | ૩૯ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૧ |
| ❋ હાજરપીરનાં વક્તવ્યોમાંથી થોડુંક | ૪૩ |
| ❋ તૌહીદ | ૪૭ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૪૯ |
| ❋ મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત | ૫૩ |
| ❋ આપણા ઘરની વાતો | ૫૬ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૯ |


## ઉઘડતે પાને...

ઈરાન દેશની વાત.

ઈરાનમાં એક કઠિયારો રહેતો હતો.

આ કઠિયારો ખૂબ ગરીબ હતો. તે લાકડાં વેચીને પોતાના બાળકોનું ગુજરાન ચલાવતો હતો.

એક દિવસ તેણે પોતાની દીકરીને કહ્યું,

'બેટી ! પાડોશીના ઘેર જઈને સિગરેટ સળગાવી લાવો.'

જ્યારે છોકરી સિગારેટ સળગાવવા માટે ગઈ તો તેણે જોયું કે પાડોશીની સ્ત્રી કલેજી શેકી રહી હતી. તે છોકરીના દિલમાં કલેજી ખાવાની ઈચ્છા થઈ પરંતુ પેલી સ્ત્રીએ તે તરફ કંઈ ધ્યાન

આપ્યું નહીં. છોકરીએ દરવાજા પાસે આવીને સિગારેટને બુઝાવી નાખી અને ફરીથી પાછી સિગારેટ સળગાવવા માટે અંદર ચાલી ગઈ. છોકરીએ આવું એટલા માટે કર્યું કે કદાચ આ વખતે પાડોશી સ્ત્રી તેને કલેજી ખાવા માટે આપે. પરંતુ આ વખતે પણ તેણે કલેજી ખાવા ન આપી.

છોકરી નિરાશ થઈને પોતાના ઘેર ચાલી ગઈ. આટલી વારમાં તો સિગારેટ સળગીને અડધી થઈ ગઈ હતી. જ્યારે તેણે પોતાના પિતાને સિગારેટ આપી તો તેણે કહ્યું,

'બેટી ! અડધી સિગારેટ તું પોતે પી ગઈ છે કે શું ?'

છોકરીએ કહ્યું,

'ના, બાબા ! પાડોશણ કલેજી શેકી રહી હતી અને મારું દિલ કલેજી ખાવા ઈચ્છતું હતું તેથી હું વારંવાર સિગારેટને બુઝાવી દઈને તેને સળગાવવા જતી હતી કે જેથી કદાચ તે સ્ત્રી મને કલેજી ખાવા માટે આપે. પરંતુ તેણે તો મને આપી જ નહીં. બાબાજાન ! આપ મારા માટે કલેજી લેતા આવજો હાં.'

કઠિયારાએ કહ્યું,

'બેટી ! આપણા ઘરમાં એટલા પૈસા જ નથી કે હું માચીસ ખરીદીને લાઉં. પછી હું તારા માટે કલેજી ક્યાંથી લાવું ?'

છોકરીએ કહ્યું,

'ના, બાબા ! આપ આવતી કાલે તો કલેજી ચોક્કસ લાવજો.'

કઠિયારાએ કહ્યું,

'અચ્છા બેટી ! બે દિવસ સુધી હું ખાવાનું નહીં ખાઉં. બે દિવસનાં લાકડાં ભેગાં કરીને વેચીશ અને તારા માટે કલેજી લાવીશ.'

છોકરીએ પિતાની વાત સ્વીકારી લીધી. કઠિયારો જંગલમાં લાકડાં ભેગાં કરીને પાછો આવ્યો. બીજા દિવસે જ્યારે જંગલમાં ગયો તો જોયું કે જે જગ્યાએ તેણે લાડકાં ભેગાં કરીને મૂકી રાખ્યાં હતાં તે બધાં લાકડાં બળીને રાખ થઈ ગયાં હતાં. એ તો રડવા લાગ્યો. રડતાં રડતાં બેભાન થઈને પડી ગયો. બેભાન અવસ્થામાં તેણે જોયું તો એક નકાબપોશ ઊભેલા છે અને જમીન ઉપરથી થોડાક પથ્થરના ટુકડા ઉપાડીને કહે છે,

'આને લઈ જા. જ્યારે આનો ઉપયોગ કરે તો મુશ્કિલકુશાની નઝર ચોક્કસ કરજે.'

જ્યારે કઠિયારો ભાનમાં આવ્યો તો તેણે જોયું કે કાંકરા તેના હાથમાં હતા. તેણે તે કાંકરા પોતાના ખિસ્સામાં મૂકી દીધા અને ઘેર ચાલ્યો ગયો. ઘેર જઈને દરવાજાની પાછળ સંતાઈ ગયો.

જ્યારે દીકરીએ જોયું કે બાપને આવવામાં ઘણું મોડું થઈ ગયું છે તો તે ઘરની બહાર આવી. તેણે જોયું કે તેનો બાપ દરવાજાની પાછળ સંતાઈ ગયેલ છે તેથી તેણે કહ્યું,

'બાબાજાન ! અંદર આવી જાઓ.'

બાપે કહ્યું,

'બેટી મને તારાથી શરમ આવે છે. વાયદો કરીને ગયો હતો કે તારા માટે ચોક્કસ કલેજી લેતો આવીશ પરંતુ બધાં જ લાકડાં બળીને રાખ થઈ ગયાં છે.'

દીકરીએ કહ્યું,

'બાબાજાન ! અંદર આવી જાઓ. ખુદાવંદે કરીમ આપણને ઘણું બધું આપશે.'

જ્યારે રાત પડી તો કઠિયારાએ પોતાના ખિસ્સામાં હાથ નાખ્યો અને કાંકરા બહાર કાઢ્યા અને પોતાની દીકરીને આપ્યા અને કહ્યું,

'લ્યો બેટી ! આની સાથે રમત રમો.'

છોકરીએ તે કાંકરા એક ઓરડામાં ફેંકી દીધા. બીજા દિવસે જ્યારે કઠિયારાની પત્ની સુબ્હની નમાઝ પઢવા માટે ઊઠી તો જોયું કે ઓરડામાં બધી

જગ્યાએ જાણે આગ લાગેલી છે. કઠિયારાએ પણ ઊઠીને જોયું તો ઓરડામાં દરેક ઠેકાણે જવાહેરાત ચમકી રહ્યાં છે. તેણે તેમના ઉપર ચાદર ઢાંકી દીધી.

સવારે તેમાંથી એક હીરો લઈને ઝવેરીની પાસે ગયો અને કહ્યું,

'આ હીરો તમે ખરીદી લો અને તેની કિંમત મને આપી દો.'

ઝવેરી તો આવો મૂલ્યવાન હીરો જોઈને આભો જ બની ગયો. તેણે કઠિયારાને કહ્યું,

'ઘેરથી કોથળા લઈ આવો. તમારાથી જેટલી ઊંચકાય એટલી અશરફીઓ લઈ જાઓ. આ તે એક હીરાની કિંમત છે.'

કઠિયારો તો તેનાથી ઊંચકાય એટલા પ્રમાણમાં અશરફીઓના કોથળા ભરીને લઈ ગયો અને જે જગ્યાએ મૌલા મુશ્કિલકુશાએ તેને કાંકરા આપ્યા હતા તે જગ્યા તેણે ખરીદી લીધી. તેણે ત્યાં એક ખૂબ જ સુંદર મહેલ બનાવડાવ્યો જેમાં તે ખૂબ જ આરામદાયક અને વૈભવી જિંદગી જીવવા લાગ્યો.

એક દિવસ કઠિયારો પોતાની પત્નીને કહેવા લાગ્યો,

'હવે મારા ઉપર હજ કરવી વાજિબ બની ગઈ છે. હું હજ કરવા માટે જઈ રહ્યો છું. મારા ગયા બાદ દર મહિને તેરમી તારીખે મૌલા મુશ્કિલકુશા(અ.)ની નઝર ચોક્કસ ચઢાવજે.'

થોડાક દિવસો પછી કઠિયારાની પત્નીએ પોતાની દીકરીને કહ્યું,

'જાઓ અને સાત પ્રકારની મીઠાઈઓ લઈ આવો કે જેનાથી હું મૌલા મુશ્કિલકુશાની નઝર ચઢાવું.'

દીકરીએ કહ્યું,

'હા, હવે તો આપણે ખૂબ અમીર થઈ ગયાં છીએ. શું આપણે રંગબેરંગી મીઠાઈઓ ઉપર નઝર ન ચઢાવી શકીએ ?'

આ સાંભળીને મા ખામોશ થઈ ગઈ. કેટલાક દિવસો પછી બન્ને મા-દીકરી હમામ*માં ગુસલ કરવા માટે ગયાં. એવામાં એકદમ શોરબકોર થઈ ગયો કે હમામને ખાલી કરી નાખો કેમકે બાદશાહની બેગમ અને શાહઝાદી હમામમાં ગુસલ કરવા માટે તશરીફ લાવી રહી છે. તેથી બધા લોકો ચાલ્યા ગયા પરંતુ કઠિયારાની પત્ની અને છોકરી ત્યાંથી ચાલી ગઈ નહીં.

તેમણે કહ્યું,

'અમે તો મલ્લિકાથી પણ વધારે અમીર છીએ. અમે નહીં જઈએ.'

એ અરસામાં મલ્લિકા અને શાહઝાદી બન્ને જણ હમામમાં તશરીફ લાવ્યાં. તેમણે સાંભળ્યું તો હતું જ કે એક કઠિયારો ખૂબ જ અમીર થઈ ગયો છે. જ્યારે કઠિયારાની દીકરી હમામમાંથી બહાર નીકળી તો શાહઝાદીએ તેને જોઈ કે તેના ગળામાં મોતીઓનો ખૂબ જ કિંમતી હાર છે. શાહઝાદીએ પૂછ્યું,

'આ હાર તમે ક્યાંથી લીધો છે ?'

કઠિયારાની દીકરીએ કહ્યું,

'આવો, આપણે બન્ને સહેલીઓ બની જઈએ. આ હાર તમે લઈ લો. હું ઘેર જઈને બીજો હાર પહેરી લઈશ.'

શાહઝાદીએ કહ્યું,

'આપણે બન્ને સહેલીઓ બની ગઈ છીએ તેથી તમે મારા ઘેર ચોક્કસ આવતાં રહેજો.'

એક દિવસ કઠિયારાની દીકરી શાહઝાદીને મળવા માટે ગઈ. એ વખતે શાહઝાદી ગુસલ કરી રહી હતી. જ્યારે ગુસલ કરીને બહાર આવી તો નોકરાણીને કહ્યું,

'ખૂંટી ઉપર લટકાવેલો મારો હાર પણ લેતી

*એ જમાનામાં હમામખાનાં ઘરમાં નહીં પરંતુ જાહેરમાં હશે.

આવજે.'

નોકરાણીએ ખૂંટી ઉપર જોયું તો હાર ગાયબ હતો. શાહઝાદીએ કહ્યું,

'તેં જ હારની ચોરી કરી લાગે છે.'

નોકરાણીએ કહ્યું,

'આજ દિવસ સુધી મેં આપની કોઈ વસ્તુની ચોરી કરી નથી. આ કાર્ય આપની સહેલીનું છે.'

તેથી બાદશાહને બોલાવવામાં આવ્યો. તેણે કઠિયારાની દીકરી અને પત્નીને પૂછપરછ કરી તો તેમણે કહ્યું,

'જ્યારે અમે ગરીબ હતાં એ વખતે પણ અમે ચોરી કરી નથી. હવે અમે શા માટે ચોરી કરીએ ?'

પરંતુ બાદશાહને તેમના શબ્દો પર વિશ્વાસ ન બેઠો. એ જ વખતે હુકમ કર્યો કે બન્ને મા-બેટીને કેદખાનામાં પૂરી દો અને તેમના ઘરની આગળ દીવાલ ઊભી કરી દો.

આ બાજુ જ્યારે કઠિયારો હજ કરવા માટે ગયો તો રસ્તામાં ડાકૂઓએ તેની પાસે જે કંઈ હતું તે લૂંટી લીધું. તે હજ કર્યા વગર જ ઘેર પાછો આવ્યો. ઘેર આવીને જોયું તો તેના મહેલ આગળ દીવાલ ખડી છે. તેણે લોકોને પૂછ્યું,

'મારા ઘરનાં માણસો ક્યાં ગયાં ? અને આ મહેલની આગળ દીવાલ કેમ ઊભી કરી છે ?'

લોકોએ તેને જે કંઈ બન્યું હતું તે કહી સંભળાવ્યું. કઠિયારો બાદશાહની પાસે આવ્યો અને સઘળી હકીકત સાંભળી અને બાદશાહને કહેવા લાગ્યો,


**જાફરી આવાઝની વેબસાઈટ ઉપર જાહેરાત**

જાફરી આવાઝની વેબ સાઈટ ઉપર પોતાના ધંધાની જાહેરાત આપવા માગતા ભાઈઓએ નીચેના નંબર ઉપર સંપર્ક કરવો.

મો.૯૪૨૯૧૮૦૬૬૧


'ચોરી તો તેમણે ત્યારે પણ કરી ન હતી કે જ્યારે અમે ખૂબ જ ગરીબ હતાં. હવે શા માટે કરે?'

બાદશાહ કોઈ પણ રીતે ન માન્યો. કઠિયારાએ કહ્યું,

'જો આપ તેમને કેદમાંથી છોડી ન મૂકો તો મને પણ કેદ કરી લો કેમકે મને એ બાબત યોગ્ય લાગતી નથી કે મારી પત્ની અને દીકરી કેદમાં હોય અને હું ઘરમાં બેસી રહું.'

તેથી કઠિયારાને પણ કેદ કરી લીધો. જ્યારે રાત પડી તો કઠિયારાએ પોતાની પત્નીને બોલાવી અને પૂછ્યું,

'શું મારા ગયા પછી તું મૌલા મુશ્કિલકુશાની નઝર આપતી રહી છો ?'

તેમણે કહ્યું,

'ના.'

કઠિયારાએ કહ્યું,

'બસ, આ તે લાપરવાહીની જ સજા છે.'

પછી તો તેઓ આખી રાત તૌબા કરતાં રહ્યાં અને રડતાં રહ્યાં. જ્યારે ઊંઘ આવી ગઈ તો સ્વપ્નમાં જોયું કે તે જ નકાબપોશ તશરીફ લાવ્યા છે અને ફરમાવે છે,

'તમે નઝર આપવાનું ભૂલી ગયા હતા તેથી અલ્લાહનો અઝાબ તમારા પર ઉતર્યો છે.'

કઠિયારાએ કહ્યું,

'મારી પાસે નઝર આપવા માટે પૈસા હાજર નથી.'

તેમણે કહ્યું,

'તારી પથારી ઊંચી કર. તેની નીચેથી પાંચ પૈસા નીકળશે તેની મીઠાઈ મંગાવીને નઝર આપી દે જેથી તારી સઘળી મુસીબતો ટળી જશે.'

સવારે જ્યારે કઠિયારો જાગ્યો તો તેણે પોતાની પથારી ઊંચી કરી. પાંચ પૈસા નીકળ્યા. કેદખાનાના

દરવાજા પાસે જઈને ઊભો થઈ ગયો. તેણે એક નવજવાન છોકરાને ઘોડા ઉપર સવાર થયેલો આવતો જોયો. કઠિયારાએ તેને પૂછ્યું,

'અય નવજવાન ! મારા માટે પાંચ પૈસાની મીઠાઈ લઈ આવ.'

તેણે કહ્યું,

'ઘરડો થઈને કેદ થઈ ગયો છે છતાં હજુ તારે મીઠાઈ ખાવી છે ? આજે તો મારી શાદી છે હું બજારમાંથી મહેંદી, વગેરે ખરીદવા જઈ રહ્યો છું તેથી હું તમારું કાર્ય કરી શકતો નથી.'

તે છોકરો હજુ તો થોડા કદમ આગળ ચાલ્યો હતો ત્યાં તો ઘોડા ઉપરથી નીચે પડી ગયો અને નીચે પડતાંની સાથે જ મૃત્યુ પામ્યો. જ્યારે છોકરાના બાપને ખબર પડી કે તેનો દીકરો મરી ગયો છે તો તે રડતો રડતો કેદખાનાના દરવાજેથી પસાર થયો.

કઠિયારાએ તેને પણ એ જ સવાલ કર્યો કે મારા માટે પાંચ પૈસાની મીઠાઈ લાવી આપો. તેણે વિચાર્યું કે મારી સાથે જે થવાનું હતું એ તો થઈ ગયું. હવે હું આ કેદીનું કામ શા માટે ન કરું ?તેથી તેણે કઠિયારાને મીઠાઈ લાવીને આપી. તે મીઠાઈ ઉપર મૌલા મુશ્કિલકુશાની નઝર આપીને કઠિયારાએ તેને કહ્યું,

'તમે આટલા બધા દુઃખી કેમ દેખાઓ છો ?'

તેણે કહ્યું,

'મારો જવાન છોકરો મરી ગયો છે અને આજે તો એની શાદી હતી.'

કઠિયારાએ થોડીક મીઠાઈ તેને આપી અને કહ્યું કે તેને પાણીમાં પલાળીને છોકરાના મોઢામાં રેડી દેજો. તેથી પેલા માણસે એ મુજબ કર્યું. જેવું પાણીનું ટીપું છોકરાના ગળામાં ઉતર્યું કે તરત જ તે કલમો પઢતો પઢતો બેઠો થઈ ગયો.

આ બાજુ બપોરના સમયે જ્યારે બાદશાહ ખાવા માટે બેઠો તો જોયું કે એક સુંદર પક્ષી પોતાના મોઢામાં હાર લઈને આવી રહ્યું છે. પક્ષીએ પેલો હાર ખૂંટી ઉપર લટકાવી દીધો. બાદશાહ તો આ જોઈને આભો જ બની ગયો અને કહેવા લાગ્યો કે આમાં ચોક્કસ કોઈ રહસ્ય છુપાયેલું લાગે છે.

એ જ વખતે તેણે કઠિયારાને બોલાવ્યો. કઠિયારાએ રાત્રે બનેલ આખો પ્રસંગ બાદશાહને કહી સંભળાવ્યો. બાદશાહ ખૂબ જ ખુશ થયો અને પોતાના માથા ઉપરથી તાજ ઉતારીને કઠિયારાના કદમોમાં મૂકીને કહ્યું,

'આપ મારા બાપ અને હું આપનો બેટો છું. જ્યાં સુધી જીવતો રહીશ ત્યાં સુધી આપની ખિદમત કરતો રહીશ.'

**અય લંગરે સફીનએ એઅજાઝે અંબિયા,**
**અય મઝહરૂલ અજાએબ બરહક તેરે ફિદા,**
**મહેરૂમ કોઈ આપકે દરસે નહીં ગયા,**
**કિજીયે દૂર મુરાદ અતા હમકો ભી શહા.**

(કિતાબ : **'અલી અલી'**, પેજ-૫૫ થી ૫૯, ઉર્દૂમાંથી અનુવાદિત)

*


**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)



**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**

# ગેલેક્સી ઈન્ફોટેક

- ➞ **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- ➞ **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- ➞ **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- ➞ **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- ➞ **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- ➞ **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

**૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ**

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ અને આ પણ જાણી લો કે અલ્લાહનો રસૂલ તમારામાં મોજુદ છે; અગર તે ઘણી ખરી વાતોમાં તમારું કહ્યું માને તો તમે જરૂર કષ્ટમાં પડી જશો, પરંતુ અલ્લાહે ઈમાનને તમારા માટે પ્રિય બનાવ્યું છે, અને તે(ઈમાન)ને તમારા અંતઃકરણોમાં શોભાયમાન કરી રાખ્યું છે, અને નાસ્તિકપણું તથા અત્યાચાર તથા નાફરમાનીને તમારા માટે તિરસ્કારયુક્ત બનાવ્યાં છે; એ જ લોકો સન્માર્ગ ઉપર છે.

**(પારો-૨૬, સૂરએ હુજરાત, આયત-૭)**

✻ અને અગર મોમિનોના બે પક્ષો માંહે માંહે લડે તો તેમની વચ્ચે સમાધાન કરાવી દો, પછી જો તે બન્નેમાંથી એક(પક્ષ) બીજા ઉપર સખ્તાઈ કરે તો સખ્તાઈ કરનારની સાથે લડો, અહીં સુધી કે તે અલ્લાહના નિર્ણય તરફ રજૂ થાય, પછી જો તે રજૂ થાય તો તેમની વચ્ચે ન્યાયસર સમાધાન કરાવી દો અને ન્યાયથી વર્તો. નિઃસંશય અલ્લાહ ન્યાયથી વર્તનારાઓને દોસ્ત રાખે છે.

**(પારો-૨૬, સૂરએ હુજરાત, આયત-૯)**

✻ હે તે લોકો કે જેઓ ઈમાન લાવ્યા છો ! કોઈ કોમ બીજી કોમની હાંસી ઉડાડે નહીં કે કદાચને તેઓ (પરિણામમાં) તેમના કરતાં બેહતર હોય, તેમ સ્ત્રીઓ પણ (બીજી) સ્ત્રીઓની (હાંસી ઉડાડે નહીં) કે કદાચને તે તેમનાથી બેહતર હોય અને તમે ન આપસમાં ટોણા મારો, અને ન એકબીજાને બૂરા નામે બોલાવો; ઈમાન (લાવ્યા) પછી બૂરાં નામ રાખવાં ઘણી જ બૂરી વસ્તુ છે, અને જે (તેનાથી) તૌબા નહીં કરે તો એ જ લોકો જુલમગાર છે. **(પારો-૨૬, સૂરએ હુજરાત, આયત-૧૧)**

✻ હે ઈમાન લાવનારાઓ ! ઘણા તર્કવિતર્ક દોડાવવાથી બચો, નિઃસંશય કેટલાક તર્કો ગુન્હા છે, અને (એક બીજાની) સ્થિતિની તપાસ કરવાની કોશિશ કરો નહીં; શું તમારામાંથી કોઈ આ(કૃત્ય)ને પસંદ કરે છે કે તે પોતાના મરી ગયેલા ભાઈનું માંસ ખાય ? નહીં, બલ્કે એ(કૃત્ય) તો તમો બૂરુ જ સમજશો, અને અલ્લાહથી ડરો; બેશક અલ્લાહ મોટો તૌબા કબૂલ કરનાર (અને) દયાવાન છે. **(પારો-૨૬, સૂરએ હુજરાત, આયત-૧૨)**

✻ સિવાય તેના નથી કે મોમિન તે લોકો છે જે અલ્લાહ તથા તેના રસૂલ પર ઈમાન લાવ્યા બાદ તેઓ કદી શંકા કરતા નથી, અને અલ્લાહના માર્ગમાં પોતાના માલથી તથા પોતાના પ્રાણોથી જેહાદ કરે છે; એ જ લોકો (ઈમાનના દાવામાં) સાચા છે.

**(પારો-૨૬, સૂરએ હુજરાત, આયત-૧૫)**

✻ અને ઉપદેશ કર્યા કર, કારણ કે ઉપદેશ મોમિનોને અવશ્ય ફાયદો કરશે.

**(પારો-૨૭, સૂરએ ઝારિયાત, આયત-૫૫)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭